અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

19 JUNE-2026 FRIDAY | Vol. : 17 | Issue : 347 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

યુક્રેને રશિયા પર સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો: 1000થી વધુ ડ્રોન અને ક્રુઝ મિસાઈલો ઝીંકી, વિસ્ફોટમાં ઓઈલ ડેપો નષ્ટ....

4

રામ રાજ્યની વાતો કરતા સંગઠનો 'રામ લલાને લૂંટી રહ્યા છે'!

6

વિમેન્સ વર્લ્ડ કપમાં જંગી સ્કોર બાદ ડચ સામે ભારતનો વિજય

7

સોના અને ચાંદીના ભાવમાં મોટો કડાકો: ઓલ ટાઈમ હાઈથી કિંમતોમાં ભારે ઘટાડો, ખરીદી કરતા પહેલાં અસલી દાગીના...

# મોદી પેરિસ પહોંચ્યા, ભારતીય મૂળના લોકોએ સ્વાગત કર્યું

## G7 સમિટમાં ટ્રમ્પ બોલ્યા- મોદીના શાસનકાળમાં ભારત પર હુમલો થયો તો અમેરિકા સાથે ઊભું રહેશે

**પેરિસ, તા.18**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે મોડી રાત્રે લગભગ 2 વાગ્યે (ભારતીય સમય અનુસાર) પેરિસ પહોંચ્યા. તેઓ રાત્રે 12 વાગ્યે ફ્રાન્સના એવિયન શહેરમાં આયોજિત બે દિવસીય G7 સમિટમાં ભાગ લીધા બાદ રવાના થયા હતા.

પેરિસમાં હોટલની બહાર ભારતીય મૂળના લોકોએ પીએમ મોદીનું સ્વાગત કર્યું. મોદીએ લોકો સાથે હાથ મિલાવ્યા અને બાળકોને વહાલ પણ કર્યું. પીએમ ગુરુવારે સાંજે Vivatech 2026 કાર્યક્રમમાં ભાગ લેશે. તેમની સાથે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ હાજર રહેશે.

એક દિવસ પહેલા મોદી ફ્રાન્સના એવિયન શહેરમાં આયોજિત 52મી G7 સમિટમાં ભાગ લીધો હતો. તેમની અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે 18 મિનિટ દ્વિપક્ષીય વાતચીત થઈ. પીએમ મોદી અને ટ્રમ્પ ઉષ્માભેર મળ્યા.

ટ્રમ્પે વચન આપ્યું છે કે મોદીના શાસનકાળ દરમિયાન ક્યારેય ભારત પર હુમલો થાય તો અમેરિકા મદદ માટે સાથે ઊભું રહેશે. મોદી સિવાય અન્ય કોઈ નેતા ભારતમાં હશે તો મારે વિચારવું પડશે.

Vivatech યુરોપનું મોટું ટેકનિકલ સંમેલન છે, જ્યાં દુનિયાભરની નવી ઈન્ડસ્ટ્રીઝ, ટેકનિક કંપનીઓ, ઈન્વેસ્ટર અને એક્સપર્ટ નવી ટેકનિક અને ઈનોવેશનનું પ્રદર્શન કરે છે.

મુખ્યત્વે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતા, ડિજિટલ ટેકનોલોજી, સાયબર સુરક્ષા, ગ્રીન ટેકનોલોજી, રોબોટિક્સ, ભવિષ્યની ઉભરતી ટેકનોલોજીઓ પર ચર્ચા કરવામાં આવે છે.

અહીં ભારતનો રાષ્ટ્રીય મંડપ (ઈન્ડિયા પેવેલિયન) પણ સ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યાં દેશના સ્ટાર્ટઅપ્સ, નવીનતાઓ અને ટેકનિકલ સિદ્ધિઓનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

ખરેખર, પીએમ મોદીની 6 દિવસની ફ્રાન્સ અને સ્લોવાકિયા યાત્રાનો આજે અંતિમ દિવસ છે. મોદી 13-14 જૂન સુધી ફ્રાન્સના નીસ શહેરમાં હતા. ત્યારબાદ 14 થી 16 સુધી સ્લોવાકિયામાં રહ્યા. ત્યાંથી પાછા ફરીને એવિયનમાં G7 સમિટમાં ભાગ લીધો.



17 જૂને ફ્રાન્સના એવિયન શહેરમાં 52મી G7 સમિટનો બીજો દિવસ હતો. પીએમ મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય ચર્ચા થઈ. આમાં ટ્રમ્પે કહ્યું- જ્યાં સુધી હું પ્રેસિડેન્ટ છું, વ્હાઈટ હાઉસમાં મોદીનો હંમેશા સારો મિત્ર હાજર રહેશે.

ટ્રમ્પે પીએમ મોદીના વખાણ કરતા કહ્યું- જ્યાં સુધી મોદી નેતા છે, ભારત દરેક ક્ષેત્રમાં મોટી ભૂમિકા ભજવશે. મોદી શાંત અને જબરદસ્ત નેતા છે, પરંતુ હું મોદી જેવો નથી.

બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય નાવિકોના મૃત્યુનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે સમુદ્રમાં ભારતીયોની સુરક્ષા જરૂરી છે. આશા છે કે ઈરાન સાથેની ડીલમાં ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવશે.

પીએમ મોદીએ G7 સમિટમાં 16 જૂન અને 17 જૂન બંને દિવસે હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય નાવિકોના મોતનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે સમિટના પહેલા દિવસે મંગળવારે આઉટરીચ સેશનમાં કહ્યું હતું કે આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગમાં ઘણા ભારતીયોએ જીવ ગુમાવ્યા છે અને વૈશ્વિક વેપારને જોડતા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ તમામ દેશોની જવાબદારી છે.

G7 સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેટલાક મુખ્ય વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી. તેમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં, જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ, યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા ફોન ડેર લેયેન, સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીનો સમાવેશ થાય છે. આ નેતાઓ સાથેની બેઠકોમાં વેપાર, રોકાણ, ઊર્જા, ટેકનોલોજી, વૈશ્વિક સુરક્ષા અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા થઈ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 14 થી 16 જૂન સુધી સ્લોવાકિયાના પ્રવાસે રહ્યા હતા. 15 જૂને તેમને સ્લોવાકિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ડબલ ક્રોસ (ફર્સ્ટ ક્લાસ)'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને રાજધાની બ્રાતિસ્લાવામાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

સન્માન મળવા પર પીએમ મોદીએ X પોસ્ટમાં લખ્યું - તેઓ આ માટે સ્લોવાકિયાની સરકાર અને ત્યાંના લોકોના આભારી છે. આ સન્માન ભારતના 140 કરોડ લોકોનું છે અને તેને ભારત-સ્લોવાકિયાની મજબૂત અને સ્થાયી મિત્રતાને સમર્પિત કરે છે.

આ પહેલા મોદી અને સ્લોવાકિયન પીએમ રોબર્ટ ફિકો વચ્ચે વાતચીત બાદ દ્વિપક્ષીય ડિફેન્સ અને ટ્રેડ ડીલ થઈ હતી. બ્રાતિસ્લાવાના મહેલમાં સ્લોવાકિયાના પીએમ રોબર્ટ ફિકો સાથે મુલાકાત બાદ મોદીએ ફિકોને ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

ભારત અને સ્લોવાકિયાએ દ્વિપક્ષીય સંબંધોને 'વ્યાપક ભાગીદારી' (કોમ્પ્રિહેન્સિવ પાર્ટનરશિપ) ના સ્તર સુધી અપગ્રેડ કરવાનો નિર્ણય કર્યો. બંને દેશો વચ્ચે પ્રવાસન, ડિજિટલ ટેકનોલોજી, સંરક્ષણ, શિક્ષણ તથા અન્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે 11 કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

# પરિમલ નથવાણી ઝારખંડથી રાજ્યસભામાં ચૂંટાયા: ચોથી ટર્મ માટે અપક્ષ સાંસદ તરીકે પસંદ પામ્યા

**રાંચી, તા.18**

પરિમલ નથવાણી ઝારખંડ રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા ચોથી ટર્મ માટે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા છે. રાજ્યમાં બે રાજ્યસભા બેઠકો માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં હતા. પરિમલ નથવાણી અગાઉ 2008 અને 2020 વચ્ચે ઝારખંડથી અપક્ષ સાંસદ તરીકે બે ટર્મ સુધી સેવા આપી ચૂક્યા છે, અને તેઓ રાજ્યસભાના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા અપક્ષ સાંસદ હોવાનો રેકોર્ડ ધરાવે છે. વર્ષ 2020માં આંધ્રપ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યા બાદ, તેમનું ઝારખંડથી ફરીથી ચૂંટાઈ આવવું એ આ રાજ્યમાં તેમની મહત્વપૂર્ણ વાપસી છે. નથવાણીએ ઝારખંડને ઘણા લાંબા સમય અગાઉથી જ પોતાની 'કર્મભૂમિ' તરીકે જાહેર કરી છે. રાજ્ય માટે પોતાના વિઝન અને ભવિષ્યના વિકાસના રોડમેપ વિશે પરિમલ નથવાણીએ કહ્યું હતું કે: 'અહીં એક દાયકાથી વધુ સમય વિતાવ્યા બાદ, ઝારખંડ હવે મારા માટે નવું સ્થળ નથી. તે મારી કર્મભૂમિ છે. રાજ્યસભામાં ફરી એકવાર અહીંના લોકોની સેવા કરવાની મને તક મળી તે બદલ હું ખૂબ આભારી છું. આગળ વધતાં, હું મારું ધ્યાન ગ્રામીણ વિસ્તારો તરફ કેન્દ્રિત કરીશ, જ્યાં અમે મજબૂત કૌશલ્યવર્ધન કાર્યક્રમો ચલાવીને તેમજ કુટીર ઉદ્યોગને પુનર્જીવિત કરીને એકદમ પાયાના સ્તરે આજીવિકાની ટકાઉ તકોનું સર્જન કરવા માગીએ છીએ.



ગ્રામીણ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ, આરોગ્યસંભાળ સુવિધાઓ અને શિક્ષણનો વિકાસ કરવા પર મારું ધ્યાન કેન્દ્રિત રહેશે.' પોતાની અગાઉની બે ટર્મ દરમિયાન નથવાણીએ સીમાચિહ્ન સ્થાપિત કર્યા હતો, જેમાં તેમણે સાંસદ આદર્શ ગ્રામ યોજના (SAGY) માટે સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ (MPLAD) ફંડના લગભગ 100 ટકા હિસ્સાનો ઉપયોગ ગ્રામીણ વિકાસ, માળખાંગત સુવિધાઓની સ્થાપના, શિક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા પાછળ કર્યો હતો. SAGY હેઠળ તેમના દ્વારા દત્તક લેવામાં આવેલી ત્રણ આદર્શ ગ્રામ પંચાયતો બડામ-જરાટોલી, ચુટ્ટુ અને બરવાડાગ તેમજ ત્યાં કરાયેલા વિકાસના કાર્યો અનુકરણીય રહ્યા છે. રાજ્યમાં તેમનું સૌથી મોટું યોગદાન એ હતું કે તેમણે પોતાના સાંસદ ભંડોળ જ નહીં પણ પોતાના વ્યક્તિગત ફંડમાંથી પણ IIM-રાંચી માટે 600 લોકોની બેઠક ક્ષમતા ધરાવતો અત્યાધુનિક સેમિનાર હોલ બનાવવા રૂ. 15 કરોડ આપ્યા હતા.

# પ્રિયંકાનો આરોપ- NEET વિદ્યાર્થીઓ પાસેથી ₹1.32 લાખ કરોડ વસૂલ્યા: આ રકમ શિક્ષણ બજેટના લગભગ બરાબર

**નવી દિલ્હી, તા.18**

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો કે દર વર્ષે NEET પરીક્ષા આપતા 22 લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પાસેથી વ્યવસ્થા દ્વારા 1.32 લાખ કરોડ ખર્ચ કરાવવામાં આવે છે. આ રકમ દેશના સમગ્ર શિક્ષણ બજેટ 1.40 લાખ કરોડની લગભગ બરાબર છે. પ્રિયંકા ગાંધીએ બુધવારે રાત્રે X પોસ્ટમાં એ પણ લખ્યું કે - હું એક વાત વધુ ઉમેરવા માંગુ છું કે ભારત સરકારે પોતાના માનીતા ઉદ્યોગપતિઓની જે લોન માફ કરી, તે 16 લાખ કરોડ રૂપિયા છે. પ્રિયંકાની આ ટિપ્પણી રાહુલ ગાંધીના કોટા પ્રવાસ પછી આવી. રાહુલે બુધવારે 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં શિક્ષણ વ્યવસ્થામાં વધતા દબાણો પર ચર્ચા કરી હતી.

આ તરફ, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ NEET રી-એક્ઝામના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે. હવે ઉમેદવારો બેંક ખાતાનું વેરિફિકેશન પૂર્ણ કર્યા વિના પણ પોતાનું એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. રાહુલ ગાંધીએ 17 જૂને



કોટાના દશેરા મેદાનમાં 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમમાં સેંકડો વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી. તેમણે કહ્યું કે હિન્દુસ્તાનની શિક્ષણ વ્યવસ્થા પોતાના બાળકો પર દબાણ કરે છે. આ તેમને તણાવ આપે છે. હું ઈચ્છું છું કે આપણે બધા મળીને તેની સામે લડીએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ બાળકને આવું (આત્મહત્યા જેવું) આત્મઘાતી પગલું ન ભરવું પડે.

રાહુલ ગાંધીએ કહ્યું કે પાંચ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં તમારા પરિવારોના ખિસ્સામાંથી એટલા પૈસા છીનવી લેવામાં આવે છે, જેટલું પાંચ મંત્રાલયોનું બજેટ છે. NEET, JEE સહિત 5 પરીક્ષાઓની તૈયારી પર પરિવારોના ખિસ્સામાંથી 5 લાખ કરોડ રૂપિયા જતા રહે છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ NEET (UG) 2026 રી-એક્ઝામના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાની પ્રક્રિયામાં મોટો ફેરફાર કર્યો છે. હવે ઉમેદવારો બેંક ખાતાનું વેરિફિકેશન પૂર્ણ કર્યા વિના પણ પોતાનું એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. પહેલા આ શરતના કારણે ઘણા વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. NTA એ બુધવારે X પર પોસ્ટમાં જણાવ્યું કે- વિદ્યાર્થીઓ પહેલા પોતાનું એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે અને પછી પરીક્ષા ફી રિફંડ પ્રક્રિયા માટે જરૂરી બેંક ખાતાનું વેરિફિકેશન પૂર્ણ કરી શકે છે. બેંક વેરિફિકેશન પછીથી કરવા છતાં પણ ઉમેદવારો ફી રિફંડ માટે સંપૂર્ણપણે પાત્ર રહેશે.

NTA એ જણાવ્યું કે જો બેંક વિગતો પેન્ડિંગ હોવાને કારણે વિદ્યાર્થીઓ પહેલા એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકતા ન હતા, તો હવે તરત જ એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે. બેંક ખાતાનું વેરિફિકેશન પછીથી પૂર્ણ કરી શકે છે અને તેમ છતાં ફી રિફંડ પ્રક્રિયા માટે પાત્ર રહેશે. NEET-UG 2026 ની ફરીથી પરીક્ષા 21 જૂને યોજવામાં આવશે. ફરીથી પરીક્ષા એક જ શિફ્ટમાં બપોરે 2 વાગ્યાથી સાંજે 5:15 વાગ્યા સુધી યોજાશે.

# ઉદ્ધવની શિવસેનાની બેઠકમાં માત્ર 3 સાંસદ પહોંચ્યા: બાકીના 6 સાંસદને નોટિસ આપી

- **બળવાખોરોને Y+ સુરક્ષા મળી, સંજય રાઉતે સતત બીજા દિવસે ગાળો આપી**

**મુંબઈ, તા.18**

દિલ્હીમાં શિવસેના (યુબીટી) ની સંસદીય દળની બેઠક યોજાઈ. બેઠકમાં 9માંથી માત્ર 3 લોકસભા સાંસદો અનિલ દેસાઈ, અરવિંદ સાવંત અને રાજાભાઉ વાજે પહોંચ્યા. પાર્ટીએ તેના તમામ લોકસભા સાંસદોને વ્હીપ જાહેર કરીને દિલ્હીમાં યોજાનારી બેઠકમાં હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો. બેઠકમાં પહોંચેલા સાંસદ અરવિંદ સાવંતે કહ્યું કે જે સાંસદો નથી આવ્યા, પાર્ટી તેમની વિરુદ્ધ નોટિસ જાહેર કરશે. યુબીટીના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું કે અમારા સાંસદોનું અપહરણ કરવામાં આવ્યું છે. જે બેઠકમાં આવશે તે અમારી સાથે છે, જે નહીં આવે તે ગદ્દાર.

ગૃહ મંત્રાલયે મહારાષ્ટ્ર પોલીસને 6 બળવાખોર સાંસદોની Y+ સુરક્ષા વધારવાનો નિર્દેશ આપ્યો છે. સૂત્રો અનુસાર, 6 સાંસદોએ બુધવારે સવારે 9:30 વાગ્યે લોકસભા સ્પીકર ઓમ બિરલાને શિંદે જૂથમાં વિલય માટે પત્ર મોકલ્યો. બીજી તરફ, સંજય રાઉતે સતત બીજા દિવસે બળવાખોર સાંસદોને ગાળો આપી. 17 જૂન- બુધવારે સવારે શિંદે જૂથના સચિવ કિરણ પાવસ્કર અને એક મંત્રીએ દાવો કર્યો હતો કે ઉદ્ધવ જૂથના 6 સાંસદોએ એક અલગ જૂથ બનાવવાના પત્ર પર સહી કરી છે. દિલ્હીમાં સંજય રાઉત, અનિલ દેસાઈ અને અરવિંદ સાવંતે લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે મુલાકાત કરી હતી.

રાઉતે આ પછી વાંધાજનક શબ્દોનો ઉપયોગ કરતા કહ્યું કે આ બેઈમાન લોકો છે, બેઈમાની તેમના લોહીમાં છે. રાઉતે બાદમાં સ્પષ્ટતા કરતા કહ્યું કે મરાઠીમાં આવા શબ્દો સામાન્ય બોલચાલનો ભાગ છે. શિવસેનામાં ચાર વર્ષમાં આ બીજી મોટી તૂટ છે. જૂન 2022માં એકનાથ શિંદેના નેતૃત્વમાં 39 ધારાસભ્યોએ



બળવો કરીને શિવસેનાનું અલગ જૂથ બનાવ્યું હતું.

16 જૂન- સંજય રાઉતે સોશિયલ મીડિયા (X) પર દાવો કર્યો કે સાંસદોને તોડવા માટે ભારે દબાણ બનાવવામાં આવી રહ્યું છે. તેમણે લખ્યું કે મહારાષ્ટ્રના સાંસદોને તોડવા માટે 50 કરોડની ઓફર આપવામાં આવી છે, જેમાંથી 15 કરોડની એડવાન્સ રકમ આજે રાત્રે આપવામાં આવી રહી છે. શિવસેના (UBT)ના સાંસદ અરવિંદ સાવંતે લોકસભા સ્પીકર ઓમ બિરલાને એક ઈમેલ મોકલ્યો. તેમાં માંગ કરવામાં આવી કે જો કોઈ બળવાખોર જૂથ અલગ બ્લોક અથવા કોઈ પાર્ટીમાં વિલયનો દાવો કરે, તો ઉદ્ધવ જૂથનો પક્ષ સાંભળ્યા વિના કોઈ નિર્ણય ન લેવાય.

15 જૂન- મીડિયા અને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની કે ઉદ્ધવ જૂથના 6 લોકસભા સાંસદો પક્ષ બદલીને એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં સામેલ થઈ શકે છે. આને 'ઓપરેશન ટાઈગર' નામ આપવામાં આવ્યું. UBT સાંસદ સંજય રાઉતે પ્રેસ કોન્ફરન્સ કરીને આ અફવાઓને સંપૂર્ણપણે નકારી કાઢી. લોકસભામાં શિવસેના (UBT)ના 9 સાંસદો છે. પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ, કોઈ પક્ષમાં ભંગાણ પછી ગેરલાયકાત ટાળવા માટે ઓછામાં ઓછા બે-તૃતીયાંશ સાંસદોનો સાથ હોવો જરૂરી છે.

એટલે કે, જો 9 માંથી 6 સાંસદો એકસાથે અલગ થવાનો નિર્ણય કરે છે, તો તેઓ પોતાને કાયદેસર જૂથ ગણાવવાનો દાવો કરી શકે છે. આ જ કારણોસર, 6 સાંસદોના બળવાખોર બનવાના સમાચાર રાજકીય અને કાનૂની, બંને દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. આગળ જતાં, આ સાંસદોને અન્ય કોઈ પક્ષમાં વિલીનીકરણની પ્રક્રિયા પણ પૂર્ણ કરવી પડી શકે છે, જેથી તેમની સ્થિતિ કાયદેસર રીતે વધુ મજબૂત બની શકે. ચોમાસુ સત્ર પહેલા લોકસભામાં સંખ્યાબળ વધારવાની રાજકીય કવાયત તેજ બની છે. પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્ર પછી હવે તમિલનાડુમાં DMKને આગામી લક્ષ્ય માનવામાં આવી રહ્યું છે. સૂત્રો મુજબ, બે તૃતીયાંશ બહુમતી મેળવીને સીમાંકન (850 બેઠકો કરવા), મહિલા અનામતના અમલીકરણ અને 'વન નેશન, વન ઈલેક્શન' જેવા મોટા બંધારણીય ફેરફારોનો માર્ગ સરળ બનાવવાનો હેતુ છે. એવું કહેવાય છે કે ગયા સત્રમાં સીમાંકન સહિતના મહત્વના બિલો પર જરૂરી સમર્થન ન મળ્યા પછી સરકારે સંખ્યાબળ વધારવાની રણનીતિ બનાવી છે. ચર્ચા છે કે TMC અને શિવસેના (UBT)ના કેટલાક સાંસદો પક્ષ બદલી શકે છે.આનાથી લોકસભામાં NDAની સંખ્યા વધી શકે છે. જોકે, બે તૃતીયાંશ બહુમતી માટે હજુ વધુ સાંસદોના સમર્થનની જરૂર પડશે.



# એલ.ડી. એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી જ મળી લાખોની નોકરી

## 200થી વધુ કંપની પ્લેસમેન્ટમાં જોડાઈ, 1000 જેટલા વિદ્યાર્થીઓને જોબ ઓફર કરી, સૌથી વધુ 25.93 લાખ સુધીનું પેકેજ

**અમદાવાદ, તા.18**

એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ કરવામાં આવ્યું છે. સતત બીજા વર્ષે એક હજાર કરતા વધુ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે. આ વર્ષ 2026ના પ્લેસમેન્ટ સીઝનમાં વિદ્યાર્થીઓએ ફરી એકવાર શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. તેમજ ઈતિહાસમાં પ્રથમ વખત આ વર્ષે પ્લેસમેન્ટ પ્રક્રિયામાં સૌથી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો. આ વર્ષે કુલ 227 કંપનીઓએ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જ્યાર ગયા વર્ષે માત્ર 161 કંપનીઓએ ભાગ લીધો હતો તેમજ કંપની દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા પેકેજમાં પણ ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.

એન્જિનિયરિંગ કર્યા બાદ નોકરી જ ન મળતી હોવાની ચર્ચા થઈ રહી છે. પરંતુ એલડી એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ જોયા બાદ તે બધી બાબતો ખોટી સાબિત થઈ રહી છે. કારણ કે સતત બીજા વર્ષે એક હજાર જેટલા વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ કોલેજ લેવલ જ કરવામાં આવ્યું છે. મહત્વની બાબત એ છે કે અત્યાર સુધીના ઈતિહાસમાં પહેલી વખત 227 કંપનીઓએ આ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જેમાં 2026માં પાસ આઉટ થયેલા એક હજાર વિદ્યાર્થીઓનું અલગ-અલગ કંપનીઓમાં પ્લેસમેન્ટ કરવામાં આવ્યું છે.

ગયા વર્ષે સૌથી વધુ પેકેજ 19 લાખ સુધી વિદ્યાર્થીને આપવામાં આવ્યું હતું. જ્યારે આ વર્ષે તેની સામે વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પેકેજમાં પણ ધરખમ વધારો થયો છે. વિદ્યાર્થીઓને મળેલા પેકેજની વાત કરીએ તો આ વર્ષે હાઈએસ્ટ પેકેજ 25.93 લાખ રૂપિયા પ્રતિ વર્ષ સુધી પહોંચ્યું છે. જે ગયા વર્ષના 18.06 લાખ રૂપિયાના પેકેજ કરતાં ખૂબ વધુ આપવામાં આવ્યું છે. સૌથી વધુ પેકેજ hackerrank દ્વારા ઓફર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ Futures First દ્વારા 17.03 લાખ રૂપિયાનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે.




Cadence Design Systems દ્વારા 14 લાખ અને Micron દ્વારા 13.17 લાખ રૂપિયાનું પેકેજ વિદ્યાર્થીને આપવામાં આવ્યું હતું. IT, કમ્પ્યુટર, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા વિભાગોના વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં ઓફરો મળી હતી. જેમાં મિકેનિકલ એન્જિનિયરિંગમાં 136 અને કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં 126 વિદ્યાર્થીઓને, ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં 115 વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે. સૌથી ઓછી પ્લેસમેન્ટ રબર ટેક્નોલોજીમાં વિદ્યાર્થીઓને મળ્યું છે તેમજ તેમાં પેકેજની ઓફર પણ ખૂબ ઓછી કરવામાં આવી છે. જેથી આ દર્શાવે છે કે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને નોકરી માટેની તકો ખૂબ જ છે પરંતુ તેમની પાસે કંપનીઓને જોઈએ તેવું કૌશલ્ય હોવું ખૂબ જ જરૂરી છે.

પ્લેસમેન્ટના વિતરણ પર નજર કરીએ તો કુલ ઓફરોમાંથી 88 ટકા ઓફરો ઓન-કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા મળી છે. જ્યારે માત્ર 12 ટકા ઓફરો ઓફ-કેમ્પસ માધ્યમથી મળી છે. પગાર ધોરણ મુજબ 20 ટકા વિદ્યાર્થીઓને 7 લાખથી વધુનું વાર્ષિક પેકેજ મળ્યું છે. જ્યારે 19 ટકા વિદ્યાર્થીઓને 6 થી 7 લાખ અને 16 ટકા વિદ્યાર્થીઓને 5 થી 6 લાખ વચ્ચેનું પેકેજ મળ્યું છે. આ આંકડા દર્શાવે છે કે માત્ર પ્લેસમેન્ટની સંખ્યા જ નહીં, પરંતુ સારી એવી પેકેજની ઓફર પણ વિદ્યાર્થીઓને મળી રહી છે. કોલેજના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી તાલીમ, ઈન્ડસ્ટ્રી ઈન્ટરએક્શન અને સ્કિલ ડેવલપમેન્ટ કાર્યક્રમોના કારણે વિદ્યાર્થીઓને ફાયદો થયો છે.

કુલ ઓફરોમાં 66 ટકા ઓફરો IT સેક્ટરમાંથી જ્યારે 34 ટકા ઓફરો કોર એન્જિનિયરિંગ ક્ષેત્રમાંથી મળી છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી IT ક્ષેત્રનું પ્રભુત્વ જોવા મળે છે, તેમ છતાં કોર સેક્ટરમાં પણ ભરતીની તકો સતત વધી રહી છે. ઉદ્યોગોની વધતી ભાગીદારી અને વિદ્યાર્થીઓની તૈયારીને જોતા આગામી વર્ષોમાં એલડી કોલેજ વધુ મોટા પ્લેસમેન્ટ રેકોર્ડ સ્થાપે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાત સરકાર સંચાલિત આ સંસ્થાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે સરકારી એન્જિનિયરિંગ કોલેજો પણ દેશની અગ્રણી સંસ્થાઓની હરોળમાં સ્થાન મેળવી શકે છે.

એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલ નિલય ભૂપતાણીએ જણાવ્યું હતું કે, અનેક કંપનીઓ દર વર્ષે એલડી એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી જ જોબ ઓફર કરે છે. દર વર્ષે જુલાઈ મહિનામાં આ પ્લેસમેન્ટ ગોઠવવામાં આવતું હોય છે. મહત્વની બાબત એ છે કે સતત બીજા વર્ષે 1000 જેટલા વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ કેમ્પસમાંથી જ કરવામાં આવ્યું છે. પોર એન્જિનિયરિંગની દરેક બ્રાન્ચમાં 80% જેટલું પ્લેસમેન્ટ જોવા મળી રહ્યું છે. કોમ્પ્યુટર, આઈટી, EC, રબર પ્લાસ્ટિક સહિતની વિદ્યા શાખાઓમાં ખૂબ સારા પ્લેસમેન્ટ જોવા મળ્યા છે. વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પેકેજને લઈને નિલય ભૂપતાણીએ જણાવ્યું હતું કે, સૌથી વધુ પ્લેસમેન્ટ 25 લાખ કરતા વધુનું મળ્યું છે. તેમજ 15 થી 17 લાખ સુધીના પ્લેસમેન્ટ પણ ઘણા વિદ્યાર્થીઓના થયા છે.

# બનાસકાંઠામાં વીજ તાર પડતાં પિતા-પુત્રના મોત: ગોંડલ, અમરેલી, વડોદરામાં પણ વરસાદ

**ગાંધીનગર, તા.18**

ગુજરાતમાં કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટ વચ્ચે પ્રિ-મોનસૂન એક્ટિવિટીનો ધમાકેદાર પ્રારંભ થયો છે. 17 જૂનના રોજ રાજ્યના બનાસકાંઠા, મહીસાગર, દાહોદ, નવસારી, છોટાઉદેપુર, આણંદ, ગોધરા, અરવલ્લી સહિત અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે ધોધમાર વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં પણ રાત્રિના વરસાદી માહોલ છવાયો હતો અને સામાન્ય છાંટા વરસ્યા હતાં.

આજે વહેલી સવારથી ગોંડલ, જામનગર, અમરેલી, વડોદરા, બનાસકાંઠા સહિતના વિસ્તારમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાયા બાદ અચાનક વરસાદ શરૂ થતાં લોકોને છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમી અને બફારાથી રાહત મળી છે. બીજી તરફ બનાસકાંઠાના વડગામ તાલુકાના સકલાણા ગામેથી દુઃખદ ઘટના સામે આવી છે. ગત રાત્રે ખેતરમાં જઈ રહેલા પિતા-પુત્ર પર વીજળીનો તાર પડતાં ઘટનાસ્થળે જ બંનેના મોત નીપજ્યા હતા.

હાલમાં પવન અને વાદળછાયા વાતાવરણના કારણે રાજ્યના તાપમાનમાં 2 ડિગ્રી સુધીનો ઘટાડો



નોંધાતાં લોકોને ગરમીથી થોડી રાહત મળી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં રાત્રિ દરમિયાન સૌથી વધુ 5.78 ઈંચ (147mm) ધોધમાર વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત કોઠંબામાં 1 ઈંચ (26mm), લુણાવાડામાં 19mm, વીરપુરમા 11mm, ગોધરામાં 09mm અને ખાનપુરમાં 03mm વરસાદ નોંધાયો છે. બનાસકાંઠાના અમીરગઢ અને પાલનપુરમાં ભારે પવનના કારણે વૃક્ષો ધરાશાયી થયા હતા. પંચમહાલના ગોધરા, છોટાઉદેપુર, આણંદના બોરસદ અને પેટલાદ પંથકમાં પણ મોડીરાત્રે ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. અમદાવાદના એસ.પી. રિંગ રોડ પર વૈષ્ણોદેવી સર્કલ અને ઓગણજ આસપાસ પણ વરસાદી છાંટા પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

## અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં રેગિંગ

# સિનિયર દ્વારા જુનિયર ડોકટરનું રેગિંગ કરાયું, ઓર્થોપેડિક વિભાગના 3 વિદ્યાર્થી 6 મહિના થી 1 વર્ષ માટે સસ્પેન્ડ

**અમદાવાદ, તા.18**

અમદાવાદની નામાંકિત બી.જે. મેડિકલ કોલેજમાં રેગિંગનો મામલો સામે આવ્યો છે. જુનિયર વિદ્યાર્થી દ્વારા સિનિયર સામે 8 જૂને ફરિયાદ કરવામાં આવી હતી. જે મામલે એન્ટી રેગિંગ કમિટીને તપાસ સોંપવામાં આવી હતી. તપાસ રિપોર્ટ બાદ ઓર્થોપેડિક વિભાગના ત્રણ વિદ્યાર્થીઓને 6 મહિનાથી 1 વર્ષ માટે સસ્પેન્ડ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સામે કરવામાં આવેલી કાર્યવાહીની માહિતી ખુદ આરોગ્યમંત્રી દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી આપવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ અમદાવાદની બી જે મેડિકલ કોલેજમાં 8 જૂનના રોજ ઓર્થોપેડિક વિભાગના 3 સિનિયર ડોક્ટરો દ્વારા પ્રથમ વર્ષના જુનિયર ડોક્ટરનું રેગિંગ કરવામાં આવ્યું હતું. જે બાદ જુનિયર ડોક્ટર દ્વારા તંત્રને ફરિયાદ કરવામાં આવતા તપાસ કરવામાં આવી હતી. એન્ટી રેગિંગ કમિટીની તપાસ બાદ રિપોર્ટ તૈયાર



કરવામાં આવ્યો હતો. જે બાદ રિપોર્ટ આરોગ્ય વિભાગને સોંપવામાં આવ્યો હતો.

રેગિંગ કમિટી દ્વારા આરોગ્ય વિભાગને પગલા લેવા રિપોર્ટ કરાયો હતો. એન્ટી રેગિંગ કમિટીના રિપોર્ટ બાદ વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના આદેશ બાદ કાર્યવાહી કરવામાં આવી છે. ઓર્થોપેડિક વિભાગના 3 વિદ્યાર્થીઓને 6 મહિનાથી 1 વર્ષ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રેગિંગની ફરિયાદને લઈને સરકાર અને આરોગ્ય વિભાગે ગંભીરતાથી લીધી છે. વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને ભયમુક્ત શૈક્ષણિક વાતાવરણ જાળવવા માટે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. રેગિંગ જેવી અસામાજિક પ્રવૃત્તિઓથી દૂર રહેવા વિદ્યાર્થીઓને અપીલ પણ કરવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને સંવેદના અને સહકારની ભાવના સાથે આગળ વધવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરી છે.

# શહેરમાં પીસીબીનો સપાટો: નોબલનગરમાં આવાસ યોજનાના ત્રણ મકાનમાંથી 2835 દારૂ-બિયરની બોટલો મળી......

**અમદાવાદ, તા.18**

શહેરમાં વિદેશી દારૂની હેરાફેરી વધી રહી છે ત્યારે પોલીસ કમિશનરની PCB સ્ક્વોડ દ્વારા સરદારનગર અને દાણીલીમડા વિસ્તારમાં દરોડો પાડીને મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. નોબલ નગરમાં આવેલા વાલ્મિકી આવાસ યોજનાના 3 મકાનોમાં દીપુ સિંધી અને શ્રવણ ઉર્ફે બલાજી ઠાકોર દ્વારા દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો પોલીસે 8.67 લાખની કિંમતની 2835 જેટલી બોટલો કબજે કરી છે.

જ્યારે દાણીલીમડા વિસ્તારમાં આલિસન કોમ્પ્લેક્સ ના પાર્કિંગમાં રીક્ષા માંથી દારૂ અને બિયરની ટીન મળી આવી હતી જેને કબ્જે કરવામાં આવી છે. પીસીબી દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી તેમની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ કમિશનરની પીસીબી સ્ક્વોડના પી.આઈ જેપી જાડેજાની ટીમને બાતમી મળી હતી કે, શહેરના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા નોબલનગરમાં વાલ્મિકી આવાસ યોજનાના મકાનોમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડવામાં આવેલો છે. જેના આધારે ટીમ દ્વારા વાલ્મિકી આવાસ



યોજના ખાતે તપાસ કરવામાં આવી હતી. બ્લોક નંબર 14ના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર સીડીની બાજુની જગ્યામાં લોખંડની જાળી બનાવવામાં આવેલી હતી. જેમાં તાળું મારેલું હતું જે બાબતે ચેરમેન સેક્રેટરીને પૂછતા તેમણે ચાવી કોની પાસે છે તેની માહિતી આપી નહોતી. જેથી પોલીસે તાળું તોડી અને તેમાં રહેલા પૂંઠાના બોક્સ ખોલીને જોતા તેમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પીસીબી ટીમે આવાસ યોજનાના બ્લોક નંબર 15માં ગ્રાઉન્ડ ફ્લોરના મકાનમાં અને પહેલા માળે આવેલા મકાનમાં અને બ્લોક નંબર 17માં પ્રથમ માળે આવેલા મકાનમાં તપાસ કરી હતી ત્યારે ત્રણેય મકાનમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે તમામ વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. વિદેશી દારૂનો જથ્થો કબજે કરી અને એરપોર્ટ નજીક આવેલી પોલીસ ચોકી પાસે લાવીને ગણતરી કરતા 2835 જેટલી બોટલો જેની કિંમત રૂપિયા 8.37 લાખ થઈ હતી.

વાલ્મિકી આવાસ યોજનામાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર સીડી પાસેની જગ્યામાં લોખંડની જાળી બનાવવી અને આ ત્રણેય મકાન કોના છે તે અંગે પૂછપરછ કરી હતી જોકે કોઈપણ વ્યક્તિ ત્યાં બોલવા તૈયાર નહોતું ત્યારે પોલીસને કોઈ પણ વ્યક્તિ આ મકાન કોનું છે અને તેમાં કોણે દારૂનો જથ્થો છુપાવ્યો છે, તે બાબતે પૂછતા દારૂનો જથ્થો શ્રવણ ઉર્ફે બલાજી ઠાકોર અને દીપુ સિંધીનો હોવાનું જણાવ્યું હતું. બંને દ્વારા આ વિદેશી દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં આવ્યો હતો જેથી પોલીસે બંને વિરુદ્ધ સરદાર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી ધરપકડની તજવીજ હાથ ધરી છે

પીસીબીની ટીમને દાણીલીમડા વિસ્તારમાં પણ દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવા અંગેની બાતમી મળી હતી. દાણીલીમડા ચાર રસ્તાની બાજુમાં આવેલા આલીશાન કોમ્પલેક્ષના પાર્કિંગમાં રીક્ષામાં દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો જેથી પોલીસે ત્યાં દરોડો પાડીને રીક્ષામાંથી 72 જેટલી વિદેશી દારૂની બોટલો અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આસ્ટોડિયા વિસ્તારમાં રહેતા આરીફ શેખ નામના વ્યક્તિ વિરુદ્ધ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ બાદ ભાવનગર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓનું રેગિંગ

## ■ જુનિયર પાસેથી સિનિયર્સ પૈસા પડાવતા અને મુર્ગા બનાવતા, એન્ટિ રેગિંગ કમિટીની બેઠક મળી

**ભાવનગર, તા.18**

અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ બાદ હવે ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં પણ જુનિયર વિદ્યાર્થીઓ દ્વારા સિનિયર સામે રેગિંગની ફરિયાદ કરવામાં આવી છે. ઓર્થોપેડિક વિભાગના ફર્સ્ટ યરના 13 વિદ્યાર્થીઓ દ્વારા 6 સિનિયર વિદ્યાર્થીઓ સામે ફરિયાદ કરવામાં આવી છે. સિનિયર વિદ્યાર્થીઓ જુનિયર પાસે પૈસા માગતા હોવાનો અને મુર્ગા બનાવતા હોવાનો આક્ષેપ કરાયો છે. જુનિયર વિદ્યાર્થીઓની ફરિયાદ બાદ એન્ટી રેગિંગ સ્કવોડ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ફરિયાદી અને આરોપી વિદ્યાર્થીઓના નિવેદન લેવામાં આવ્યા છે. આ મામલે એન્ટી રેગિંગ કમિટી દ્વારા તપાસ કરી રિપોર્ટ સુપરત કરાશે ત્યારબાદ જવાબદાર વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી થઈ શકે છે.

ભાવનગર સર ટી. હોસ્પિટલના ટ્રોમા સેન્ટર બિલ્ડિંગમાં બનેલી રેગિંગની ચકચારી ઘટનામાં નામ ન આપવાની શરતે અમાનવીય ત્રાસનો ભોગ બનનારા પ્રથમ વર્ષના જુનિયર તબીબોએ બીજા વર્ષના 6 તબીબી વિદ્યાર્થી દ્વારા અપાતી રૂંવાડા ઊભા કરી દે તેવી તાલિબાની સજા વર્ણવી હતી. જેમાં દર મહિને અઢી લાખ પડાવતાં, દારૂની બોટલો મંગાવતાં, કુકડા બનાવતાં, ટ્રોમા સેન્ટરની બહાર નહીં નીકળવા દેવા, જમવા અને સુવાનો સમય નહીં આપવા, એક્સ-રે વિભાગમાં લેડ એપ્રન નહીં પહેરવા દેવા, આખી રાત એક પગે ઉભા રહેવા, છેલ્લા 15 દિવસ સુધી ન્હાવા સુદ્ધા નહીં દેવા જેવી તાલિબાની સજા અપાતી હોવાની આપવીતી વર્ણવી હતી. આખરે હિંમત કેળવી તેઓએ લેખિત ફરિયાદ કરી હોવાનું જણાવી દોષિતોને આકરી સજા થાય તેવી લાગણી અને માંગણી વ્યક્ત કરી હતી.

આ અંગે મેડિકલ કોલેજના ડીન ડો.ચિન્મય શાહે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં અમારી પાસે એક ઓનલાઈન ફરિયાદ આવી હતી. ઓર્થોપેડિક ફર્સ્ટ યરના 13 વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી છે કે, અમને અલગ અલગ રીતે ટોર્ચર કરવામાં આવી રહ્યા છે. જેવા કે ઘણી બધી વાર




લખવા આપવામાં આવે, મુરઘા બનાવવામાં આવે, ઉપરાંત કોઈને કોઈ ઈવેન્ટ બાબતે ખર્ચો કરવામાં આવે એટલે આ બધી બાબતને લઈ અને તેઓએ ફરિયાદ કરેલી હતી. એટલે નેશનલ મેડિકલ કમિશન (NMC)ના નોર્મ્સ પ્રમાણે એન્ટી-રેગિંગ સ્ક્વોડને તેઓની ઈન્ક્વાયરી શરૂ કરી છે. તેઓની ઈન્ક્વાયરી પણ પૂર્ણ થઈ ગઈ છે. અને તેઓના નિવેદન લેવાઈ ગયા છે. ત્યારબાદ છ વિદ્યાર્થીઓ જેના નામ એ પ્રથમ ફરિયાદમાં આવ્યા, તેઓને પણ બોલાવવામાં આવેલા છે અને તેઓની પાસેથી પણ નિવેદન લીધા છે અને જરૂરી દસ્તાવેજો તેઓ આજે આપવાના છે.

તે ઉપરાંત ઓર્થોપેડિક વિભાગના તબીબી શિક્ષકો અને HOD સાથે પણ ચર્ચા થઈ છે અને આ બાબતમાં તેઓનો અભિપ્રાય પણ લીધો છે અને જે સૂચના આપવાની હોય તે જ વિગતો સૂચનાઓ પણ તેમને અપાઈ ગઈ છે. હવે આ એન્ટી-રેગિંગ સ્ક્વોડના જે નિર્ણય આવશે ત્યારબાદ NMCના નિયમ પ્રમાણેની એક તટસ્થ કમિટી ફરીવાર આ બધા ડોક્યુમેન્ટ ચેક કરશે અને છતાં જો એમાં રેગિંગનો તથ્ય લાગશે તો એન્ટી-રેગિંગ કમિટી - જે સુપ્રીમ કોર્ટ અને નેશનલ મેડિકલ કમિશન અને UGC ના નોર્મ્સ પ્રમાણે બનાવવામાં આવી છે. તે આખી ઘટનાનું અવલોકન કરશે અને જે ફરિયાદી અને આરોપી વિદ્યાર્થીઓ છે તેઓને બોલાવશે અને જે લેવલની તેઓની રેગિંગ અથવા બેદરકારી દેખાશે તે પ્રમાણે તેઓ સજા નક્કી કરી અને ડીનને સુપ્રત કરશે. ત્યારબાદ એ જ વસ્તુ અમે યુનિવર્સિટીને તેમજ અમારી વડી કચેરી એટલે કે ગાંધીનગરને, UGC ને, NMC ને મોકલી આપીશું.

રેગિંગની ઘટના બાદ એન્ટી રેગિંગ સ્કવોડની તપાસ બાદ સમગ્ર મામલે હવે એન્ટી રેગિંગ કમિટી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. બપોર બાદ મેડિકલ કોલેજની ડીનની ચેમ્બરમાં એન્ટી રેગિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં ડીન, ડીવાયએસપી, મામલતદાર, વકીલ, પ્રેસ મેમ્બર, જુનિયર વિદ્યાર્થી, GS, વિદ્યાર્થીઓ અને NGOના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. એન્ટી રેગિંગ કમિટીના રિપોર્ટ બાદ સિનિયર ડોકટર સામે કાર્યવાહી થઈ શકે છે.

ભાવનગર મેડિકલ કોલેજમાં રેગિંગની ઘટના સામે આવ્યા બાદ બપોર બાદ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ મેડિકલ કોલેજ પર ડીન સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યા હતા. રેગિંગ કરનારા વિદ્યાર્થીઓ સામે કડકમાં કડક કાર્યવાહીની માગ કરવામાં આવી છે. એબીવીપીના કાર્યકર્તાઓએ ઉગ્ર રજૂઆત કરતા વાતાવરણ તંગ બન્યું હતું.

સિનિયર દ્વારા જુનિયર વિદ્યાર્થીઓના થયેલા રેગિંગના ઘેરા પડઘા પડ્યા છે. ત્યારે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા પણ આવેદનપત્ર પાઠવી જે કોઈ દોષિત વિદ્યાર્થીઓ હોય તેની સામે કડક કાર્યવાહીની માગ કરવામાં આવી છે.

અમદાવાદની નામાંકિત બી.જે. મેડિકલ કોલેજમાં રેગિંગનો મામલો સામે આવ્યો છે. જુનિયર વિદ્યાર્થી દ્વારા સિનિયર સામે 8મી જૂને ફરિયાદ કરવામાં આવી હતી. જે મામલે એન્ટી રેગિંગ કમિટીને તપાસ સોંપવામાં આવી હતી. તપાસ રિપોર્ટ બાદ ઓર્થોપેડિક વિભાગના ત્રણ વિદ્યાર્થીઓને 6 મહિનાથઈ 1 વર્ષ માટે સસ્પેન્ડ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સામે કરવામાં આવેલી કાર્યવાહીની માહિતી ખુદ આરોગ્યમંત્રી દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી આપવામાં આવી હતી.

ભાવનગર મેડિકલ કોલેજમાં સવા વર્ષ એટલે કે ગત માર્ચ-2025માં છ જેટલા સિનિયર તબીબી વિદ્યાર્થી દ્વારા ત્રણ જુનિયર તબીબ વિદ્યાર્થીઓ સાથે રેગિંગ કર્યું હતું. જે ઘટનામાં ડો. મીલન કાકલોતર, ડો. પિયુષ ચૌહાણ, ડો. નરેન ચૌધરી, ડો. મન પટેલ, ડો. અભિરાજ પરમાર અને ડો. બળભદ્રસિંહ નામના સિનિયરો દ્વારા ત્રણ વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓને કારમાં અપહરણ કરી, અભદ્ર વર્તન કરી, વિડીયો ઉતાર્યો હતો અને બાદમાં વાયરલ કરવાની ધમકી આપી મારમાર્યો હતો. આ ઉપરાંત અન્ય એક વિદ્યાર્થીને મારમાર્યો હતો. જેમાં આરોપીઓ નશાની હાલતે હોવાનું ખુલ્યું હતું.

ભાવનગર શહેરની મેડિકલ કોલેજમાં 2023ના મે માસમાં મેડિકલ કોલેજના રેસિડેન્ટ ડોકટર હરીશ વૈગીએ પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીને તેની રૂમમાં બોલાવી શારિરીક અડપલા તેમજ જાતીય શોષણ કર્યું હતું. ડૌ. હરીશ વૈગી દ્વારા જુનિયર વિદ્યાર્થી સાથે ઘણા સમય સુધી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરતા કંટાળીને વિદ્યાર્થીએ ન્યાયની માંગ પોકારી હતી. આ ઘટના જાહેર થયા બાદ મોટી સંખ્યામાં નિલમબાગ પોલીસ મથક ખાતે વિદ્યાર્થીઓનું ટોળું ધસી ગયું હતું. આ કેસમાં તપાસના અંતે ડો. હરીશ વૈગીને બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકા-ઈરાન યુદ્ધ સમાપ્ત, નિર્ધારિત તારીખના એક દિવસ પહેલાં કરાર થયા

## બંને દેશના રાષ્ટ્રપતિએ હસ્તાક્ષર કર્યા, ટ્રમ્પ બૂમ પાડીને બોલ્યા- ડીલ સાઈન





**તહેરાન, તા.18**

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા માટે વચગાળાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાત્રે ફ્રાન્સના પેલેસમાં આ સંબંધિત MoU પર હસ્તાક્ષર કર્યા. આ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન હાજર હતા.

ટ્રમ્પ પછી ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને પણ ઈરાનથી ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર કર્યા. કરારની જાહેરાત ભારતીય સમય મુજબ ગુરુવારે સવારે 5:30 વાગ્યે કરવામાં આવી. તે તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો.

આ કરાર હેઠળ ઈરાન અને લેબનોનમાં સૈન્ય કાર્યવાહી સમાપ્ત કરવામાં આવશે. હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં આવશે અને અમેરિકાની નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવામાં આવશે.

આ કરાર પર 19 જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં જીનીવા નજીક લ્યુસર્ન શહેરમાં હસ્તાક્ષર થવાના હતા, પરંતુ નિર્ધારિત કાર્યક્રમ કરતાં એક દિવસ વહેલા જ તેના પર હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા.

અમેરિકાના રક્ષા મંત્રી પીટ હેગસેથે જણાવ્યું છે કે જો ઈરાન અમેરિકા સાથેના કરારની શરતોનું પાલન નહીં કરે, તો અમેરિકા લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરી શકે છે અને કડક નૌકાદળ નાકાબંધી ફરીથી લાદી શકે છે.

નાટો દેશોના સંરક્ષણ પ્રધાનોની બેઠક બાદ હેગસેથે પત્રકારોને જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રપતિએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે જો ઈરાન વાતચીત દરમિયાન પોતાના વચનો પૂરા નહીં કરે, તો અમે કાર્યવાહી ફરી શરૂ કરવા માટે તૈયાર રહીશું.'

વિશ્વમાં ઓઈલની કિંમત નક્કી કરનાર બ્રેન્ટ ક્રૂડ છેલ્લા ત્રણ દિવસથી 80 ડોલર પ્રતિ બેરલથી નીચે રહ્યું છે. ગુરુવારે બ્રેન્ટ ક્રૂડ લગભગ 2% ઘટીને 78 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું.

યુદ્ધ દરમિયાન તેની કિંમત 114.44 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ હતી. એટલે કે હવે તે તે સ્તરથી લગભગ 35 ડોલર સસ્તું થઈ ગયું છે.

અમેરિકાનું WTI ક્રૂડ ઓઈલ પણ ઘટીને લગભગ 74 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે, જે ત્રણ મહિનાનું સૌથી નીચું સ્તર છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીતમાં પાકિસ્તાને મહત્વપૂર્ણ મધ્યસ્થીની ભૂમિકા ભજવી છે.

કતાર સાથે મળીને પાકિસ્તાનને શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનાર સત્તાવાર હસ્તાક્ષર સમારોહની યજમાની પણ કરવાની હતી. જોકે, હવે તે સ્પષ્ટ નથી કે તે સમારોહ યોજાશે કે નહીં, કારણ કે MoU પર પહેલાથી જ હસ્તાક્ષર થઈ ચૂક્યા છે.

ફ્રાન્સની રાજધાની પેરિસ નજીક આવેલો વર્સાય પેલેસ દુનિયાના સૌથી પ્રખ્યાત રાજમહેલોમાં ગણાય છે. આ મહેલની શરૂઆત 1623માં રાજા લુઈ 13માના એક નાના શિકાર લોજ તરીકે થઈ હતી, પરંતુ પાછળથી તેમના પુત્ર લુઈ 14માએ તેને એક ભવ્ય શાહી મહેલમાં ફેરવી દીધો હતો.

1682માં લુઈ 14માએ ફ્રાન્સનો શાહી દરબાર અને સરકાર પેરિસથી વર્સાય ટ્રાન્સફર કર્યા હતા. ત્યારથી લઈને ફ્રેન્ચ ક્રાંતિ (1789) સુધી આ મહેલ જ ફ્રાન્સની રાજકીય સત્તાનું મુખ્ય કેન્દ્ર રહ્યો હતો.

મહેલમાં અંદાજે 2,300 જેટલા રૂમ આવેલા છે. આ મહેલનો સૌથી પ્રખ્યાત ભાગ હોલ ઓફ મિરર્સ છે, જેમાં 357 અરીસા લાગેલા છે. મહેલના વિશાળ બગીચાઓ અને ભવ્ય સ્થાપત્યકલા તેને યુરોપિયન શાહી સત્તા અને વૈભવનું પ્રતીક બનાવે છે.

વર્સાય પેલેસનું ઐતિહાસિક મહત્વ પણ ખૂબ જ ખાસ છે. 1919માં પ્રથમ વિશ્વયુદ્ધ સમાપ્ત થયા બાદ અહીં જ વર્સાયની સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સંધિએ યુદ્ધનો સત્તાવાર અંત આણ્યો હતો, જોકે તેની આકરી શરતોને પાછળથી દ્વિતીય વિશ્વયુદ્ધના મુખ્ય કારણોમાંનું એક માનવામાં આવ્યું હતું.

આજે વર્સાય પેલેસ એક મ્યુઝિયમ અને ફ્રાન્સના સૌથી લોકપ્રિય પ્રવાસી સ્થળોમાંનું એક છે. તેને યુનેસ્કોની વૈશ્વિક ધરોહર યાદીમાં પણ સામેલ કરવામાં આવ્યો છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન પાસે કેટલીક બેલિસ્ટિક મિસાઈલો છે તેમાં કંઈ ખોટું નથી. તેમના મતે, વાસ્તવિક ચિંતા મિસાઈલો નથી, પરંતુ પરમાણુ શસ્ત્રોની છે. તેમણે G7 સમિટ માટે ફ્રાન્સમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારનો બચાવ કરતી વખતે આ વાત કરી હતી.

જર્મનીએ હોર્મુઝ સ્ટ્રેટમાં સંભવિત લશ્કરી મિશનની તૈયારીના ભાગ રૂપે લાલ સમુદ્ર તરફ બે જહાજો મોકલ્યા છે. આ જહાજો ત્યારબાદ સ્ટ્રેટમાંથી લેન્ડમાઈન હટાવવાની કામગીરીમાં મદદ કરશે. જર્મન રક્ષા મંત્રી બોરિસ પિસ્ટોરિયસે ગુરુવારે આ જાહેરાત કરી.

પિસ્ટોરિયસે કહ્યું, 'હાલમાં, અમારા એક માઈનસ્વીપર અને એક સપ્લાય જહાજ સુએઝ નહેરમાંથી પસાર થઈને લાલ સમુદ્ર તરફ જઈ રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે કોઈપણ માઈન-ક્લીયરિંગ અભિયાનમાં ભાગ લેવા માટે ઈરાન અને ઓમાનની મંજૂરી જરૂરી રહેશે. વધુમાં, આ મિશન યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેની ભાવિ વાટાઘાટોના પરિણામ પર આધારિત રહેશે.

ટ્રમ્પે શાંતિ કરાર પર હસ્તાક્ષર એ જ ઐતિહાસિક સ્થળે કર્યા હતા જ્યાં 107 વર્ષ પહેલાં બીજા એક અમેરિકન રાષ્ટ્રપતિએ સમાન કરાર પર હસ્તાક્ષર કર્યા હતા - એક કરાર જેને ઘણા ઈતિહાસકારોએ પાછળથી બીજા વિશ્વયુદ્ધ અને એડોલ્ફ હિટલરના ઉદયનું મુખ્ય કારણ તરીકે ઓળખાવ્યો હતો.

18 જૂન, 1919ના રોજ, તત્કાલીન યુએસ રાષ્ટ્રપતિ વુડરો વિલ્સને ફ્રાન્સના વર્સેલ્સના મહેલમાં વર્સેલ્સની સંધિ પર હસ્તાક્ષર કર્યા. આનાથી પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

જોકે, યુદ્ધનો અંત લાવનારી સંધિ શરૂઆતથી જ વિવાદાસ્પદ માનવામાં આવતી હતી. જર્મની સાથે સમાન ધોરણે વાટાઘાટો કરવામાં આવી ન હતી. તેના બદલે, સંધિની શરતો તેના પર લાદવામાં આવી હતી.

સંધિ હેઠળ, જર્મનીએ યુદ્ધ શરૂ કરવાની જવાબદારી સ્વીકારવી પડી. તેને 26 હજાર ચોરસ માઈલથી વધુનો પ્રદેશ સોંપવાની, આશરે 5 અબજ ડોલર જેટલું વળતર ચૂકવવાની, તેની વિદેશી વસાહતો છોડી દેવાની અને તેના લશ્કરના કદ પર કડક પ્રતિબંધો લગાવી દેવામાં આવ્યા હતા.

# યુક્રેને રશિયા પર સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો: 1000થી વધુ ડ્રોન અને ક્રુઝ મિસાઈલો ઝીંકી, વિસ્ફોટમાં ઓઈલ ડેપો નષ્ટ, એકનું મોત



**મોસ્કો, તા.18**

યુક્રેને ગુરુવારે રશિયા પર યુદ્ધ શરૂ થયા પછીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો. રશિયાના રક્ષા મંત્રાલય મુજબ, આખી રાત લગભગ 1000 ડ્રોન અને ચાર ક્રુઝ મિસાઈલોને તોડી પાડવામાં આવી. તેમાંથી લગભગ 200 ડ્રોન રાજધાની મોસ્કો તરફ આગળ વધી રહ્યા હતા.

હુમલામાં દક્ષિણ રોસ્તોવ ક્ષેત્રના એક તેલ ડેપોમાં આગ લાગી ગઈ, જેમાં એક વ્યક્તિનું મોત થયું. તે જ સમયે મોસ્કોની કપોતન્યા ઓઈલ રિફાઈનરી પર પણ હુમલો થયો. વિસ્ફોટ પછી ઓઈલ ડેપો ટેન્કનું ઢાંકણું ઘણા મીટર ઉપર ઉછળ્યું અને આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા.

રિપોર્ટ્સ મુજબ, નજીકના એક શોપિંગ સેન્ટરમાં પણ આગ લાગી ગઈ. ડ્રોનના કાટમાળ પડવાથી કેટલીક રહેણાંક અને વ્યાપારી ઈમારતોને નુકસાન થયું. ઘણી ઊંચી ઈમારતોને ખાલી કરાવવામાં આવી. હુમલા પછી મોસ્કોના હવાઈ મથકો પર થોડા સમય માટે ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ મોસ્કો પર થયેલા હુમલાને ગયા અઠવાડિયે કિવ પર રશિયાની કાર્યવાહીનો જવાબ ગણાવ્યો. તેમણે કહ્યું કે યુક્રેનિયન સેનાએ તે ઠેકાણાઓને નિશાન બનાવ્યા, જે રશિયાના યુદ્ધ અભિયાનને ટેકો આપી રહ્યા છે.

ઝેલેન્સકીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે કે રશિયા યુદ્ધ સમાપ્ત કરવા માટે રાજદ્વારી માર્ગ અપનાવે. તેમણે યુક્રેનની વિવિધ સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓની કાર્યવાહીની પ્રશંસા પણ કરી. ઝેલેન્સકીએ કહ્યું, 'અમે આ યુદ્ધ ઈચ્છતા ન હતા, પરંતુ જો યુક્રેન સળગશે તો મોસ્કો પણ સળગશે.'

હુમલા સમયે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન કઝાનમાં દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોના નેતાઓ સાથે શિખર બેઠકમાં હાજર હતા. તેમણે મોસ્કો પર થયેલા આ મોટા હુમલા અંગે હજુ સુધી કોઈ સાર્વજનિક પ્રતિક્રિયા આપી નથી.

2022માં યુદ્ધ શરૂ થયા પછી યુક્રેનના ડ્રોન હુમલા મર્યાદિત હતા. 2023માં પહેલીવાર તેના ડ્રોન મોસ્કો સુધી પહોંચ્યા, પરંતુ ત્યારે હુમલાઓમાં થોડા જ ડ્રોનનો ઉપયોગ થતો હતો.

હવે યુક્રેન લાંબા અંતર સુધી હુમલો કરવામાં સક્ષમ બન્યું છે, જ્યારે રશિયાએ પણ રાજધાનીની આસપાસ મજબૂત એર ડિફેન્સ તહેનાત કરી રાખ્યું છે.

આ કારણોસર યુદ્ધ હવે માત્ર ફ્રન્ટલાઈન સુધી સીમિત રહ્યું નથી. બંને દેશો તેલ ડેપો, રિફાઈનરી અને અન્ય વ્યૂહાત્મક ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યા છે.

મોસ્કો પર મોટા હુમલા વચ્ચે G7 દેશોએ યુક્રેન માટે સૈન્ય મદદ વધારવાની જાહેરાત કરી છે. સંગઠને કહ્યું કે યુક્રેનને વધુ એર ડિફેન્સ સિસ્ટમ, ઈન્ટરસેપ્ટર અને લાંબા અંતરના હથિયારો આપવામાં આવશે.

આ ઉપરાંત રશિયાના તેલ અને ગેસના કારોબાર પર પ્રતિબંધો વધુ કડક કરવામાં આવશે. G7 દેશોએ શિયાળા પહેલા યુક્રેનની વીજળી અને ઊર્જા જરૂરિયાતો માટે પણ વધારાની મદદ આપવાનો ભરોસો આપ્યો છે.

જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમને લાગતું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવો સરળ હશે, પરંતુ બંને દેશો વચ્ચેની ભારે દુશ્મનીએ વાતચીતને મુશ્કેલ બનાવી દીધી છે.

તેમણે કહ્યું કે તેમની વોલોદિમિર ઝેલેન્સકી અને વ્લાદિમીર પુતિન બંને સાથે સારી વાતચીત થઈ છે અને તેઓ આ યુદ્ધનો અંત લાવવા માંગે છે.

# વિશ્વભરમાં રેકોર્ડ 1.65 લાખ કરોડપતિઓ દેશ છોડશે: યુએઈ-સિંગાપોર પ્રથમ પસંદગી, અમેરિકનો સૌથી વધુ સ્થળાંતર કરી રહ્યા છે



**મુંબઈ, તા.18**

હેનલી પ્રાઈવેટ વેલ્થ માઈગ્રેશન રિપોર્ટ 2026 મુજબ, આ વર્ષે રેકોર્ડ 1.65 લાખ કરોડપતિઓ પોતાનો દેશ છોડીને અન્ય દેશોમાં સ્થળાંતર (માઈગ્રેટ) કરવાના છે. ગયા વર્ષે લગભગ 1.42 લાખ કરોડપતિઓએ દેશ છોડ્યો હતો.

2024માં આ આંકડો 1.34 લાખ હતો, જ્યારે 2013માં 51 હજાર હતો. ધનિક પરિવારો હવે માત્ર ટેક્સ છૂટ માટે જ નહીં, પરંતુ સ્થિરતા, સુરક્ષા અને સારા રોકાણ માટે પણ અન્ય દેશોમાં જઈ રહ્યા છે. UAE 85.3 સ્કોર સાથે સૌથી પસંદીદા 'વેલ્થ હબ' છે. ભારતનો સ્કોર 56.5 છે.

અમેરિકાનો વેલ્થ મોબિલિટી સ્કોર માત્ર 62.3 છે. અહીંથી સૌથી વધુ લોકો અન્ય દેશોની નાગરિકતા માંગે છે. 2025માં આવી અરજીઓ બમણી થઈ અને આ ગતિ 2026માં પણ જળવાઈ રહી. માત્ર 7% અરજીઓ વિદેશમાં વસેલા અમેરિકનો તરફથી આવી, બાકીની દેશમાં રહેતા ધનિકો તરફથી. આમાંથી અડધી યુરોપ માટે અને એક ચતુર્થાંશથી વધુ લેટિન અમેરિકા-કેરેબિયન માટે છે.

2024-25માં બ્રિટનના સરનામેથી અરજીઓ 15% વધી. 2026માં ત્યાંથી 53% અરજીઓ વિદેશી નાગરિકોની, એટલે કે બ્રિટિશ નાગરિકોનો હિસ્સો લગભગ અડધો રહ્યો. 2018માં આ હિસ્સો માત્ર 8% હતો. 2018માં બ્રિટન 20મું સૌથી મોટું સોર્સ માર્કેટ હતું. હવે ટોપ 5માં છે.

ભારતનો વેલ્થ મોબિલિટી સ્કોર 56.5 છે. તે માળખાકીય પડકારોની શ્રેણીમાં આવે છે. તેનું સૌથી મોટું કારણ મૂડી પર પસંદગીના લોકોનું નિયંત્રણ અને ટેક્સ સંબંધિત જટિલ નિયમો છે. ધનિક ભારતીય પરિવારો માટે બીજું નિવાસસ્થાન અથવા નાગરિકતા હવે એસ્ટેટ પ્લાનિંગ અને ટેક્સ સ્ટ્રક્ચરિંગ જેવા નિર્ણયોનો ભાગ બની રહી છે. શિક્ષણ, વ્યવસાય વિસ્તરણ અને સક્સેશન પ્લાનિંગ તેમાં સામેલ છે.

યુએઈનો સ્કોર સૌથી ઊંચો 85.3 છે. મોટાભાગની માંગ પ્રવાસી ઉદ્યોગપતિઓની છે, જેઓ યુએઈને આધાર બનાવીને અન્ય વિકલ્પો શોધી રહ્યા છે. આ શ્રીમંતો યુએઈને એક પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરવા માંગે છે.

રોકાણ-નાગરિકતા અરજીઓમાં લગભગ અડધા પોર્ટુગલ, ઈટાલી, નેધરલેન્ડ્સ, સાયપ્રસ જેવા યુરોપિયન દેશો માટે છે. સ્પેનનો ગોલ્ડન વિઝા બંધ થવાથી, પોર્ટુગલનો રિયલ એસ્ટેટ રૂટ હટી જવાથી ગ્રીસને સીધો ફાયદો થઈ રહ્યો છે.

# મહારાષ્ટ્રમાં લગ્નના 48મા દિવસે ડોક્ટરની પત્નીએ કરી આત્મહત્યા: આરોપ- કોઈની સાથે વાત કરે તો પણ પતિ મારતો





**મુંબઈ, તા.18**

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં લગ્નના માત્ર 48 દિવસ પછી 26 વર્ષીય વિશાખા તિલકરે આત્મહત્યા કરી લીધી. વિશાખા પુણેની રહેવાસી હતી. થાણે જિલ્લાના અંબરનાથમાં રહેતા ડોક્ટર નિતિન તિલકર સાથે 30 એપ્રિલે તેના અરેન્જ મેરેજ થયા હતા.

નિતિન BHMS ડોક્ટર છે અને ઉલ્હાસનગરમાં પ્રેક્ટિસ કરે છે. પોલીસે નિતિન, તેની માતા છાયા અને ભાઈની ધરપકડ કરી છે. ત્રણેય પર દહેજ અત્યાચાર અને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધવામાં આવ્યો છે.

પરિવારજનોના મતે, નિતિન વિશાખા પર શંકા કરતો હતો. તેણે વિશાખા પર નજર રાખવા માટે ઘરની અંદર અને બહાર CCTV કેમેરા લગાવ્યા હતા. નિતિને વિશાખાને કોઈની સાથે વાત કરવા પર રોક લગાવી દીધી હતી.

વિશાખાના પરિવારે જણાવ્યું કે લગ્નમાં વરપક્ષને કોઈ દહેજ આપવામાં આવ્યું ન હતું. જોકે, લગ્નના થોડા સમય પછી પતિ અને સાસરિયાઓએ તેના માતા-પિતા પાસેથી 50 ગ્રામ સોનું લાવવાની માંગ શરૂ કરી દીધી.

આરોપ છે કે દહેજ માંગવા ઉપરાંત સાસરિયા પક્ષને વિશાખાના ચારિત્ર્ય પર પણ શંકા હતી. આ જ કારણોસર તેને કડક દેખરેખ હેઠળ અને લોકોથી અલગ રાખવામાં આવતી હતી. 14 જૂને પાડોશની એક મહિલા સાથે વાત કરતા જોઈને પતિ અને સાસરિયાઓએ તેની સાથે નિર્દયતાથી મારપીટ કરી હતી.

આ ઘટનાથી પરેશાન વિશાખાએ પુણેમાં પોતાના માતા-પિતાને ફોન કરીને પોતાની આખી આપવીતી જણાવી હતી. તેના માતા-પિતા અંબરનાથ જઈને સાસરિયાઓ સાથે વાત કરવા અને તેને પાછી લાવવાની તૈયારી કરી રહ્યા હતા.

આ દરમિયાન 16 જૂને વિશાખાએ ત્રાસથી કંટાળીને પોતાનો જીવ આપી દીધો. શિવાજીનગર પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર રમેશ પાટીલે જણાવ્યું કે આરોપીઓનો પરિવાર લગ્નમાં દહેજ ન મળવાથી નારાજ હતો. વિશાખાના પિતા પુણેમાં રિક્ષાચાલક છે અને દહેજની માંગ પૂરી કરી શકતા ન હતા.

વિશાખાના પરિવારના જણાવ્યા મુજબ, વિશાખાને લગ્નના શરૂઆતના દિવસોથી જ એવું લાગવા લાગ્યું હતું કે તેના લગ્નના ઘરમાં તેની દરેક હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે. પરિવારનો આરોપ છે કે તેના પતિ નીતિન તિલકરે ઘરના લગભગ દરેક ભાગમાં સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. આનાથી વિશાખાની પ્રાઈવેસી સંપૂર્ણપણે છીનવાઈ ગઈ. તે કોની સાથે વાત કરતી હતી, ક્યારે ઘરની બહાર નીકળતી હતી અને કોને મળતી હતી તે બધીજ બાબત દેખરેખ રાખવામાં આવતી હતી.

વિશાખાના પરિવારનું કહેવું છે કે આ દેખરેખ ફક્ત નિરીક્ષણ પૂરતી મર્યાદિત નહોતી. જો તે કોઈ પાડોશી કે પરિચિત વ્યક્તિ સાથે વાત કરતી તો તેને સવાલો અને ગુસ્સાનો સામનો કરવો પડતો. પરિવારના મતે, સતત દેખરેખ અને નિયંત્રણની આ સ્થિતિ તેના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરી રહી હતી.

તેના પરિવારનો આરોપ છે કે વિશાખાએ આત્મહત્યાના બે દિવસ પહેલા તેને ફક્ત એટલા માટે માર મારવામાં આવ્યો હતો કારણ કે તેણે એક મહિલા પાડોશી સાથે વાત કરી હતી. આ ઘટના બાદ તે ખૂબ જ દુ:ખી હતી. એવું કહેવાય છે કે તેણે તેની માતાને ફોન કરીને તેની પરિસ્થિતિ વિશે જાણ કરી હતી. પરિવાર તેને તેના માતાપિતાના ઘરે પરત લાવવાની તૈયારી કરી રહ્યો હતો, પરંતુ તેવું થાય તે પહેલાં જ તેના મૃત્યુના સમાચાર આવી ગયા. આ ઘટનાથી પરેશાન વિશાખાએ પુણેમાં પોતાના માતા-પિતાને ફોન કરીને પોતાની આખી આપવીતી જણાવી હતી. તેના માતા-પિતા અંબરનાથ જઈને સાસરિયાઓ સાથે વાત કરવા અને તેને પાછી લાવવાની તૈયારી કરી રહ્યા હતા. આ દરમિયાન 16 જૂને વિશાખાએ ત્રાસથી કંટાળીને પોતાનો જીવ આપી દીધો. શિવાજીનગર પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર રમેશ પાટીલે જણાવ્યું કે આરોપીઓનો પરિવાર લગ્નમાં દહેજ ન મળવાથી નારાજ હતો. વિશાખાના પિતા પુણેમાં રિક્ષાચાલક છે અને દહેજની માંગ પૂરી કરી શકતા ન હતા.

# મોદીના સમયગાળામાં ભારતે પ્રગતિ કરી છે, કોઈ ના કહી શકે નહીં

## તમામ ચર્ચાઓ ,આક્ષેપો વચ્ચે એક હકીકત સ્પષ્ટ છે કે આર્થિક શક્તિ, વૈશ્વિક પ્રતિષ્ઠા, ડિજિટલ ક્ષમતા, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સાંસ્કૃતિક આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો થયો છે



ભારતના રાજકીય ઈતિહાસમાં 9 જૂન, 2026 એક મહત્વપૂર્ણ તારીખ તરીકે નોંધાઈ છે. સતત 12 વર્ષ સુધી દેશના વડાપ્રધાન તરીકે સેવા આપીને નરેન્દ્ર મોદી સ્વતંત્ર ભારતના ચૂંટાયેલા વડાપ્રધાનોમાં સૌથી લાંબા સમય સુધી સતત સત્તામાં રહેનારા નેતા બન્યાં છે. આ 12 વર્ષના સમયગાળાને માત્ર રાજકીય સફળતા તરીકે નહીં, પરંતુ ભારતના આર્થિક, સામાજિક, શૈક્ષણિક, વૈશ્વિક, સાંસ્કૃતિક અને વ્યૂહાત્મક પરિવર્તનના યુગ તરીકે પણ જોવામાં આવે છે. ભારતને આઝાદી મળી ત્યારે 1947માં દેશની કુલ જીડીપી અંદાજે 2.7 લાખ કરોડ રૂપિયા જેટલી હતી. સ્વતંત્રતાના પ્રથમ કેટલાક દાયકાઓ દરમિયાન ભારતનો આર્થિક વિકાસ દર સરેરાશ 3.5થી 4 ટકા આસપાસ રહ્યો હતો. આજે ભારતનું અર્થતંત્ર આશરે 357 લાખ કરોડ રૂપિયાથી વધુના કદ સુધી પહોંચી ગયું છે. ખાસ કરીને 2014 પછી ભારતે સરેરાશ 6.5થી 7 ટકાના વિકાસ દર સાથે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

2014માં ભારત વિશ્વની દસમાં ક્રમની અર્થવ્યવસ્થા હતી. આજે ભારત વિશ્વની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને આગામી વર્ષોમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર આગળ વધી રહ્યું છે. વિદેશી મુદ્રા ભંડાર, ડિજિટલ અર્થતંત્ર અને ઉત્પાદન ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

મોદી સરકારની સૌથી મોટી સફળતાઓમાં ડિજિટલ ક્રાંતિને સ્થાન આપવું જ પડશે. જનધન યોજના હેઠળ 50 કરોડથી વધુ બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા છે. યુપીઆઈએ ભારતને વિશ્વનું સૌથી મોટું ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમ ધરાવતો દેશ બનાવ્યો છે. આધાર, મોબાઈલ અને બેંકિંગના સંકલનથી સરકારી સહાય સીધી લાભાર્થીઓના ખાતામાં પહોંચે છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે છેલ્લાં 12 વર્ષમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે. શહેરોમાં મેટ્રો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, એક્સપ્રેસ વે, વંદે ભારત ટ્રેનો, નવા એરપોર્ટ, આધુનિક રેલવે સ્ટેશનો અને બંદરોના વિકાસ દ્વારા ભારતની કનેક્ટિવિટી અને આર્થિક ક્ષમતા બંનેમાં વધારો થયો છે. આજે ભારત વિશ્વના સૌથી મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કાર્યક્રમોમાંથી એક ચલાવી રહ્યું છે.

શિક્ષણ ક્ષેત્રે પણ નોંધપાત્ર વિસ્તરણ થયું છે. 2014માં દેશમાં 16 આઈઆઈટી (IIT) હતા, જે આજે વધીને 23 થયા છે. 13 આઈઆઈએમ (IIM)ની સંખ્યા વધીને 21 થઈ છે. 7 એઈમ્સ (AIIMS)માંથી વધીને 23થી વધુ એઈમ્સ કાર્યરત અથવા વિકાસ હેઠળ છે. નવી શિક્ષણ નીતિ-2020 દ્વારા શિક્ષણને વધુ આધુનિક, કૌશલ્યલક્ષી અને વૈશ્વિક ધોરણો સાથે સુસંગત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સ્વાસ્થ્ય ક્ષેત્રે આયુષ્માન ભારત વિશ્વની સૌથી મોટી આરોગ્ય સુરક્ષા યોજના તરીકે ઊભરી છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ કરોડો શૌચાલયોનું નિર્માણ થયું છે, જ્યારે જલ જીવન મિશન દ્વારા કરોડો ઘરોમાં નળથી પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે.

વિદેશનીતિના ક્ષેત્રે નરેન્દ્ર મોદીએ ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠાને નવી ઊંચાઈ આપી છે. જવાહરલાલ નેહરુએ પોતાના કાર્યકાળ દરમિયાન ત્રણ વિદેશી સંસદોને સંબોધી હતી, જ્યારે નરેન્દ્ર મોદીએ અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ સહિત 19થી વધુ દેશોની સંસદો અને વિધાનસભાઓને સંબોધિત કરી છે. જી-20 શિખર સંમેલનના સફળ આયોજનથી ભારતે વૈશ્વિક નેતૃત્વની પોતાની ક્ષમતાનો પરિચય કરાવ્યો છે.

પરંતુ મોદી યુગની એક વિશિષ્ટ ઓળખ માત્ર વિકાસ અને અર્થતંત્ર પૂરતી મર્યાદિત નથી. છેલ્લાં 12 વર્ષમાં ભારતના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાના પુનર્જાગરણને પણ વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સદીઓથી આસ્થા અને ઈતિહાસના કેન્દ્ર રહેલા અનેક ધાર્મિક સ્થળોના જીર્ણોદ્ધાર અને આધુનિક વિકાસ દ્વારા દેશના સાંસ્કૃતિક ગૌરવને નવી ઓળખ મળી છે.

અયોધ્યામાં ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરનું નિર્માણ અને સમગ્ર શહેરના આધુનિક વિકાસને સ્વતંત્ર ભારતની સૌથી મોટી સાંસ્કૃતિક ઘટનાઓમાંની એક માનવામાં આવે છે. રામ મંદિર સાથે અયોધ્યામાં નવા એરપોર્ટ, આધુનિક રેલવે સ્ટેશન, વિશાળ માર્ગો અને યાત્રાળુઓ માટે અદ્યતન સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

કાશી વિશ્વનાથ ધામ કૉરિડૉર દ્વારા સદીઓ જૂના કાશી વિશ્વનાથ મંદિરને ગંગા નદી સાથે સીધું જોડવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટે કાશીના ધાર્મિક અને સાંસ્કૃતિક વૈભવને નવી ભવ્યતા આપી છે. ઉજ્જૈનમાં મહાકાલ લોક કૉરિડૉરના વિકાસ દ્વારા મહાકાલેશ્વર મંદિર પરિસર વિશ્વસ્તરિય આધ્યાત્મિક કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે.

ગુજરાતમાં પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના શિખર પર લગભગ પાંચ સદી બાદ ધ્વજારોહણની ઐતિહાસિક ઘટના બની હતી. મંદિર પરિસરનો વ્યાપક વિકાસ, રોપવે અને યાત્રાળુ સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે. સોમનાથ મંદિર પરિસરમાં પણ વિવિધ વિકાસ પ્રકલ્પો પૂર્ણ કરીને તેને વધુ ભવ્ય અને સુવિધાસભર બનાવવામાં આવ્યું છે.

ઉત્તરાખંડના ચારધામ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી માટે વિશાળ કનેક્ટિવિટી અને યાત્રાધામ વિકાસ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. કેદારનાથ ધામના પુનઃનિર્માણ અને આધુનિક સુવિધાઓના વિકાસને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રશંસા મળી છે. જો નેહરુ યુગને આધુનિક ભારતના પાયાના નિર્માણનો સમય ગણવામાં આવે, તો મોદી યુગને વિકાસ, વૈશ્વિક પ્રભાવ અને સાંસ્કૃતિક પુનર્જાગરણના સમન્વયથી ભારતને નવી ઓળખ આપનારા યુગ તરીકે વર્ણવી શકાય. ઈતિહાસના પાનાંઓમાં મોદી યુગ હવે એક વિશિષ્ટ અને પ્રભાવશાળી અધ્યાય તરીકે નોંધાઈ ચૂક્યો છે.

## તંત્રી લેખ

# મોદીએ ભારતીયોની પીડા ટ્રમ્પને કહી, પરંતુ અમેરિકાનું નામ લીધુ નહીં

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૭ સંમેલનમાં દરીયાઈ રસ્તાની અસલામતી અને નાવીકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. એમણે પશ્ચિમ એશિયાના દેશના સંઘર્ષને કારણે થઈ રહેલા નુકસાન વિશે વાત કરી હતી અને હોર્મૂઝ ખાડી પર યુદ્ધની થઈ રહેલી અસર વિશે પણ વાત કરી હતી. જોકે એમણે ટ્રમ્પ સાથેની વાતચીતમાં અમેરિકાના નામનો ઉલ્લેખ કર્યો નહોતો. આ બાબતે કોંગ્રેસ વીફરી છે. કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનેતએ કહ્યું છે કે, ''જી-૭ મીટીંગમાં પોતાનુ સંબોધન કરીને અંતમાં વડાપ્રધાને દેશને શરમજનક પરિસ્થિતિમાં મૂક્યું છે. એમના કાયર નિવેદનને કારણે દેશની મજાક ઉડી રહી છે. આપણા લોકોનું અપમાન થયું છે. આપણા દેશના ત્રણ નાવીકોની અમેરિકાએ હત્યા કરી છે છતાં મોદીમાં અમેરિકાનું નામ લેવાની હીંમત નથી.'

શ્રી અકાલ તખ્ત સાહિબમાં પાંચ 'શ્રી સાહિબાન 'ની એક બેઠકમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને 'ગુરુ દોષી' અને 'ખાલસા પંથ વિરોધી' જાહેર કર્યા છે. એક વિવાદાસ્પદ વીડિયો બહાર આવ્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. મૂખ્યમંત્રી પહેલા જ કહી ગયા છે કે આ વીડિયો એઆઇની મદદથી તૈયાર કરવામાં આવ્યો છે. માનનુ કહેવું છે કે તેઓ જ્યારે શ્રી અકાલ તખ્ત સાહિબ સામે હાજર થયા હતા ત્યારે પણ એમણે સ્પષ્ટ કર્યું હતું કે વાયરલ વીડિયોમાં દેખાતી વ્યક્તિ પોતે નથી. સિંહ સાહિબાનનો મતલબ થાય છે કે શિખ ધર્મના પાંચ તખ્તોના પાંચ સર્વોચ્ચ પદાધિકારીઓ. ભગવંત માનના કહેવા પ્રમાણે એમની લંબાઈ કે શરીરનો બાંધો વીડિયોમાં દેખાતી વ્યક્તિ સાથે મેળ ખાતો નથી. એમણે કહ્યું હતું કે, 'મને નવાઈ લાગે છે કે આટલા ઉચ્ચ ધાર્મિક સ્થાને બેઠેલા લોકો રાજકીય વિરોધીઓના કહેવાથી ખોટો પ્રચાર કરી રહ્યા છે. મને બદનામ કરવા આમ થઈ રહ્યું છે.' ભૂતપૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસના નેતા નવજોત સિંહ સિદ્ધુએ કાશ્મીરમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારૂખ અબ્દુલ્લાને મળ્યા હતા. સૂત્રોના કહેવા પ્રમાણે સિદ્ધુ જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રીને એમના નિવાસસ્થાને જઈને મળ્યા હતા. મુલાકાતનું ચીલાચાલુ કારણ એ અપાયુ છે કે બંને નેતાઓએ રાષ્ટ્રીય પરિસ્થિતિ, જમ્મુ-કાશ્મીરમાં બની રહેલી ઘટનાઓ અને એક બીજાના હીતો વિષે ચર્ચા કરી હતી. સિદ્ધુએ અબ્દુલ્લાની મુલાકાત પછી એમના ખૂબ વખાણ કર્યા હતા. સિદ્ધુએ એમ પણ કહ્યું હતું કે ફારૂખ અબ્દુલ્લા દેશના એક સૌથી પ્રભાવશાળી નેતા છે. ફારૂખ અબ્દુલ્લા સાથેનો ફોટોગ્રાફ સિદ્ધુએ સોશ્યલ મીડિયા પર પણ શેર કર્યો હતો. આજે દેશના રાજકારણમાં ફારૂખ અબ્દુલ્લાનું કોઈ મહત્ત્વ નથી. કોંગ્રેસમાં પણ સિદ્ધુનો કોઈ ભાવ પૂછતુ નથી. છતા પ્રચાર એવો કરાયો કે સિદ્ધુ અને અબ્દુલ્લાની મુલાકાત ખૂબ અગત્યની હતી. ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (આઈઆરએસ) ઓફિસર નીશા ઉરાવનું કહેવું છે કે કેટલાક લોકો પરિસ્થિતિ અને સમય અનુસાર ક્યારેક લઘુમતિ બનીને તો ક્યારેક આદિવાસી બનીને બેવડો ફાયદો લે છે. આઈઆરએસ નીશા ઉરાવ આદિવાસીઓના હક્ક પર તરાપ મારનારાઓ વિશે વારંવાર બોલે છે અને રજુઆત પણ કરે છે. એમના કહેવા પ્રમાણે લઘુમતિ અને આદિવાસી હોવાનો બેવડો ફાયદો હોય તો ડીલીસ્ટીંગ એટલે કે આદિવાસી લિસ્ટમાંથી દુર થઈ જાય તો પણ લઘુમતિ તરીકે મળતા ફાયદા ચાલુ રહેવાના છે, તો પછી ડર શા માટે? આઈઆરએસ ઓફિસર ડીલીસ્ટીંગનું સમર્થન કરે છે. તેઓ માને છે કે સમાજએ પોતાના અસ્તિત્વ અને અધિકારો બચાવવા માટે ડીલીસ્ટીંગનું સમર્થન કરવું જોઈએ કારણ કે એનાથી આદિવાસીઓના અધિકારની રક્ષા થશે. લોકસભાના સ્પિકર ઓમ બિરલાએ તૃણમુલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી અભિષેક બેનર્જીને એક અગત્યની મીટીંગ માટે બોલાવ્યા છે. સ્પિકરે અભિષેક બેનર્જીને ૧૯મી જૂને મળવા માટે કહ્યું છે. આ મીટીંગનો મુખ્ય ઉદ્દેશ ટીએમસીમાં થયેલી ફાટફૂટ પર ચર્ચા કરવાનો છે. સ્પિકરની ઈચ્છા છે કે અભિષેક બેનર્જી આ વિવાદ વિશે પોતાની બાજુ રજુ કરીને સ્પષ્ટતા કરે. અભિષેક બેનર્જી પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા પણ છે.

**રામરાજ્યમાં ચોરીને રાજાની નિષ્ફળતા માનવામાં આવતી હતી, ક્યાંય ચોરી થાય અથવા તો કોઈની સાથે ભ્રષ્ટાચાર કે છેતરપિંડી કરવામાં આવે તો રાજા અને તેના ગુપ્તચરોની નિષ્ફળતા ગણાતી, રાજકોષમાંથી ચોરી અથવા ભ્રષ્ટાચાર પેટે ગુમાવેલી રકમ ચુકવવામાં આવતી પણ હવે તો સત્તાધારીઓના મળતીયાઓ જ લૂંટ અને લાંચનું અધિકારિક કામ કરવા લાગ્યા છે. તેમણે ભગવાનને પણ છોડયા નથી : ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી 2024માં ભગવાન રામનું મંદિર તૈયાર કરવામાં આવ્યું હતું. જૂન 2024માં શરૂ થયેલા ચોમાસાના પહેલા જ રાઉન્ડમાં મંદિરની અવદશા થઈ ગઈ હતી**

# રામ રાજ્યની વાતો કરતા સંગઠનો 'રામ લલાને લૂંટી રહ્યા છે'!

## મંદિરમાં સેવા આપતા ભાજપના અને અન્ય હિંદુવાદી સંગઠનોના સેવકોએ દાનમાં આવેલી 200 કરોડોની રકમ અને દાગીનાની ઉચાપત કરી

મંદિર પરિસરમાં ઠેરઠેર પથ્થરો ઉખડી ગયા હતા, ખાડા પડી ગયા હતા. મુખ્ય માર્ગોની અવદશા થઈ ગઈ હતી. તેનાથી પણ ભયાનક સ્થિતિ એવી થઈ હતી કે, રામ લલાની મૂર્તિ જ્યાં હતી તે ગર્ભગૃહમાં જ છત ટપકવા લાગી હતી : ગુજરાતમાં પણ શક્તિપીઠ અંબાજી મંદિરમાં પ્રસાદનું કૌભાંડ કરવામાં આવ્યું હતું.

કરોડો સનાતનીઓ અને હિંદુઓની આસ્થાના કેન્દ્ર એવા રામ મંદિરમાં આવતા દાનમાંથી કરોડો રૂપિયાની ઉચાપત થયાની ફરિયાદો સામે આવી છે. સેવાના નામે લોકોની આસ્થાના કેન્દ્રમાં ઘુસેલા અસુરોએ જ આત્મનિર્ભરતાનો હાથ ફેરો કર્યો છે. અયોધ્યામાં આવેલા ભગવાન શ્રી રામના મંદિરમાં દાનપાત્રમાં જે રકમ અને વસ્તુઓનું દાન આવે છે તેમાંથી કરોડો રૂપિયા અને વસ્તુઓ સગેવગે કરવાનો આરોપ મુકાયો છે. જાણકારોના મતે રામ મંદિર બનવાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૨૦૦ કરોડ કરતા વધારેની રકમ અને દાગીના તથા ભેટ સોગાદો ચોરી થયાનો અંદાજ માંડવામાં આવ્યો છે. આગામી સમયમાં આ આંકડો તેનાથી પણ મોટો થાય તો નવાઈ નહીં. દાનમાં આવતી રકમ અને વસ્તુઓની ગણતરી કરનારા કર્મચારીઓ સામે જ આંગળી ચિંધાઈ છે જે સ્વાભાવિક છે.

ઉલ્લેખનીય છે કે, લોકોનો સીધો આરોપ છે કે, ભાજપ સત્તામાં આવ્યા બાદ ચારેતરફ દુર્દશાનું વાતાવરણ છે. ભ્રષ્ટાચાર તેની ચરમસીમા વટાવી ગયો છે. મળતીયાઓ અને કૌભાંડીઓનો અનરાધાર વિકાસ થઈ રહ્યો છે અને પ્રજા પીસાઈ રહી છે. પોતાની સરકાર હોવાથી પોતે જ સર્વસ્વ હોવાના લાગણી નેતાઓ અને કૌભાંડીઓમાં આવી ગઈ છે અને તેઓ હવે લોકોની સાથે સાથે ભગવાનને પણ છેતરવા લાગ્યા છે. રામ મંદિરમાં પણ આ જ સ્થિતિ થઈ છે. કૌભાંડીઓએ ૨૦૦ કરોડથી વધુની દાનની રકમ ચોરી લીધી છે. આ કેસમાં હાલમાં ૫૦ જેટલા કર્મચારીઓની ઓળખ કરવામાં આવી છે જે પગારદાર કર્મચારીઓ છે જ્યારે કેટલાક સ્વયંસેવકો છે. આ તમામ લોકોએ આત્મનિર્ભરતાની વાતને વધારે જ ગંભીરતાથી લઈને ભગવાનને દાનમાં આવેલી રકમ સ્વવિકાસ માટે લઈ જવાની શરૂઆત કરી દીધી અને કરોડોની સંપત્તીના માલિક બની ગયા.

જાણકારોના મતે રામ મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે, મંદિરમાં દાનપાત્રમાં જે રકમ આવે છે અને જે ભેટ આવે છે તેની ગણતરી કરવા માટે વિશેષ રૂમ બનાવવામાં આવ્યો છે. ત્યાં ચોક્કસ કર્મચારીઓને જ અને ટ્રસ્ટના પદાધિકારીઓને જ પ્રવેશ આપવામાં આવે છે. ભેટની રકમ ગણવા માટે હાજર રહેતા આશરે ૫૦ જેટલા કર્મચારીઓ સામે તપાસ હાથ ધરવામાં આવી છે. દાનની ગણતરી કરવાની જે નોકરી કરનારા લોકો છે તેમનો પગાર પંદરથી અઢાર હજાર જેટલો છે. બીજી તરફ ટ્રસ્ટના લોકો તો સેવા જ આપે છે. સ્થિતિ એવી બની હતી કે, આ સેવકો અને કર્મચારીઓમાંથી કેટલાકની કરોડોની સંપત્તિની વાતો સામે આવવા લાગી હતી. ખાસ કરીને રામશંકર ઉર્ફે ટિન્નુ યાદવ અને તેના ભત્રીજા મનીષ યાદવનું ના આ ચોરી કૌભાંડમાં અગ્રેસર હતું. તે ઉપરાંત લવકુશ, અનુકલ્પ મિશ્રા, રાજેશ પાઠક, કે.ડી. તિવારી, કરુણ, રિતિક સિંહ, મૌર્ય અને કોઈ શ્રીવાસ્તવની ઓળખ કરવામાં આવી હતી જે છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં અચાનક કરોડપતિ થઈ ગયા હતા.




મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપતરાયનો સહયોગી, સાથી અને છેલ્લાં ત્રણ દાયકાથી તેમની પડખે રહીને મંદિર નિર્માણમાં સક્રિય રહેનાર રામશંકર જ આ ઘટનામાં મુખ્ય સૂત્રધાર હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત રામશંકરને રાજકીય પીઠબળ હોવાનું અને તેના ઈશારે જ બધું કાળુંધોળું કરવાની મંજૂરી મળતી હોવાના પણ આરોપો મુકવામાં આવ્યા છે. અયોધ્યામાં રીક્ષા ચલાવતો રામશંકર ઉર્ફે ટિન્નુ એકાએક કરોડપતિ થઈ ગયો હતો. તેની પાસે ૫૦ કરોડથી વધારેની સંપત્તી હોવાનું ચર્ચામાં છે. એરપોર્ટ રોડ ઉપર તેની ૭૦ રૂમની હોસ્ટેલ હતી. તે ઉપરાંત અયોધ્યામાં જ ૩ રેસ્ટોરાંમાં તેની ભાગીદારી હતી. તેની પાસે એક ફોર્ચ્યુનર ગાડી, બે માળના બે મકાનો હતા. તેમાંથી એક મકાન હોસ્ટેલ અને હોટેલ રૂપે ચલાવાતું હતું. રામશંકરે પોતાના પ્રભાવથી પોતાના ભત્રીજા મનીષ યાદવને પણ મંદિરમાં ગોઠવી દીધો હતો. તે પણ દાનની રકમ ગણવાનું કામ કરતો હતો. તપાસમાં તેના ઘરેથી પણ ૩૬ લાખ રોકડા મળી આવ્યા છે.

બીજી તરફ મંદિરમાં જે સોનાના દાગીના દાનમાં આવે છે તેની ગણતરી કરીને ભંડારમાં રાખવાની જવાબદારી જેના ઉપર છે તે કે ડી તિવારી સામે પણ શંકાની સોય તાકવામાં આવી છે. તેની પાસે પાંચ કરોડ કરતા વધારેની સંપત્તી ભેગી થઈ ગઈ છે. તેની સામે આરોપ છે કે, તેણે ઘણા દાગીના ગાયબ કરી દીધા છે અથવા તો કરાવી દીધા છે. તેના કારણે જ તેની પાસે આટલી મોટી રકમ ભેગી થઈ છે. આ સિવાય રાજેશ પાઠક નામની વ્યક્તિની જીવનશૈલી પણ છેલ્લાં પાંચ વર્ષમાં મોભાદાર થઈ ગઈ છે. આ ઉપરાંત અનુકલ્પ મિશ્રા નામના સેવકે અયોધ્યામાં ૬૫ લાખનું ઘર ખરીદ્યું, પોતાના ગામમાં વિશાળ ફાર્મ હાઉસ બનાવડાવ્યું છે. તેણે થોડા બે મહિના પહેલાં જ ફાર્મ હાઉસ ખાતે ભાગવત સપ્તાહનું આયોજન કર્યું હતું. તેણે ખૂબ જ વૈભવી રીતે લગ્ન પણ કર્યા હતા. આ સિવાય કાર મિકેનિક રહેલા લવકુશે પણ ફૈઝાબાદમાં મોંઘુદાટ ઘર ખરીદ્યું છે. તેણે લોકોને દારૂની પાર્ટી આપી હતી જેની પાછળ એકાદ લાખની આસપાસ ખર્ચ કર્યો હતો.

મૂળ મુદ્દે વાત એવી છે કે, અયોધ્યા હોય કે ગુજરાતનું અંબાજી, ભાજપના નેતાઓ અને મળતીયાઓ દ્વારા દેશના યાત્રાધામોની ઘોર ખોદી કાઢવામાં આવી છે. કરોડો લોકની શ્રદ્ધાના અને આસ્થાના કેન્દ્રોમાં બેફામ ચોરીઓ થઈ રહી છે, લાંચ લેવાઈ રહી છે, કરોડો રૂપિયાના દાનની, વસ્તુઓની ચોરી થઈ રહી છે. ભાજપના હાથમાં જ્યાં પણ સત્તા આવી છે ત્યાં તેના નેતાઓ, કાર્યકર્તાઓ, મળતીયાઓ બધા જ બેફામ થઈ ગયા છે. તેઓ સત્તાના મદમાં સાચુ-ખોટું કશાનું ભાન રાખતા નથી. ભગવાનને પણ લૂંટવા બેઠા છે. લોકોનો આરોપ છે કે જ્યાં જ્યાં ધર્મસ્થાનોમાં વિકાસ કર્યા છે અથવા તો વિકાસના આયોજનો થયા છે ત્યાં કરોડો રૂપિયાની ખાઈકી કરવામાં આવી છે. આ ઉપરાંત દેશના દરેક મોટા મંદિરોમાં ભાજપ અને સંઘના મળતીયાઓ જ સત્તાના કેન્દ્રમાં જતા રહ્યા છે. તેના કારણે બેફામ ચોરીઓ થઈ રહી છે.

ગુજરાતમાં પણ શક્તિપીઠ અંબાજી મંદિરમાં પ્રસાદનું કૌભાંડ કરવામાં આવ્યું હતું. જ્યાં દરરોજ લાખો ભક્તો આવે છે, માતાજીને શ્રદ્ધાથી ભેટ અર્પણ કરે છે તેમને નકલી ઘીથી બનેલો પ્રસાદ આપવામાં આવતો હતો. આ ભેળસેળ ધરાવતો પ્રસાદ આપતી કંપની અને એજન્સી પણ ભાજપીયાઓની જ હતી. લોકોનો આક્રોશ છે કે, સત્તાધારીઓને લાંચ આપ્યા વગર આવી ગોઠવણ થાય નહીં. જ્યાં સુધી નાનામાં નાના સુરક્ષા કર્મચારીથી માંડીને ટ્રસ્ટના મોવડીઓ અને સત્તાધારીઓ આવા કૌભાંડોમાં જોડાય નહીં ત્યાં સુધી કોઈપણ યાત્રાધામમાં ચોરી કે ભ્રષ્ટાચાર કે પછી નકલી પ્રસાદની વહેંચણી શક્ય બને તેમ નથી.

લોકોનું કહેવું છે કે, રામાયણમાં પણ જે રામરાજ્યની વિભાવના દર્શાવાઈ છે તેમાં ચોરી, કૌભાંડ, લાંચ વગેરેને જઘન્ય ગુનો ગણવામાં આવ્યો છે. રામાયણની ચોપાઈમાં લખાયું છે કે, જો રાજ્યમાં ચોરી થાય તો રાજા અને તેના ગુપ્તચરોની નિષ્ફળતા કહેવાય છે. રાજા માટે તે શરમજનક બાબત ગણાય છે અને જે-તે વ્યક્તિનું નુકસાન રાજકોષમાંથી ભરપાઈ કરવામાં આવે છે. ભ્રષ્ટાચાર, લાંચ અને કૌભાંડને પણ જઘન્ય અપરાધ ગણવામાં આવતો હતો. તેમાં પકડાયેલી વ્યક્તિને સખત કારાવાસ કે પછી દેશવટો આપવામાં આવતો હતો. અત્યારે તો સત્તામાં રહેલા લોકો જ કૌભાંડ કરવા, લાંચ લેવા અને પ્રજાને પીડા આપવાના પડદા પાછળના પરવાના આપી દે છે. તેમના જ મળતીયાઓ દ્વારા ઉઘાડી લૂંટ ચલાવાય છે. હવે તો તેઓ માણસ જ નહીં ભગવાનને પણ લૂંટવામાં પાવરધા થઈ ગયા છે.

અયોધ્યાના શ્રી રામ મંદિરમાં દાનની રકમની ચોરી કરવામાં આવી છે તે કોઈ પહેલી ઘટના નથી. લોકોનો આક્રોશ છે કે, જે દિવસથી રામ જન્મભૂમી તિર્થસ્થાનનો પાયો નંખાયો અને તેના માટે દેશભરમાં દાનના રકમની ઉઘરાણી કરવામાં આવી હતી ત્યાંથી આજદિન સુધી રામ મંદિર કે તેના નામે મળેલા કરોડો અને અબજો રૂપિયાનો તાળો મળે તેમ નથી. ભાજપના સત્તાધારીઓ અને તેમના મળતીયાઓએ આ મંદિરને લાંચ, ભ્રષ્ટાચાર અને તોડબાજીનું કેન્દ્ર બનાવી દીધું છે. રામરાજ્યમાં આવા ભ્રષ્ટાચારીઓ જ જલસા કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી ૨૦૨૪માં ભગવાન રામનું મંદિર તૈયાર કરવામાં આવ્યું હતું. જૂન ૨૦૨૪માં શરૂ થયેલા ચોમાસાના પહેલા જ રાઉન્ડમાં મંદિરની અવદશા થઈ ગઈ હતી. મંદિર પરિસરમાં ઠેરઠેર પથ્થરો ઉખડી ગયા હતા, ખાડા પડી ગયા હતા. જાળીઓ પડી ગઈ હતી કે ખરાબ થઈ ગઈ હતી. મુખ્ય માર્ગોની અવદશા થઈ ગઈ હતી. તેનાથી પણ ભયાનક સ્થિતિ એવી થઈ હતી કે, રામ લલાની મૂર્તિ જ્યાં હતી તે ગર્ભગૃહમાં જ છત ટપકવા લાગી હતી. ભગવાનની મૂર્તિના પાછળના ભાગમાં પાણી પડતું હતું. આ સિવાય રામ લલાના નામે જે હોસ્પિટલ બનાવી હતી તેની સિલિંગ ટકપતી હતી, છત તૂટી ગઈ હતી. ગુજરાતમાં કરોડોનું કૌભાંડ કરી ચૂકેલી જ એજન્સીને ત્યારે અયોધ્યામાં કૌભાંડ કરવાના કોન્ટ્રાક્ટ અપાયા હતા. તેણે અને નેતાઓને મિલિભગત કરીને લોકોની આસ્થાના કરોડો રૂપિયા ઘર ભેગા કરીને અયોધ્યા પરિસરની અવદશા કરી નાખી હતી.

# મનરૂપી માછલી અને કૃષ્ણ ભક્તિની પ્રાપ્તિ મચ્છવેધથી મુક્તિ સુધીનો આધ્યાત્મિક પ્રવાસ




વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


માનવજીવન એક રણસંગ્રામ છે, જ્યાં સૌથી મોટું યુદ્ધ બહારના શત્રુઓ સાથે નહીં,પણ પોતાના જ મન સાથે લડવાનું છે.શાસ્ત્રો કહે છે કે મન એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયોઃમન જ બંધન અને મોક્ષનું કારણ છે. અહીં આપેલો વિચાર'આપણે જ સંસારમાં મચ્છવેધ કરવાનો છે'આ જ સત્યને ઉજાગર કરેછે મહાભારતના દ્રૌપદી સ્વયંવર માં અર્જુને ફરતી માછલીની આંખ વીંધી હતી.પણ આધ્યાત્મિક જીવનમાં દરેક જીવે પોતાના મનરૂપી માછલાને વિવેકરૂપી બાણથી વીંધવાનો છે.કારણ કે જ્યાં સુધી મન કાબૂમાં ન આવે, ત્યાં સુધી શ્રીકૃષ્ણ ભક્તિરૂપી દ્રૌપદી મળતી નથી. સાથે જ, જ્યારે દેહની પીડા એટલે કે સિકલસેલ જેવા રોગો મનને ઘેરી લે,ત્યારે આ મચ્છવેધ વધુ કઠિન બને છે.આ લેખ આ બે સ્તરે ચાલતા યુદ્ધ આંતરિક મન અને બાહ્ય વ્યાધિને જોડીને ચિંતન કરે છે.

*મચ્છવેધનું રહસ્ય:મન એટલે શું?મન પાણીમાં તરતી માછલી જેવું ચંચળ છે.તે ક્ષણમાં વિષયો માં ડૂબકી મારે છે,ક્ષણમાંવાસના ના પ્રવાહમાં તણાય છે. આપણે આખી જિંદગી તેની ઈચ્છા પૂરી કરવામાં વિતાવીએ છીએ. મોજશોખ, ભોગ, સંગ્રહની લાલસા આ બધામાં કેટલું ખર્ચ્યું તેનો હિસાબ નથી રાખતા. પણ કોઈ સત્કાર્યમાં એક સો રૂપિયા આપ્યા હોય તો આખી જિંદગી યાદ રાખીએ છીએ. આ જ મનની માયા છે. અંતકાળે પણ જીવ પોતાનું શું થશે તેના બદલે 'છોકરીનું શું થશે, ભાણાભાઈનું શું થશે' એ ચિંતામાં જીવે છે. પણ શાસ્ત્ર સ્પષ્ટ કહે છે:મનને ગમે તે કરશો નહીં. મન માગે તે આપશો નહીં. ઉપવાસ, જપ, સેવા, સંયમ દ્વારા મનને ધીરે ધીરે કાબૂમાં લેવાનું છે. જેમ માછલીને પાણી બહાર કાઢો એટલે તરફડે, એમ મનને વિષયોમાંથી બહાર કાઢો એટલે તે તરફડશે, પણ ધીરજ રાખશો તો કાબૂમાં આવશે.

*વિવેકરૂપી બાણ અને કૃપાદષ્ટિ માછલીને વીંધવા બાણ જોઈએ. અહીં બાણ એટલે વિવેક. સારું-નરસું, નિત્ય-અનિત્ય, આત્મા-અનાત્મા નો વિવેક. પણ માત્ર પ્રયત્નથી કામ ન ચાલે. અર્જુન મહાન ધનુર્ધર હતો, છતાંતેની પાછળ શ્રીકૃષ્ણસારથિ હતા. તેવી જ રીતે, જીવ જ્યારે મનને મારવા તૈયાર થાય ત્યારે પ્રભુની કૃપાદષ્ટિ અનિવાર્ય છે

લેખમાં કહ્યું તેમ, પ્રભુની કૃપા દષ્ટિનું દાન ન કરે, ત્યાં સુધી મન મરતું નથી.મન મરે એટલે અહંકાર,વાસના,તૃષ્ણા શાંત થાય અને મન મરે તો જ ભક્તિ દ્રૌપદી પ્રાપ્ત થાય. દ્રૌપદી એટલે શ્રીકૃષ્ણભક્તિ. જેને સાચી ભક્તિ મળે, તેના જીવનરથના સારથિ સ્વયં ભગવાન બને છે.

*અર્જુનનો પસ્તાવો: આપણા સૌની કથા અર્જુનને યુદ્ધ જીત્યા પછી પસ્તાવો થયો. શ્રીકૃષ્ણે કહ્યું 'માગ, જે જોઈએ તે માગ'. પણ અર્જુને માત્ર 'યુદ્ધમાં જીત' માગી. તે કહે છે, મોટાભાઈ, મને માગતા આવડ્યું નહીં. હું મૂર્ખ હતો.

આપણી સ્થિતિ પણ એવી જ છે. આપણે મંદિરે જઈને નોકરી, પૈસા, સંતાન, આરોગ્ય માગીએ છીએ. પણ 'હે પ્રભુ, મારું મન તારા ચરણોમાં લાગી જાય એવું વરદાન આપ' એવું ક્યારેય માગતા નથી. કારણ કે મન જ માગવા દેતું નથી. તેથી જ પ્રાર્થના અનિવાર્ય છે. પ્રાર્થના એ કૃપા આકર્ષવાનું સાધન છે.

*દેહનો મચ્છવેધ: સિકલ સેલ રોગની પીડા મનનો મચ્છ વેધ કઠિન છે, પણ જ્યારે દેહ જ રોગિષ્ઠ હોય ત્યારે યુદ્ધ બેવડું બને છે. ૧૯ જૂને ઉજવાતો વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસ_ આપણને એ યાદ અપાવે છે. સિકલ સેલ રોગ આનુવંશિક છે, ખાસ કરીને ભારતની આદિવાસી વસ્તીમાં વધુ જોવા મળે છે. દર્દીને આજીવન અસહ્ય દુઃખાવો, એનીમિયા, અંગોને નુકસાન વેઠવું પડે છે. ડબલ્યુએસસીડી ૨૦૨૪ની થીમ હતી'પ્રગતિ દ્વારા આશા: વૈશ્વિક સ્તરે સિકલ સેલ સંભાળને આગળ વધારવી'. અરાકુ ખીણના દર્દીઓએ જ્યારે પોતાની સામનો કરવાની વ્યૂહરચના કહી,ત્યારે તે શ્રોતાઓ માટે પ્રેરણારૂપ બન્યું. સીટીયુએપી ના વાઇસ-ચાન્સેલર પ્રો. ટી.વી. કટ્ટીમણીએ સાચું કહ્યું કે આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય પ્રણાલી મજબૂત કરવી જરૂરી છે.૨૦૨૧માં ભારત સરકારે શરૂ કરેલ _ સિકલ સેલ મિશન આ દિશામાં મહત્વનું પગલું છે.

અહીં મન અને શરીરનો સંબંધ સમજવા જેવો છે. રોગથી પીડાતું શરીર મનને વધુ ચંચળ, નિરાશ, ક્રોધી બનાવે છે. ત્યારે મચ્છવેધ એટલે માત્ર વાસના પર વિજય નહીં, પણ પીડામાં પણ પ્રભુનું સ્મરણ ટકાવી રાખવાની સાધના બની જાય છે.

*બેવડો મચ્છવેધ, એક જ લક્ષ્ય આપણું જીવન બે સ્તરે મચ્છ વેધ માગે છે. એક, અંદરના મન રૂપી માછલીને વિવેક અને કૃપા થી વીંધવાનો. બીજો,સિકલ સેલ જેવા રોગો સામે જાગૃતિ, સારવાર અને સહાનુભૂતિથી લડવાનો.

પહેલો મચ્છવેધ સફળ થાય તો ભક્તિ-દ્રૌપદી મળે અને ભગવાન સારથિ બને. બીજો મચ્છવેધ સફળ થાય તો હજારો દર્દીઓને 'પ્રગતિ દ્વારા આશા' મળે. માટે આજે સંકલ્પ કરીએ: મન માગે તે નહીં આપીએ, પણ મનને પ્રભુ પાસે લઈ જઈશું. અને સમાજ તરીકે સિકલ સેલ જેવા રોગો પ્રત્યે આંખ આડા કાન નહીં કરીએ. કારણ કે સાચી ભક્તિ એ જ છે જે પોતાના મનને જીતે અને બીજા ની પીડા હરવા તત્પર બને. જ્યારે અંદર અને બહાર બંને મચ્છવેધ સફળ થશે, ત્યારે જ જીવનનું કુરુક્ષેત્ર ધર્મક્ષેત્ર બનશે.

# બીજા પ્રશ્ન ઉપનિષદમાં પ્રાણ એ વ્યક્તિગત નહીં પણ વૈશ્વિક શક્તિ છે! એ તથ્ય શું છે?

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાંપ્રત સમયમાં દરેક ક્ષેત્ર સામે કોઈ ને કોઈ પ્રશ્ન ઉભો છે, ચાહે એ રાજકીય ક્ષેત્ર હોય, સામાજિક ક્ષેત્ર હોય, વેપાર હોય, શિક્ષણ હોય, રમતગમત હોય, મેડિકલ ક્ષેત્ર, ન્યાય તંત્ર, વહીવટી તંત્ર, મનોરંજન ક્ષેત્ર, આરોગ્ય ક્ષેત્ર સ્વાસ્થ્ય ક્ષેત્ર, ખેતી અને એની ઉપજ ! બસ, ટ્રેન, પ્લેન અકસ્માતનું નિવારણ કેમ કરીશું? કુદરતી આપત્તિથી કેમ બચવું? પ્રદૂષણ કેમ ઘટાડવું?આવાં વિકાસની વાતોમાં પણ પ્રશ્નો જ છે? ઘરઘર સુધી સુખ સુવિધા પહોંચી કે નહીં! વગેરે, અને સૌથી વધુ પ્રશ્ન તો ધર્મ સામે છે! કારણકે વગર સમજે એને વિશે ચર્ચાઓ થાય છે, અને હવે તો સોશિયલ મીડિયા પણ આવાં અનેક પ્રશ્નોનુ જાણે કાયદેસરનું પ્લેટફોર્મ હોય, એમ પોતાનાં પ્રતિભાવો આપે છે, અને પ્રશ્નો પણ કરે છે! પ્રશ્ન ગમે તે ક્ષેત્રે થાય પણ એની અસર સમાજ પર પડે છે, અને આવાં એક કરતાં વધુ પ્રશ્નો એકસાથે જ્યારે ઉદભવે ત્યારે, જાણે સૂરજ આડે વાદળો આવી ગયાં હોય એમ અંધકાર છવાઈ જાય છે! અને દરેક એનો જવાબ શોધવાં અથવા તો સમાધાન માટે ચોક્કસ મથે છે! પરંતુ સાચી જગ્યાએ નહીં! પહેલા મોટેભાગે પ્રશ્નોનું નિવારણ ગુરુ દ્વારા જ થતું! અને હવે સૌની ગુરુતા ગ્રંથી કાર્યરત થઇ છે!આજે શુક્રવાર એટલે પ્રશ્ન ઉપનિષદનાં આગળનાં પ્રશ્નમાં શિષ્ય ગુરુને હવે ક્યો પ્રશ્ન કરે છે એ વિશે ચિંતન કરીશું




સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)


ભાર્ગવ વૈદર્ભિ નામનો શિષ્ય પિપ્પલાદ ઋષિને પૂછે છે:

ભગવન્! કત્યેવ દેવાઃ પ્રજાં વિધારયન્તે? કતર એતત્ પ્રકાશયન્તે? કઃ પુનરેષાં વરિષ્ઠઃ?

'હે ભગવન! કેટલી દેવશક્તિઓ આ શરીરને ધારણ કરે છે? કોણ તેને પ્રકાશિત કરે છે? અને તેમાં સર્વશ્રેષ્ઠ કોણ છે? આ પ્રશ્નના ઉત્તરમાં પિપ્પલાદ ઋષિ સમજાવે છે કે આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, વાણી, મન, ચક્ષુ, શ્રવણ વગેરે બધાં પોતાને મહત્વપૂર્ણ માને છે, પરંતુ અંતે પ્રાણ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરે છે. જ્યારે પ્રાણ બહાર જવા લાગે છે ત્યારે બધી ઇન્દ્રિયો અને શક્તિઓ નિર્બળ થઈ જાય છે, અને પ્રાણ સ્થિર થાય ત્યારે બધું સ્થિર થાય છે.આથી બીજા પ્રશ્નનો મુખ્ય વિષય છે: પ્રાણની મહત્તા અને શરીરમાં તેની સર્વોચ્ચ ભૂમિકા.

પ્રશ્નોપનિષદનાં બીજા પ્રશ્નમાં મુખ્યત્વે પ્રાણ એટલે કે જીવનશક્તિનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.

**પ્રાણો હિ એવૈતાન્ સર્વાન્ સંધત્તે।

પ્રાણ જ આ બધી શક્તિઓને એકસાથે જોડી રાખે છે અને ધારણ કરે છે.

**યથા સમ્રાડેવાધિકૃતાન્ વિનિયુંક્તે એતાન્ ગ્રામાન્ એતાન્ ગ્રામાનિતિ।

એવમેવ એષઃ પ્રાણ ઈતરાન્ પ્રાણાન્ પૃથક્ પૃથગેવ સન્નિધત્તે ॥

સામાન્ય રીતે જેમ રાજા પોતાનાં અધિકારીઓને જુદા જુદા ગામોનું કાર્ય સોંપે છે, તેમ મુખ્ય પ્રાણ શરીરમાં રહેલાં અપાન, વ્યાન, સમાન અને ઉદાન વગેરે પ્રાણોને અલગ અલગ કાર્યોમાં નિયુક્ત કરે છે.અર્થાત્ શરીરની તમામ ક્રિયાઓ પાછળ એક કેન્દ્રીય જીવનશક્તિ કાર્યરત છે, અને એ બ્રહ્મની.

**અરા ઇવ રથનાભૌ પ્રાણે સર્વં પ્રતિષ્ઠિતમ્ । ઋચો યજૂંષિ સામાનિ યજ્ઞઃ ક્ષત્રં બ્રહ્મ ચ ॥

સામાન્ય રીતે જેમ રથના પૈડાનાં બધાં આરા નાભિ સાથે જોડાયેલ હોય છે, તેમ સમગ્ર જગત, વેદો, યજ્ઞો, જ્ઞાન અને શક્તિ બધું પ્રાણમાં જ સ્થિત છે. પરંતુ સમગ્ર સૃષ્ટિ એક જ દિવ્ય જીવનશક્તિ પર આધારિત છે, અને એટલે પ્રાણ એ વ્યક્તિગત નહીં પરંતુ વૈશ્વિક શક્તિ છે.

**પ્રાણસ્યેદં વશે સર્વં ત્રિદિવે યત્ પ્રતિષ્ઠિતમ્| માતેવ પુત્રાન્ રક્ષસ્વ શ્રીઃ ચ પ્રજ્ઞાં ચ વિધેહિ નઃ| સામાન્ય રીતે ત્રણે લોકમાં જે કંઈ છે તે બધું પ્રાણનાં આધીન છે. હે પ્રાણ! માતા જેમ પોતાનાં સંતાનોની રક્ષા કરે છે, તેમ અમારી રક્ષા કરો, અને સમૃદ્ધિ તથા પ્રજ્ઞા આપો. પ્રાણ એટલે જ ઈશ્વર! અને આત્મ વંદન કરે છે. સાધક પ્રાણમાં એટલે કે આત્મ શક્તિની શરણાગતિ સ્વીકારે છે.સાચી સમૃદ્ધિ માત્ર ધન નહીં,પણ પ્રજ્ઞા એટલે કે આત્મજ્ઞાન છે, તત્વતઃ એ સત્ય સમજાય છે. આ રીતે પ્રાણની ઉપાસના અંતે આત્મસાક્ષાત્કાર તરફ લઈ જાય છે. બીજા પ્રશ્નનો સાર એટલો છે કે શરીરમાં અનેક શક્તિઓ કાર્ય કરે છે, પરંતુ પ્રાણ સર્વોચ્ચ છે. પ્રાણનાં આધારે જ મન, ઇન્દ્રિયો અને શરીર કાર્ય કરે છે. પ્રાણ વ્યક્તિગત શ્વાસ નહીં, પરંતુ બ્રહ્મની અભિવ્યક્તિ છે. પ્રાણની સાધના અને પ્રાણાયામ દ્વારા મનને સ્થિર કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.આ શ્લોકો બીજા પ્રશ્નનાં સૌથી મહત્વપૂર્ણ મંત્રો ગણાય છે. **જગતગુરુ શંકરાચાર્ય કહે છે કે આપણાં શરીરનો પ્રાણ એ વ્યક્તિગત નથી, બ્રહ્મની શક્તિ છે, જે એણે આપણા શરીર સાથે જોડી છે. ઉદાહરણ તરીકે વીજળી જાય તો પંખો લાઈટ કોમ્પ્યુટર વગેરે સાધનો ક્રિયા કરી શકતાં નથી, એમ પ્રાણ વગર આ શરીર નામનું સાધન નકામું છે!

** સ્વામી વિવેકાનંદ કહે છે કે પ્રાણ વિચારોની શક્તિ,શરીરની ગતિ, અને કુદરતી બળો, રીતે શરીરમાં અને વિશ્વમાં પ્રવર્તે છે, એટલે કે આ બધા પ્રાણના વિવિધ સ્વરૂપો છે. ઉદાહરણ તરીકે સમુદ્રમાં ઊઠતા જુદા જુદા મોજાં દેખાવમાં અલગ હોય છે, પણ બધાં પાણી જ છે. તેવી જ રીતે વિવિધ શક્તિઓનું મૂળ એક જ પ્રાણ છે.

** સ્વામી ચિન્મયાનંદ કહે છે કે શરીર તથા એની ઈન્દ્રિયો અહમ કરે છે, કે અમે છીએ એટલે જ મનુષ્ય આટલો મહાન છે! પણ જેવું પ્રાણ તત્વ બહાર નીકળે છે, ત્યારે ઈન્દ્રિયો નબળી પડી જાય છે.

** સ્વામી રંગનાથન કહે છે કે ઉપનિષદ આપણને એકતાનો પાઠ ભણાવે છે! જેમ રાણી મધમાખી જ મધપૂડાની રચના કરનાર છે, ભલે એ મધ એકઠું કરવા જતી નથી! છતાં એ બહાર નીકળી જાય તો બાકીની માખી એની પાછળ પાછળ ચાલે છે, એમ પ્રાણ એ બ્રહ્મ શક્તિનું સૌથી મોટું પ્રમાણ છે. સાંપ્રત સમયમાં વૈશ્વિક શાંતિ માટે સદગુરુ પણ ચિંતન દ્વારા આપણી દિવ્ય ચેતનાનો વિસ્તાર કરી રહ્યા છે. પ્રાણ માત્ર શ્વાસ નથી, પરંતુ ઈશ્વરની જીવંત શક્તિ છે, અને એ રીતે ઈશ્વરની હાજરીનું પ્રમાણ છે. મન, ઇન્દ્રિયો અને આખું શરીર પ્રાણનાં આધારે જ કાર્ય કરે છે.

# નડીયાદ આઈકોનિક બસ ટર્મિનલ પ્રોજેક્ટ અંગે સર્કિટ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

## બસ ટર્મિનલ પ્રોજેક્ટની કામગીરી અંદાજે 70 ટકા પૂર્ણ- દિવાળી સુધી નવા બસ સ્ટેશનને કાર્યરત કરવાનું આયોજન








**નડીયાદ, તા.18**

આઈકોનિક બસ ટર્મિનલમાં મુસાફરો માટે ઈન્કવાયરી અને રિઝર્વેશન ઓફિસ, ટુરિસ્ટ ઈન્ફોર્મેશન સેન્ટર, રેસ્ટ રૂમ, કેન્ટીન, રેસ્ટોરન્ટ, રિટેલ શોપ્સ, ડોર્મેટરી, આધુનિક ટોઈલેટ બ્લોક સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હશે

નડીયાદ આઈકોનિક બસ ટર્મિનલ પ્રોજેક્ટ અંગે સર્કિટ હાઉસ ખાતે મહત્વપુર્ણ બેઠક યોજાઈ હતી. ગુજરાત સરકારની PACના ચેરમેન અને નડીયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, ટ્રાન્સપોર્ટ કમિશનર તથા GSRTCના એડિશનલ ચાર્જ અધિકારી ડૉ. રાજેન્દ્ર કુમાર અને જિલ્લા કલેકટરએન.વી.ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં નવુ આઈકોનિક બસ ટર્મિનલ સત્વરે કાર્યરત થાય તેના આયોજન માટે ચર્ચા કરવામા આવી હતી.

બેઠક બાદ અધિકારીઓએ નડીયાદ ખાતે નિર્માણાધીન આઈકોનિક બસ ટર્મિનલની મુલાકાત લઈ પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા કરી હતી. અંહી કોન્ટ્રાક્ટર્સને નિષ્ચિત સમયમર્યાદામાં બસ સ્ટેશન નિર્માણની કામગીરીને પુર્ણ કરવાની સૂચના આપવામાં આવી હતી.

રૂ. 88.03 કરોડના કુલ ખર્ચે તૈયાર થઈ રહેલા આ પ્રોજેક્ટમાં રૂ. 13.58 કરોડનો બસ ટર્મિનલ અને રૂ. 74.45 કરોડની કોમર્શિયલ સુવિધાઓનો સમાવેશ થાય છે. હાલ પ્રોજેક્ટની કામગીરી અંદાજે 70 ટકા પૂર્ણ થઈ હોવાનું જણાવાયું છે. આ તકે ધારાસભ્યપંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે દિવાળી સુધી નવા બસ ટર્મિનલમાં નવું બસ સ્ટેશન કાર્યરત થઈ જાય અને બસો ઉભી રહે તેવું આયોજન કરવામાં આવશે અને ત્યારબાદ શોપિંગ એરિયાનું કામ પૂર્ણ કરવામાં આવશે જે અંગેનું આયોજન કરવામાં આવેલ છે.

20,664 ચો.મી. વિસ્તારમાં વિકસિત થઈ રહેલા આ ટર્મિનલમાં જી+4 માળ અને એક બેઝમેન્ટ સાથે 26 બસ પ્લેટફોર્મની સુવિધા હશે. મુસાફરો માટે પીએ સિસ્ટમ, ઈન્કવાયરી અને રિઝર્વેશન ઓફિસ, ટુરિસ્ટ ઈન્ફોર્મેશન સેન્ટર, ક્લોક રૂમ, વહીવટી કચેરી, પાર્સલ સ્ટોર રૂમ, રેસ્ટ રૂમ, કેન્ટીન, રેસ્ટોરન્ટ, રિટેલ શોપ્સ, ડોર્મેટરી, આધુનિક ટોઈલેટ બ્લોક સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ ઉપરાંત RCC પાર્કિંગ, લેન્ડસ્કેપિંગ, ડિજિટલ ડિસ્પ્લે, CCTV સર્વેલન્સ, વેરીએબલ મેસેજ સાઈન બોર્ડ, વ્હીલચેર, લગેજ ટ્રોલી, ફૂડ કોર્ટ, મલ્ટીપ્લેક્સ, વ્યાવસાયિક ઓફિસો, શોરૂમ અને બજેટ હોટલ જેવી સુવિધાઓ પણ પ્રોજેક્ટમાં સામેલ છે.

આ બેઠકમાં જનરલ મેનેજર (સંચાલક) એ.ડી. જોષી, મેયર મનીષભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર ઉપાધ્યાય, નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર કિરણભાઈ ઝવેરી, ડેપ્યુટી કમિશ્નરશ્રીઓ, ડેપ્યુટી મેયર કલ્પેશભાઈ રાવળ, એસ.ટી. વિભાગના અધિકારીઓ તેમજ કતિરા ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ પ્રા. લી.ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બિલોદરા જેલ ખાતે 'HH X-Ray' કેમ્પમાં 561 કેદીઓના ચેસ્ટ એક્સ-રે દ્વારા આરોગ્ય સ્કીનિંગ કરવામાં આવ્યું



**નડીયાદ, તા.18**

ખેડા જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોરે આજે બિલોદરા જેલની મુલાકાત લઈ કેદીઓના કલ્યાણ માટે ઉપલબ્ધ સુવિધાઓ તેમજ જેલમાં અમલમાં રહેલી વિવિધ પ્રક્રિયાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીએ જેલ ખાતે યોજાયેલા આરોગ્ય ચકાસણી કેમ્પની પણ મુલાકાત લીધી હતી. આ કેમ્પમાં કેદીઓના એક્સ-રે, હિમોગ્લોબિન (HB), બ્લડ શુગર, બ્લડ પ્રેશર (BP) અને બોડી માસ ઈન્ડેક્સ (BMI) જેવી આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેલમાં કુલ ૫૬૧ કેદીઓનું એક્સ-રે દ્વારા આરોગ્ય સ્ક્રીનિંગ કરવામાં આવ્યુ. જેથી ક્ષયરોગ (ટીબી) સહિતના રોગોની વહેલી તકે ઓળખ કરી જરૂરી સારવાર પૂરી પાડી શકાય. ટીબીના વહેલા નિદાન અને સમયસર સારવાર દ્વારા ટીબી મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા આ કાર્યક્રમ મહત્વપૂર્ણ છે એમ આ તકે ઉપસ્થિત જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. ડી. એન. બારોટે જણાવ્યું હતુ.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આરોગ્ય વિભાગના અધિકારીઓ અને સ્ટાફને કેદીઓને નિયમિત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા તથા જરૂરિયાત મુજબ તાત્કાલિક સારવાર પૂરી પાડવા સૂચના આપી હતી. આ ઉપરાંત તેમણે રોગપ્રતિકારક પગલાંઓ અંગે પણ માહિતી મેળવી હતી.

જેમાં પીવાના પાણીના ક્લોરીનેશન, મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ફોગિંગ કામગીરી તેમજ એક કેદીના બાળકના રસીકરણ અંગે પૂછપરછ કરી હતી. આ પ્રસંગે શ્રી મલેક જયકર દ્વારા સંબંધિત વિગતો રજૂ કરવામાં આવી હતી અને જેલમાં નિયમો મુજબ તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જેલમાં આરોગ્ય, સ્વચ્છતા અને કેદી કલ્યાણ સંબંધિત કામગીરીની પ્રશંસા કરી હતી તેમજ કેદીઓના આરોગ્ય અને સુખાકારી માટે સતત સતર્ક રહેવા સૂચન કર્યું હતું.

## પશ્ચિમ રેલવે ચલાવશે ત્રણ જોડી નીટ પરીક્ષા સ્પેશિયલ ટ્રેનો

**અમદાવાદ, તા.18**

પશ્ચિમ રેલવે દ્વારા રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET-2026)માં ભાગ લેનાર ઉમેદવારોની સુવિધા તથા વધારાની યાત્રાની માંગને ધ્યાનમાં રાખીને વિશેષ ભાડા પર ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

1. ટ્રેન સંખ્યા 09472/09471 મણિનગર-બાંદ્રા ટર્મિનસ-મણિનગર સ્પેશિયલ [02 ફેરા]

ટ્રેન સંખ્યા 09472 મણિનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ મણિનગરથી સવારે 08:30 વાગ્યે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે સાંજે 18:15 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. એ જ રીતે, ટ્રેન સંખ્યા 09471 બાંદ્રા ટર્મિનસ-મણિનગર સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ બાંદ્રા ટર્મિનસથી રાત્રે 21:15 વાગ્યે પ્રસ્થાન કરશે અને રવિવાર, 21 જૂન, 2026ના રોજ સવારે 06:00 વાગ્યે મણિનગર પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં આણંદ, વિશ્વામિત્રી, ભરુચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર તથા બોરીવલી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

2. ટ્રેન નં. 09554/09553 ઓખા-ગાંધીનગર કેપિટલ-ઓખા સ્પેશિયલ [02 ફેરા]

ટ્રેન સંખ્યા 09554 ઓખા-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ ઓખાથી સવારે 05:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે 15:00 વાગ્યે ગાંધીનગર કેપિટલ પહોંચશે. એ જ રીતે, ટ્રેન સંખ્યા 09553 ગાંધીનગર કેપિટલ-ઓખા સ્પેશિયલ રવિવાર, 21 જૂન, 2026ના રોજ ગાંધીનગર કેપિટલથી 20:55 વાગ્યે પ્રસ્થાન કરશે અને સોમવાર, 22 જૂન, 2026ના રોજ 06:40 વાગ્યે ઓખા પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં દ્વારકા, ભાટિયા, ખંભાળિયા, કાનાલુસ, જામનગર, હાપા, પડધરી, રાજકોટ, વાંકાનેર, થાન, મૂળી રોડ, સુરેન્દ્રનગર, વિરમગામ, આંબલી રોડ અને ચાંદલોડિયા બી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

3. ટ્રેન સંખ્યા 09254/09253 ભાવનગર ટર્મિનસ-ગાંધીગ્રામ-ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ [02 ફેરા] ટ્રેન સંખ્યા 09254 ભાવનગર ટર્મિનસ-ગાંધીગ્રામ સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ ભાવનગર ટર્મિનસથી 11:40 વાગ્યે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે 16:10 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. એ જ રીતે, ટ્રેન સંખ્યા 09253 ગાંધીગ્રામ-ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ રવિવાર, 21 જૂન, 2026ના રોજ ગાંધીગ્રામથી 20:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને સોમવાર, 22 જૂન, 2026ના રોજ 00:35 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા અને સરખેજ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન સંખ્યા 09472/09471, 09554/09553 અને 09253/09254 માટેનું બુકિંગ 19 જૂન, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ કરવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય તથા કોચ સંરચનાની વિગતવાર માહિતી www.enquiry.indianrail.gov.in પરથી પ્રાપ્ત કરી શકાય છે.

## ખેડુતોએ ચોમાસુ સીઝન માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડૂતો કાળજી રાખવી

**નડીયાદ, તા.18**

ખેડા જિલ્લાના તમામ ખેડૂતોને આગામી ચોમાસુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે,બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનીખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય. બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ. લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું પાકુ બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો.

## "12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના – વિકસિત ભારતના સંકલ્પ સાથે"

**નડીયાદ, તા.18**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને મહેમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે આજે જનકલ્યાણ શિબિર યોજાઈ હતી.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ સહિત મહાનુભાવોએ વિવિધ વિભાગો દ્વારા ઉભા કરાયેલા સ્ટોલોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ સાધી યોજનાઓના લાભ અંગે માહિતી મેળવી હતી.

શિબિર દરમિયાન વિવિધ સરકારી જનકલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી. સાથે જ પાત્ર લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકારની કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે અને નાગરિકોનું જીવન વધુ સુખાકારીમય બને તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ, મામલતદાર કચેરી,



પશુપાલન વિભાગ તેમજ ગ્રામ વિકાસ વિભાગ સહિતના વિવિધ સરકારી વિભાગોએ સક્રિય ભાગ લીધો હતો. લાભાર્થીઓને આયુષ્માન ભારત યોજના, નિરાધાર વૃદ્ધ સહાય યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, પોષણલક્ષી યોજનાઓ, આધારકાર્ડ સુધારા, મતદાર યાદી સુધારા તથા પશુપાલન સેવાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. જનકલ્યાણ શિબિરને નાગરિકો તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો અને સરકારની જનહિતલક્ષી યોજનાઓને લોકો સુધી વધુ અસરકારક રીતે પહોંચાડવાના પ્રયાસોને બળ મળ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ પ્રશાંતભાઈ પટેલ, હસમુખભાઈ વાઘેલા, કારોબારી ચેરમેન રાકેશભાઈ સોઢા, ભાજપ શહેર પ્રમુખ જયભાઈ ભટ્ટ, મહામંત્રી કેતનભાઈ, મામલતદાર દેસાઈ, નગરપાલિકાના સભ્યઓ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને નાગરિકોએ ઉપસ્થિત રહ્યા હતા.

## 'યોગ ફોર હેલ્ધી એજિંગ' થીમ હેઠળ 21 જૂન, રવિવારના રોજ વિશ્વ યોગ દિવસ કાર્યક્રમની ઉજવણી

# ખેડા જિલ્લામાં એક સાથે એક જ સમયે 16 સ્થળો પર સવારે 06:00 કલાકે યોજાશે યોગ દિવસ ઉજવણી કાર્યક્રમો......

## નડિયાદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, યોગી ફાર્મ ખાતે યોજાશે જિલ્લા કક્ષાનો યોગ દિવસ કાર્યક્રમ

## ખેડા જિલ્લામાં યોગ કાર્યક્રમોની સફળ ઉજવણીના આયોજન માટે કલેકટર એન.વી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

**નડીયાદ, તા.18**

યોગ ફોર હેલ્ધી એજિંગ થીમ હેઠળ ૨૧ જૂન, રવિવારના રોજ સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ત્યારે ખેડા જિલ્લામાં પણ જિલ્લાકક્ષા, તાલુકાકક્ષા, નગરપાલિકા કક્ષ તેમજ વિવિધ આઈકોનિક સ્થળો ખાતે યોગ દિવસ ઉજવણી કાર્યક્રમોનું આયોજન કરવામા આવનાર છે. આ સંદર્ભે જિલ્લા કલેકટર એન.વી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે એક મહત્વપુર્ણ બેઠક યોજાઈ હતી.

ખેડા જિલ્લામાં નડિયાદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૧ જૂન, રવિવારના રોજ સવારે ૦૬:૦૦ કલાકે જિલ્લા કક્ષાનો યોગ દિન ઉજવણી કાર્યક્રમ યોજાશે. જેમાં, મહેસુલ પંચાયત અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાની સવિશેષ ઉપસ્થિતિ રહેશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં અંદાજિત ૩૦૦૦ જેટલા યોગસાધકો યોગ કરી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા કટિબદ્ધ બનશે.

ત્યારે ખેડા જિલ્લામાં યોગ ઉજવણી કાર્યક્રમમાં કોઈ કચાસ ન રહી જાય અને તમામ કાર્યક્રમની સફળ ઉજવણી કરવામાં આવે તે માટે કલેકટર એન.વી.ઉપાધ્યાય દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને કાર્યક્રમ સ્થળોએ યોગ સાધકો માટે એનર્જી ડ્રિંક્સ અને પીવાના પાણીની વ્યવસ્થા કરવા, યોગ્ય સાઉન્ડ સિસ્ટમ, યોગ મેટ તથા એલઈડી સ્ક્રીન લગાવવા સહિતની બાબતોનું ચોક્કસ આયોજન કરવા કલેકટરશ્રીએ સૂચના આપી હતી.



આ ઉપરાંત કાર્યક્રમના સ્થળ પર યોગ્ય સ્વચ્છતા સુનિશ્ચિત કરવા કહ્યું હતું.

આ સિવાય, તાલુકા કક્ષા તથા નગરપાલિકા કક્ષાએ પણ માઈક્રો પ્લાનિંગ દ્વારા યોગ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાય તે માટે સંબંધિત પ્રાંત અધિકારીઓશ્રીઓને યોગ્ય સંકલિત કામગીરી કરવા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

જિલ્લા કક્ષાના નડિયાદ યોગીફાર્મ ખાતે આયોજિત કાર્યક્રમ સિવાય, નડિયાદ મહાનગરપાલિકા કક્ષાનો યોગ દિવસ ઉજવણી કાર્યક્રમ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ મરીડા ભાગોળ, નડિયાદ ખાતે યોજાશે. નડિયાદ તાલુકા કક્ષાનો કાર્યક્રમ સ્વામિનારાયણ મંદિર, વડતાલ ખાતે, ખેડા તાલુકાકક્ષા અને નગરપાલિકાકક્ષાનો સંયુક્ત કાર્યક્રમ એચ.એન.ડી. પારેખ હાઈસ્કુલ, ખેડા ખાતે, મહેમદાવાદ તાલુકા કક્ષાનો અને નગરપાલિકા સંયુક્તનો કાર્યક્રમ સોનાવાલા હાઈસ્કુલ, મહેમદાવાદ ખાતે, મહુધા તાલુકા કક્ષા અને નગરપાલિકાકક્ષાનો સંયુક્ત કાર્યક્રમ પટેલ વાડી ગાયત્રી મંદિર, મહુધા ખાતે, માતર તાલુકા કક્ષાનો કાર્યક્રમ એન.સી પરીખ હાઈસ્કુલ, માતર ખાતે, કઠલાલ તાલુકા કક્ષા અને નગરપાલિકા કક્ષાનો સંયુક્ત કાર્યક્રમ એમ. આર. શેઠ હાઈસ્કુલ, કઠલાલ ખાતે, કપડવંજ તાલુકા કક્ષા અને નગરપાલિકા કક્ષાનો સંયુક્ત કાર્યક્રમ શેઠ એમ.પી. હાઈસ્કૂલ, કપડવંજ ખાતે, ઠાસરા તાલુકાકક્ષા અને નગરપાલિકા કક્ષાનો સંયુક્ત કાર્યક્રમ શ્રી જે.એમ.દેસાઈ હાઈસ્કૂલ, ઠાસરા ખાતે, વસો તાલુકા કક્ષાનો કાર્યક્રમ એ.જે. હાઈસ્કુલ, વસો ખાતે, ગળતેશ્વર તાલુકા કક્ષાનો કાર્યક્રમ ગળતેશ્વર મંદિર પરિસર, ફાગવેલ તાલુકા કક્ષાનો કાર્યક્રમ પે-સેન્ટર શાળા, ફાગવેલ ખાતે, કણજરી નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ મહાત્મા ગાંધી વિદ્યાલય, કણજરી ખાતે, ચકલાસી નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ ભારતીય વિનય મંદિર હાઈસ્કુલ, ચકલાસી ખાતે અને ડાકોર નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ ગોમતીઘાટ ડાકોર ખાતે યોજાનાર છે.

આ સિવાય પરિએજ તળાવ અને ગળતેશ્વર વન ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત તમામ પી.એચ.સી સેન્ટર, સી.એચ.સી સેન્ટર, શાળા, કોલેજ, આઈટીઆઈ સંકુલો, દૂધ મંડળીઓ અને પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ત્યારે આ તમામ સ્થળોએ યોગ દિવસ ઉજવણી ક્રાયક્રમમાં સહભાગી બનવા જિલ્લાના નાગરીકોને વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવે છે.

નોંધનીય છે કે યોગ દિવસ ઉજવણી કાર્યક્રમ સ્થળો પર ખાસ એલઈડી સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવશે જેના દ્વારા વડાપ્રધાન અને મુખ્યમંત્રીના કાર્યક્રમનું જીવન પ્રસારણ નિહાળવામાં આવશે.

આ બેઠકમાં એસ.આર.પી ગ્રુપ કમાન્ડન્ટ પી.પી. વ્યાસ, નિવાસી અધિક કલેકટર જે.બી.દેસાઈ, એડિશનલ કલેકટર વિમલ બારોટ, નાયબ કલેકટર એચ.કે.ગઢવી, નાયબ પોલીસ અધિક્ષક દિવ્યાબેન જાડેજા, પ્રાંત અધિકારી નડિયાદ નિર્ભય ગોંડલીયા, ડેપ્યુટી કમિશનર આનંદ ઉકાણી સહિત લાઈન ડિપાર્ટમેન્ટના તમામ ઉચ્ચ અધિકારીઓ સ્વ ઉપસ્થિત રહ્યા હતા અને અન્ય પ્રાંત અધિકારીઓ ઓનલાઈન માધ્યમથી બેઠકમાં જોડાયા હતા.

# આર્જેન્ટિનાના ભવ્ય વિજયમાં હેટ્રિક સાથે મેસ્સી છવાઈ ગયો

## મેસ્સી...મેસ્સીના નારા વચ્ચે સુપર સ્ટારે વર્લ્ડ કપની પોતાની પ્રથમ હેટ્રિક નોંધાવી, અલ્જીરિયા 3-0થી હાર્યું

**વોશિંગ્ટન, તા.18**

લાયોનેલ મેસ્સીએ ફિફા ફૂટબોલ વર્લ્ડ કપમાં પોતાની પહેલી હેટ્રિક નોંધાવતાં આર્જેન્ટિનાએ 2026ના ફૂટબોલના આ મહાકૂંભમાં શાનદાર પ્રારંભ કરતાં બુધવારે સવારે રમાયેલી મેચમાં અલ્જીરિયાને 3-0થી કચડી નાખ્યું હતું. વર્તમાન ફૂટબોલ વિશ્વના સુપર સ્ટાર લાયોનલ મેસ્સીએ આ ત્રણેય ગોલ કર્યા હતા. આ સાથે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાને ગ્રૂપ સ્ટેજની પ્રથમ મેચ જીતીને ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહેલી બાકીની તમામ ટીમને એક ચેતવણી આપી દીધી હતી કે તેઓ આ વખતે પણ ટાઈટલ માટેના પ્રમુખ દાવેદાર છે. અહીં રમાયેલી મેચ દરમિયાન મેસ્સી જ છવાઈ ગયો હતો અને ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં ચારે તરફથી મેસ્સી... મેસ્સી... ના નારા લાગી રહ્યા હતા.

મેસ્સીએ મેચની શરૂઆતની મિનિટોમાં ઈન્ટર માયામીના સાથી રોડ્રિગો ડી પોલના સુંદર પાસ પર પોતાનો પહેલો ગોલ કર્યો હતો. બીજા હાફની શરૂઆતમાં રિબાઉન્ડ પર તેણે બીજો ગોલ ફટકારી દીધો હતો. પેનલ્ટી બોક્સની ટોચ પરથી તેણે શાનદાર ત્રીજો ગોલ ફટકારીને ફિફા વર્લ્ડ કપમાં પહેલી વાર હેટ્રિક નોંધાવી હતી. આ ત્રણ ગોલ સાથે તેણે પોતાની વર્લ્ડ કપની કારકિર્દીમાં 15 ગોલ કર્યા છે. ફિફા વર્લ્ડ કપમાં જર્મનીના મિરોસ્લાવ ક્લોઝે 16 ગોલ કર્યા છે અને ત્યાર બાદ મેસ્સી અને રોનાલ્ડો 15-15 ગોલ સાથે સંયુક્તપણે બીજા ક્રમે છે. ગેર્ડ મુલર અને કિલિયાન એમ્બેપ્પે 14-14 ગોલ કરીને મોખરાના પાંચ સ્થાન પર છે. એમ્બેપ્પેએ તેના 14માંથી બે ગોલ ફ્રાન્સ માટે



મંગળવારે રાત્રે જ કર્યા હતા. આ સાથે લાયોનલ મેસ્સી અને પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો આ બે જ એવા ખેલાડી છે જેમણે પાંચ અલગ અલગ વર્લ્ડ કપમાં ગોલ કર્યા હોય. આ સાથે ફૂટબોલ જગતના મહાન ખેલાડી મેસ્સીએ પોતાના છઠ્ઠા વર્લ્ડ કપના અભિયાનનો અત્યંત યાદગાર પ્રારંભ કર્યો હતો. અલ્જીરીયા સામેની આ મેચમાં પણ મેસ્સીએ પોતાની જાદુઈ રમત દર્શાવી હતી અને સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો અને સમગ્ર વિશ્વમાં મેચ નિહાળી રહેલા કરોડો પ્રશંસકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. મેસ્સીના આ પરાક્રમને કારણે આ મેચ એકતરફી બની ગઈ હતી કેમ કે અલ્જીરિયા તરફથી કોઈ લડત જોવા મળી ન હતી.

બે દાયકા અગાઉ પહેલી વાર વર્લ્ડ કપ રમ્યા બાદ પણ બુધવારે મેસ્સીની રમતમાં કોઈ ફરક પડ્યો ન હતો. તેનું આ પ્રદર્શન ફૂટબોલ ચાહકો માટે રોમાંચક હતું. 39મા જન્મદિવસની ઉજવણી અગાઉ મેસ્સીએ સાબિત કરી દીધું હતું કે ઉંમર માત્ર એક આંકડો છે. અલ્જીરિયાના કોચ વ્લાદિમીર પેટકોવિચે સ્વીકાર્યું હતું કે તેમની ટીમની ભૂલોનો મેસ્સીએ ભરપુર લાભ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે "અમે કોઈ સામાન્ય ખેલાડીની વાત નથી કરી રહ્યા. અમે તેમને તક આપી અને મેસ્સી જેવા ખેલાડી માટે તે કામ ખૂબ સરળ બની જાય છે." ચાર વર્ષ પહેલા કતારમાં સાઉદી અરેબિયા સામે મળેલી હારને યાદ કરતા આર્જેન્ટિનાના કોચ લિયોનેલ સ્કેલોનીએ કહ્યું, "ગયા વર્લ્ડ કપમાં અમે શરૂઆતમાં જ ઠોકર ખાધી હતી, તેથી આજે સારી શરૂઆત કરવી અત્યંત આવશ્યક હતી." ઉલ્લેખનીય છે કે, હેમસ્ટ્રિંગની ઈજાની ચિંતા વચ્ચે મેસ્સીએ મેદાન પર જે ચપળતા બતાવી તે પ્રશંસનીય હતી. મેસ્સીના અન્ય બે ગોલ ઓફસાઈડ હોવાને કારણે રદ થયા હતા. આ ગોલ ગણવામાં આવ્યા હોત તો આર્જેન્ટિનાના વિજયનો સ્કોર વધુ આકર્ષક બની ગયો હોત. કેન્સાસ સિટીના 'એરોહેડ સ્ટેડિયમ'માં રમાયેલી આ મેચ લામર હન્ટના સ્વપ્નને સાકાર કરનારી હતી. જેમણે અમેરિકામાં ફૂટબોલના વિકાસમાં મોટું યોગદાન આપ્યું હતું. આ મેચને માણવા માટે NFL સ્ટાર પેટ્રિક મહોમ્સ પણ પોતાની પત્ની સાથે સ્ટેડિયમમાં ઉપસ્થિત હતા. પોતાના ટાઈટલના બચાવ માટે રમી રહેલી આર્જેન્ટિનાની ટીમ હવે સોમવારે આર્લિંગ્ટન, ટેક્સાસમાં ઓસ્ટ્રિયા સામે રમશે અને ત્યારબાદ 27મી જૂને જોર્ડન સામે ટકરાશે.

# ઈરાન જાણતું હતું કે મેચ બાદ દેશ છોડી દેવાનો છેઃ યુએસ

## ન્યૂઝીલેન્ડ સામેની મેચ બાદ ઈરાનની ટીમને અમેરિકામાંથી બહાર હાંકી કાઢવા અંગે ખુલાસો

**વોશિંગ્ટન, તા.18**

ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ દરમિયાન ઈરાનની ફૂટબોલ ટીમ અને અમેરિકી પ્રશાસન વચ્ચે વિવાદ વકર્યો છે. ન્યૂઝીલેન્ડ સામેની મેચ બાદ ઈરાની ટીમને હોટેલમાં આરામ કરવાને બદલે તરત જ દેશ છોડીને મેક્સિકો પરત ફરવા મજબૂર કરવામાં આવતા ઈરાને ફરિયાદ નોંધાવી હતી જેનો હવે વ્હાઈટ હાઉસે ખુલાસો કર્યો છે. ફૂટબોલ વર્લ્ડ કપમાં સોમવારની મેચમાં ન્યૂઝીલેન્ડ સામે 2-2થી ડ્રો રહ્યા બાદ, ઈરાનના કોચ અમીર ઘાલેનોઈએ આક્ષેપ કર્યો હતો કે તેમની ટીમને મેચના થોડા કલાકોમાં જ અમેરિકા છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જ્યારે તેઓ રિકવરી માટે રાત્રી રોકાણ કરવા માંગતા હતા.

આ અંગે વ્હાઈટ હાઉસના ફિફા



ટાસ્ક ફોર્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એન્ડ્રુ જિયુલિયાનીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, "આ પ્રક્રિયા અગાઉથી જ નક્કી હતી. ટીમ માટે નિયમ સ્પષ્ટ છે કે તેઓ મેચના એક દિવસ અગાઉ અમેરિકા આવશે અને મેચના દિવસે જ પરત ફરશે." તેમણે ઉમેર્યું કે આ જ શરતો લોસ એન્જલસ અને સિએટલની મેચો વખતે પણ લાગુ કરવામાં આવશે. ઈરાની વિંગર મેહદી તોરાબીના વિઝા સમાપ્ત થઈ ગયા હતા જેને કારણે મૂંઝવણ ઊભી થઈ હતી.

# એમ્બેપ્પે ચમક્યો, સેનેગલ સામે ફ્રાન્સનો શાનદાર વિજય

## ફિફા વર્લ્ડ કપમાં એમ્બેપ્પેએ બે ગોલ કરીને પેલેનો રેકોર્ડ તોડયો, ફ્રાન્સનો 3-1થી વિજય

**વોશિંગ્ટન, તા.18**

ફિફા ફૂટબોલ વર્લ્ડ કપ 2026ની પોતાની પ્રથમ મેચમાં જ કિલિયાન એમ્બેપ્પેએ આક્રમક વલણ અપનાવીને બે ગોલ કરી દેતાં ફ્રાન્સે બુધવારે સવારે રાયેલી મેચમાં સેનેગલ સામે 3-1થી શાનદાર વિજય હાંસલ કરીને ટુર્નામેન્ટનો સફળ પ્રારંભ કર્યો હતો. ફ્રાન્સના સ્ટાર સ્ટ્રાઈકર કિલિયાન એમ્બેપ્પેએ આ મેચમાં બે ગોલ ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. આ બે ગોલ સાથે એમ્બેપ્પેના વર્લ્ડ કપમાં કુલ 14 ગોલ થયા છે જે સાથે તેણે દિગ્ગજ ફૂટબોલર પેલેનો રેકોર્ડ પાછળ છોડી દીધો છે.

મેચનો પ્રથમ હાફ ફ્રાન્સ માટે થોડો નિરસ રહ્યો હતો કેમ કે તે દરમિયાન એમ્બેપ્પેને માત્ર 14 વાર બોલને ટચ કરવાની તક મળી હતી. પરંતુ બીજા હાફમાં પાસું પલટાઈ ગયું હતું. મેચની 66મી મિનિટે માઈકલ ઓલિસના પાસ પર એમ્બેપ્પેએ સેનેગલના કેપ્ટન



કાલિદૂ કુલિબાલીને પછાડીને શાનદાર ગોલ કર્યો હતો. ગોલ કર્યા બાદ એમ્બેપ્પેએ એક અનોખી ઉજવણી કરી હતી. તેણે જાણીતા અભિનેતા જેમ્સ કોર્ડનને આપેલા વચન મુજબ મેદાન પર દોડીને હવામાં વાંસળી વગાડવાની એક્ટિંગ કરી હતી. બાળપણમાં એમ્બેપ્પે પોતે વાંસળી શીખ્યો હોવાથી આ ઉજવણી ખાસ રહી હતી.

મેચના અંતિમ સમયમાં એમ્બેપ્પેએ 30 યાર્ડ દૂરથી એક અદભૂત રાઈટ ફૂટ શૉટ મારીને પોતાનો બીજો ગોલ નોંધાવ્યો હતો. આ ગોલને સાથી ખેલાડી વિલિયમ સલિબાએ "ક્રેઝી ગોલ" ગણાવ્યો હતો. આ સાથે જ એમ્બેપ્પે હવે ઓલિવિયર ગિરોડને પાછળ છોડીને 58 ગોલ સાથે ફ્રાન્સનો સર્વકાલીન ટોપ સ્કોરર બની ગયો છે. વર્લ્ડ કપના ગોલ સ્કોરિંગની યાદીમાં હવે તે જર્મનીના ગેરાર્ડ મુલર સાથે બરાબરી પર છે અને માત્ર રોનાલ્ડો અને મેસ્સી (બંને 15-15) તથા મિરોસ્લાવ ક્લોઝ (16) જ તેનાથી આગળ છે. પોતાની રમત વિશે થતી ટીકાઓ પર એમ્બેપ્પેએ સ્પષ્ટતા કરી કે, "જો હું દરેક ટીકાકારોને શાંત કરવા માટે રમતો હોત તો મારે 80 વર્ષની ઉંમર સુધી રમવું પડત." ફ્રાન્સના કોચ ડિડિયર ડેસચેમ્પ્સે તેના સ્ટાર ખેલાડીનો બચાવ કરતા કહ્યું કે, "તે ડિફેન્સ કરવા માટે નથી તે ટીમને વિજય અપાવવા માટે છે." મેટલાઈફ સ્ટેડિયમમાં 80545 પ્રેક્ષકોની હાજરીમાં રમાયેલી આ મેચમાં બ્રેડલી બાર્કોલાએ પણ 82મી મિનિટે એક ગોલ કર્યો હતો.

# વિમેન્સ વર્લ્ડ કપમાં જંગી સ્કોર બાદ ડચ સામે ભારતનો વિજય

## ઓપનર મંધાના અને શેફાલીની આક્રમક બેટિંગ, ભારત 5/209, નેધરલેન્ડ્સ 114

**લીડ્ઝ, તા.18**

ઓપનર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની આક્રમક બેટિંગ અને બંને વચ્ચેની સદીની ભાગીદારીની મદદથી ભારતીય વિમેન્સ ટીમે આઈસીસી વિમેન્સ ટી20 ક્રિકેટ વર્લ્ડ કપમાં પોતાની આગેકૂચ જારી રાખતાં બુધવારે નેધરલેન્ડ્સ સામે 95 રનથી શાનદાર વિજય હાંસલ કર્યો હતો. આ સાથે ભારતીય ટીમ ગ્રૂપમાં મોખરે પહોંચી ગઈ હતી.

અહીંના હેડિંગ્લે ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ભારત વિમેન્સ ટીમે 20 ઓવરમાં પાંચ વિકેટે 209 રનનો વિશાળ સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ડચ ટીમ 17.3 ઓવરમાં 114 રન કરી શકી હતી. ડચ ટીમે છેલ્લે નવ બોલમાં માત્ર એક રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. તેમની કેપ્ટન બેબેટ્ટે ડી લીડે સૌથી વધુ 28



રન ફટકાર્યા હતા. ભારત માટે શ્રી ચરાણીએ ચાર તથા શેફાલી વર્માએ ત્રણ વિકેટ ખેરવી હતી.

પ્રથમ બેટિંગ કરતાં ભારતીય ઓપનિંગ જોડી સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ નેધરલેન્ડ્સના બોલિંગ આક્રમણને ધ્વસ્ત કરી નાખ્યું હતું. ભારતની આ બંને બેટરે આક્રમક બેટિંગની મદદથી ટીમને 209 રનના વિશાળ સ્કોર સુધી પહોંચવામાં મદદ કરી હતી. ભારત માટે વર્લ્ડ કપમાં અત્યાર સુધીનો આ સર્વોચ્ચ સ્કોર છે. સ્મૃતિ મંધાનાએ 47 બોલમાં 74 રન ફટકાર્યા હતા તો શેફાલી વર્માએ 38 બોલમાં 55 રન ફટકારીને શરૂઆતથી જ રનનો વરસાદ વરસાવ્યો હતો. બંનેએ પ્રથમ વિકેટ માટે માત્ર 70 બોલમાં 115 રનની ભાગીદારી નોંધાવી હતી. મંધાનાની આ ટુર્નામેન્ટમાં સતત બીજી અડધી સદી હતી, જ્યારે શેફાલીએ આ ટુર્નામેન્ટની પોતાની પ્રથમ અડધી સદી ફટકારી હતી. પાવરપ્લે દરમિયાન શેફાલી વધુ આક્રમક દેખાઈ હતી. તેણે નેધરલેન્ડ્સના બોલર્સ પર દબાણ બનાવી રાખ્યું હતું. ખાસ કરીને ઈઝાબેલ વોનિંગના બોલ પર શેફાલીનો એક્સ્ટ્રા કવર પરનો શોટ આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. પાવરપ્લેમાં ભારતે 59 રન કર્યા હતા.

પાવરપ્લે બાદ મંધાનાએ રમતની લગામ પોતાના હાથમાં લીધી હતી. તેણે સ્પિનર્સ અને ફાસ્ટ બોલર્સ સામે આગળ વધીને આક્રમક શોટ રમ્યા હતા. મંધાનાએ સિલ્વર સીગર્સની 15મી ઓવરમાં સતત ચાર બોલ પર ચાર ચોગ્ગા ફટકારી દીધા હતા. ઓપનર્સના આઉટ થયા બાદ જેમિમાહ રોડ્રિગ્સ અને કેપ્ટન હરમનપ્રિત કૌર સસ્તામાં આઉટ થઈ ગઈ હતી પરંતુ અંતિમ ઓવરોમાં રિચા ઘોષ આઠ બોલમાં 20 અને દિપ્તી શર્માએ છેલ્લા બે બોલમાં દસ રન કરીને ટીમનો સ્કોર 200ને પાર કરાવ્યો હતો.

# પ્રકાશ પાદુકોણે દીપિકા અને રણવીરના પેરેન્ટિંગનાં વખાણ કર્યાં

**મુંબઈ, તા.18**

દીપકા પાદુકોણ અને રણવીર સિંહ જાણે દીકરીના ઉછેરમાં નિષ્ણાત બની ગયા છે. તેમનાં વ્યસ્ત અને થાકી જવાય એવા ફિલ્મોનાં શીડ્યુલ છતાં તેઓ દિકરની પુરતો સમય આપે છે. તાજેતરમાં દીપિકાના પિતા અને પૂર્વ બેડમિન્ટન ખેલાડી પ્રકાશ પાદુકોણે દીપિકા અને રણવીરના ટીમવર્કના વખાણ કર્યા હતા. સાથે તેમણે નાના બનવાના આનંદ વિશે પણ વાત કરી હતી.

પ્રકાશ પાદુકોણે ઈન્ટરવ્યુમાં જણાવ્યું, "દીપિકા બિલકુલ ઘણું કરે છે પરંતુ રણવીર જ્યારે કામ પર ન હોય ત્યારે તે ઘણી મદદ કરે છે. બંને પરિવારો પણ મદદ માટે તૈયાર રહે છે. એક પિતા તરીકે મને ખબર



નથી કે બાળકોનો ઉછેર ક્યારે થયો અને હું એમના ઉછેરમાં એટલું ધ્યાન પણ આપી શકતો નહોતો કારણ કે હું મુશ્કેલીથી ઘરમાં રહી શકતો હતો. હા મને મહત્વની વાતો યાદ હોય છે, પરંતુ રોજિંદી બાબતો ચુકી જતો હતો. હવે દરેક નાના ફેરફાર પર મારું ધ્યાન રહે છે. દરરોજ કશુંક નવું હોય છે."

દીપિકા અને રણવીરની દિકરી દુઆ વિશે વાત કરતા પ્રકાશ પાદુકોણે જણાવ્યું, "એ બહુ મળતાવળું બાળક છે, એને લોકો સાથે રહેવું ગમે છે. એ બધાની સાથે વાત કરે છે. એ બહુ નાની ઉંમરથી ફરતી રહી છે. તેથી તેને લોકો સાથે ભળી જવામાં મદદ મળે છે. એ બહુ જલદી મોટી થઈ રહી છે અને હાલ એ બહુ જ રસપ્રદ તબક્કામાં છે."

# 'આલ્ફા'નાં ટ્રેલરમાં આલિયા ભટ્ટ અને શર્વરીની 'ડેડલી ગર્લ્સ' તરીકે ઝલક મળી

**મુંબઈ, તા.18**

યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સની પ્રથમ ફિમેલ સ્પાય આધારીત ફિલ્મ 'આલ્ફા'નું ટ્રેલર આખરે રિલીઝ થઈ ગયું છે. આલિયા ભટ્ટ અને શર્વરીની આ એક્શન થ્રિલર ફિલ્મનું ટ્રેલર લોંચ થયું છે, તેની ભવ્યતા, રહસ્ય અને હાઈ-ઓક્ટેન એક્શન સિક્વન્સથી દર્શકોમાં ભારે ઉત્સુક્તા જગાવી છે. સૌથી મોટી વાત એ છે કે ટ્રેલરમાં રિતિક રોશનના લોકપ્રિય સ્પાય કેરેક્ટર 'કબીર'ના ખાસ કેમિયોની પણ હવે ખાતરી થઈ ગઈ છે. ટ્રેલરની શરૂઆત એક રહસ્યમય દૃશ્યથી થાય છે, જેમાં કાચની પેટીમાં એક નવજાત બાળક જોવા મળે છે. બોબી દેઓલનું પાત્ર બાળકનું નામ 'સીતા' રાખતું જોવા મળે છે, જે ફિલ્મની વાર્તા નસીબ, ઓળખ અને સંઘર્ષ સાથે જોડાયેલી હોવાનો સંકેત આપે છે.




ત્યારબાદ આલિયા ભટ્ટના વોઈસઓવર સાથે વાર્તા આગળ વધે છે. એક રાજકુમારીની કથા તરીકે રજૂ થયેલી આ સફરમાં બાળપણથી લઈને યુવાની સુધીના અનેક તબક્કાઓની ઝલક જોવા મળે છે. ટ્રેલરમાં દર્શાવવામાં આવેલી કઠોર તાલીમ, શિસ્ત અને તૈયારીઓ આલિયાના પાત્રને એક ખતરનાક અને શક્તિશાળી યોદ્ધા બનતી દર્શાવે છે. લગભગ સંપૂર્ણપણે એક્શનથી ભરપૂર ટ્રેલરમાં કાર ચેઝ, ગનફાઈટ્સ અને હાથોહાથની લડાઈ જેવા ભવ્ય દૃશ્યો જોવા મળે છે. ટ્રેલરના સૌથી ચર્ચાસ્પદ સીનમાંથી એક આલિયા ભટ્ટ અને શર્વરી વચ્ચેની ટક્કર છે. જોકે નિર્માતાઓએ શર્વરીના પાત્ર વિશે હજુ પણ રહસ્ય જાળવી રાખ્યું છે, જેના કારણે ચાહકોમાં તેની ભૂમિકા અંગે અનેક અટકળો ચાલી રહી છે.

બોબી દેઓલનું પાત્ર 'આલ્ફા' નામના એક રહસ્યમય પ્રોગ્રામ સાથે જોડાયેલું જોવા મળે છે અને તે ભારત વિરુદ્ધ જતું હોવાના સંકેતો મળે છે. બીજી તરફ અનિલ કપૂર આલિયાના માર્ગદર્શક તરીકે દેખાય છે, જે કોઈ મોટા મિશન તરફ ઈશારો કરે છે. જો કે ટ્રેલર ફિલ્મની અનેક એક્શન સિક્વન્સ દર્શાવે છે, પરંતુ નિર્માતાઓએ મુખ્ય પ્લોટને સંપૂર્ણપણે ગુપ્ત રાખ્યો છે. ટ્રેલરની સૌથી મોટી સરપ્રાઈઝ અંતિમ ક્ષણોમાં આવે છે, જ્યારે 'વોર' ફિલ્મના સુપરસ્પાય કબીર તરીકે રિતિક રોશનની ઝલક જોવા મળે છે. આ ફિલ્મને "બે ખતરનાક યુવતીઓની ઓરિજિન સ્ટોરી" તરીકે રજૂ કરી કરવામાં આવી રહી છે. ભાવનાત્મક કથાવસ્તુ અને ભવ્ય એક્શન સિક્વન્સનું સંયોજન ધરાવતી 'આલ્ફા'નું દિગ્દર્શન શિવ રાવેલે કર્યું છે, જ્યારે આદિત્ય ચોપરા ફિલ્મના નિર્માતા છે.



# જેકલીન ફર્નાન્ડિઝ પહેલી વખત હોરર ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે

## આ મહિનાના અંતમાં શૂટિંગ શરૂ થવાની શક્યતા

**મુંબઈ, તા.18**

હોરર ફિલ્મો હાલમાં ગ્લોબલી અને ખાસ કરીને ભારતમાં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. હોલિવૂડની 'ઓબ્સેશન', 'બેકરૂમ્સ' અને 'સિનર્સ' જેવી ફિલ્મોથી લઈને ભારતીય ફિલ્મો 'હોન્ટેડ' 'શૈતાન' અને 'બ્રહ્મયુગમ' સુધી, હોરર જોનર દર્શકોને પસંદ આવી રહ્યું છે. તાજેતરમાં રિલીઝ થયેલી 'હોન્ટેડ 3D: એકોઝ ઓફ ધ પાસ્ટ'ની સફળતાએ પણ આ ટ્રેન્ડને વધુ મજબૂત બનાવ્યો છે. આ દરમિયાન હવે જેકલીન ફર્નાન્ડિઝ પણ પહેલી વખત સંપૂર્ણ હોરર ફિલ્મમાં લીડ રોલ તૈયાર થઈ ગઈ છે. આ અંગેનાં અહેવાલો મુજબ, લાંબા સમયથી એક મજબુત હોરર સ્ક્રિપ્ટની શોધમાં રહેલી જેકલીનને આખરે પોતાની પસંદગીનો પ્રોજેક્ટ મળી ગયો છે. સુત્રોના જણાવ્યા અનુસાર, જેકલીન બીબાંઢાળ હોરર ફિલ્મ કરવા માંગતી નહોતી, પરંતુ એવી વાર્તાની શોધમાં હતી જેમાં હોરર સાથે ભાવનાત્મક તત્વો અને સંગીતનો પણ સમાવેશ હોય. આ નવી ફિલ્મમાં આ ત્રણેય બાબતોનું અનોખું સંયોજન જોવા મળશે. હાલમાં ફિલ્મનું નામ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ ફિલ્મમાં જેકલીન સાથે બે હિરોની પસંદગી થઈ ચૂકી હોવાનું જાણવા મળ્યું છે. જોકે હજુ સુધી કલાકારો તેમજ ડિરેક્ટરના જાહેર થયાં નથી. સુત્રોના જણાવ્યા મુજબ ફિલ્મ માટે એક ગીત અને ટીઝરનું શૂટિંગ પહેલેથી જ પૂર્ણ થઈ ચૂક્યું છે. હાલમાં કલાકારો વર્કશોપમાં વ્યસ્ત છે, જ્યારે ફિલ્મનું મહત્વનું શૂટિંગ આ મહિનાના અંત સુધીમાં શરૂ થવાની સંભાવના છે.

# 'કલ્કિ 2'માં આલિયા-સાઈ પલ્લવીની એન્ટ્રીની વાતને નાગ અશ્વિને માત્ર અટકળો ગણાવી

**મુંબઈ, તા.18**

સુપરહિટ ફિલ્મ 'કલ્કિ 2898 AD'ની સિક્વલને લઈને છેલ્લા કેટલાક સમયથી સતત ચર્ચાઓ ચાલી રહી છે. ખાસ કરીને દીપિકા પાદુકોણના ફ્રેન્ચાઈઝીમાંથી બહાર નીકળ્યા બાદ ફિલ્મમાં તેનાં પાત્ર સુમતિની ભૂમિકા કોણ ભજવશે તે અંગે અનેક અટકળો શરૂ થઈ ગઈ હતી. સોશિયલ મીડિયા અને ફિલ્મ ટ્રેડ વર્તુળોમાં આલિયા ભટ્ટ અને સાઈ પલ્લવીના નામો ચર્ચામાં હતાં. હવે આ મુદ્દે ફિલ્મના ડિરેક્ટર નાગ અશ્વિને પ્રથમવાર સ્પષ્ટતા કરી છે.

દીપિકા પાદુકોણ અને પ્રોડ્યુસર વૈજ્યંતી મૂવીઝ વચ્ચેનું કોલબરેશન સમાપ્ત થયા બાદ સિક્વલમાં સુમતિના પાત્રનું શું થશે તે અંગે ચાહકોમાં ઉત્સુકતા વધી હતી. કારણ કે સુમતિ 'કલ્કિ'ની સમગ્ર કથામાં અત્યંત મહત્વપૂર્ણ પાત્ર છે અને વાર્તાના કેન્દ્રમાં છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન નાગ અશ્વિને જણાવ્યું કે સુમતિનું પાત્ર સિક્વલમાં ચોક્કસપણે રહેશે. તેમણે કહ્યું, "અમારે 'કલ્કિ 2'માં સુમતિનું પાત્ર કોણ ભજવશે તેની



જાહેરાત કરવાની હજુ બાકી છે. હાલમાં જે કંઈ ચર્ચાઓ ચાલી રહી છે તે માત્ર અટકળો છે. સુમતિનું પાત્ર ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેને વાર્તામાંથી દૂર કરી શકાય તેમ નથી."

નાગ અશ્વિનના આ નિવેદનથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે સુમતિનું પાત્ર સિક્વલમાં યથાવત રહેશે, પરંતુ તે કોણ ભજવશે તેની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. દીપિકાના સ્થાને કોણ આવશે તે અંગે બે બાબતો ચર્ચામાં છે. એક તરફ એવી અટકળો છે કે આલિયા ભટ્ટ ફિલ્મમાં દીપિકાનું સ્થાન નહીં લે, પરંતુ સંપૂર્ણપણે નવા પાત્રમાં જોવા મળશે. કેટલાક અહેવાલો અનુસાર તે વૈષ્ણો દેવીના પાત્રમાં દેખાઈ શકે છે, જે કલ્કિની પૌરાણિક કથાઓ સાથે જોડાયેલું મહત્વપૂર્ણ પાત્ર માનવામાં આવે છે.

બીજી તરફ, કેટલાક અહેવાલોમાં આલિયા ભટ્ટ અને સાઈ પલ્લવી બંનેને સીધા સુમતિના પાત્ર માટે સંભવિત વિકલ્પ તરીકે દર્શાવવામાં આવ્યા છે. કારણ કે સુમતિ કલ્કિની માતા તરીકે કથાના કેન્દ્રમાં છે, તેથી નિર્માતાઓ પાત્રનું સીધું રીકાસ્ટિંગ કરી શકે તેવી ચર્ચા પણ ચાલી રહી છે. જોકે નાગ અશ્વિનના તાજેતરના નિવેદન બાદ સ્પષ્ટ થયું છે કે આ તમામ અહેવાલો અને ચર્ચાઓની હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.

# શેરબજારમાં નોંધપાત્ર તેજી: સેન્સેક્સ અને નિફ્ટી નવા સ્તરે બંધ, બેન્કિંગ અને હેલ્થકેર શેરોમાં ભારે ખરીદી

મુંબઈ, તા.18

૧૮ જૂનના રોજ ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ઉત્સાહજનક માહોલ જોવા મળ્યો છે. ગઈકાલના સામાન્ય ઘટાડા બાદ આજે બજારે ફરી એકવાર જોરદાર વાપસી કરી છે. દિવસભરના ઉતાર-ચડાવ બાદ મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ બસો ચોપન પોઈન્ટના વધારા સાથે ઈંત્યોતેર હજાર ચારસો દસની સપાટી પર બંધ આવવામાં સફળ રહ્યો હતો. તેવી જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ઈન્ડેક્સ નિફ્ટી પણ બ્યાસી પોઈન્ટ મજબૂત થઈને ચોવીસ હજાર એકસો અડસઠના સ્તર પર બંધ થયો હતો. આજના કારોબારમાં ખાસ કરીને બેન્કિંગ ક્ષેત્ર, હેલ્થકેર એટલે કે સ્વાસ્થ્ય સેવાઓ અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં રોકાણકારો દ્વારા મોટા પાયે ખરીદી કરવામાં આવી હતી, જેને કારણે બજારને ઉપર આવવામાં મોટી મદદ મળી હતી. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો સેન્સેક્સમાં શૂન્ય પોઈન્ટ તેત્રીસ ટકા અને નિફ્ટીમાં શૂન્ય પોઈન્ટ ચોત્રીસ ટકાનો સુધારો નોંધાયો છે.

મોટા શેરોની સાથે સાથે મધ્યમ અને નાની કંપનીઓના શેરોમાં પણ આજે સારી લેવાલી જોવા મળી હતી. મિડકેપ પચાસ ઈન્ડેક્સ સત્તાવન પોઈન્ટ વધીને સત્તર હજાર સાતસો સત્તર પર બંધ રહ્યો હતો, જેમાં શૂન્ય પોઈન્ટ બત્રીસ ટકાનો વધારો થયો છે. સ્મોલકેપ પચાસ ઈન્ડેક્સ પણ છપ્પન પોઈન્ટના ઉછાળા સાથે નવ હજાર બસો ઓગણચાલીસની સપાટી પર બંધ થયો હતો, જે શૂન્ય પોઈન્ટ બાસઠ ટકાની તેજી દર્શાવે છે.




આજના ટ્રેડિંગ સેશનમાં નિફ્ટીમાં સૌથી વધુ કમાણી કરનારા શેરોમાં મેક્સ હેલ્થકેર મોખરે રહ્યો હતો, જે છાસઠ રૂપિયા ત્રીસ પૈસા વધીને એક હજાર બાણું પર બંધ થયો હતો. આ ઉપરાંત એવિએશન સેક્ટરની કંપની ઈન્ડિગોનો શેર પણ એકસો પાંત્રીસ રૂપિયા સાઠ પૈસાના વધારા સાથે પાંચ હજાર દસ રૂપિયા પર પહોંચ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝિસના શેરમાં પણ એંસી રૂપિયા દસ પૈસાનો ઉછાળો જોવા મળ્યો હતો અને તે ત્રણ હજાર બત્રીસ રૂપિયા પર બંધ આવ્યો હતો. બીજી તરફ કેટલાક આઈટી અને કન્ઝ્યુમર શેરોમાં વેચવાલીનું દબાણ હતું, જેમાં ઈન્ફોસિસનો શેર ત્રીસ રૂપિયા ત્રીસ પૈસા ઘટીને અગિયારસો સત્તાવીસ પર બંધ થયો હતો. ટાટા કન્ઝ્યુમરનો શેર સાડા તેર રૂપિયાના ઘટાડા સાથે અગિયારસો અગિયાર પર અને ટેક મહિન્દ્રાનો શેર સાડા ચૌદ રૂપિયા ઘટીને ચૌદસો અઠતાલીસ પર બંધ રહ્યા હતા. ભારતીય બજારની આ તેજી વૈશ્વિક સંકેતોથી વિપરીત જોવા મળી છે કારણ કે ગઈકાલે અમેરિકી શેરબજારોમાં મોટો ઘટાડો નોંધાયો હતો. અમેરિકાનો પ્રખ્યાત ડાઉ જોન્સ ઈન્ડેક્સ પાંચસો સાત પોઈન્ટ એટલે કે શૂન્ય પોઈન્ટ ઈઠ્યાણું ટકા તૂટીને એકાવન હજાર ચારસો તાણું પર બંધ થયો હતો. જ્યારે ટેકનોલોજી આધારિત નૅસ્ડૅક ઈન્ડેક્સ ત્રણસો પંચાવન પોઈન્ટ એટલે કે એક પોઈન્ટ ચોંત્રીસ ટકાના ઘટાડા સાથે છવીસ હજાર બાવીસ પર આવી ગયો હતો. તેમજ એસ એન્ડ પી પાંચસો ઈન્ડેક્સ પણ એકાણું પોઈન્ટ ઘટીને સાત હજાર ચારસો વીસ ના સ્તર પર બંધ રહ્યો હતો.

બજારમાં સંસ્થાગત રોકાણકારોના વલણની વાત કરીએ તો વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો સતત વેચવાલી કરી રહ્યા છે. છેલ્લા સાત દિવસમાં વિદેશી રોકાણકારોએ બજારમાંથી પંદરસો ત્રીસ કરોડ રૂપિયાના શેર વેચીને નાણાં પાછા ખેંચ્યા છે અને છેલ્લા ત્રીસ દિવસમાં તેમની કુલ વેચવાલી ઈઠ્યોતેર હજાર પાંચસો બેતાલીસ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. જોકે તેની સામે ભારતીય સંસ્થાગત રોકાણકારોએ બજારને મજબૂત ટેકો આપ્યો છે. ભારતીય રોકાણકારોએ આજે જ પંદરસો એકસઠ કરોડ રૂપિયાની ખરીદી કરી છે અને છેલ્લા સાત દિવસમાં દસ હજાર બાણું કરોડ રૂપિયા તેમજ છેલ્લા ત્રીસ દિવસમાં અંદાજે અઠ્ઠાણું હજાર નવસો છાસઠ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કરીને બજારને મોટી પડતીથી બચાવી રાખ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૧૭ જૂનના રોજ પણ બજારમાં આવો જ સુધારો જોવા મળ્યો હતો, જ્યારે સેન્સેક્સ ત્રણસો સુડતાલીસ પોઈન્ટ વધીને ઈંત્યોતેર હજાર એકસો છપ્પન પર અને નિફ્ટી સત્તાણું પોઈન્ટ વધીને ચોવીસ હજાર છ્યાસી પર બંધ આવ્યો હતો. આ બે દિવસની સતત તેજીએ રોકાણકારોનો ભરોસો ફરી મજબૂત કર્યો છે.

# NSEએ IPO માટે ડ્રાફ્ટ ફાઈલ કર્યો: 30 હજાર કરોડનો ઈશ્યૂ હોઈ શકે છે, આ સંપૂર્ણપણે ઓફર ફોર સેલ હશે

મુંબઈ, તા.18

નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે NSE એ IPO માટે SEBI પાસે પોતાનો ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ એટલે કે DRHP દાખલ કર્યો છે. આ IPO સંપૂર્ણપણે ઓફર ફોર સેલ હશે, એટલે કે હાલના શેરધારકો તેમનો હિસ્સો વેચશે.

અનલિસ્ટેડ માર્કેટમાં NSEનું વેલ્યુએશન લગભગ 5 લાખ કરોડ રૂપિયા છે, જેના આધારે નિષ્ણાતો અનુમાન લગાવી રહ્યા છે કે આ IPOનું કદ લગભગ 30,000 કરોડ રૂપિયા હોઈ શકે છે. જો આવું થાય તો આ દેશનો સૌથી મોટો IPO હોઈ શકે છે. 2024માં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાનો 27,000 કરોડ રૂપિયાનો IPO આવ્યો હતો. જે હાલમાં દેશનો સૌથી મોટો પબ્લિક ઈશ્યૂ છે. જ્યારે LIC 20,557 કરોડનો IPO લાવ્યો હતો.

NSEનો આ IPO સંપૂર્ણપણે ઓફર ફોર સેલ હશે. એનો અર્થ એ છે કે કંપની કોઈ નવા શેર જાહેર કરીને બજારમાંથી પૈસા એકઠા નહીં કરે, પરંતુ તેના હાલના રોકાણકારો તેમનો 6% હિસ્સો વેચશે.



આ શેર વેચાણ માળખામાં એક ખાસ વાત એ છે કે દેશની સૌથી મોટી સરકારી વીમા કંપની LIC, જે એક્સચેન્જમાં હાલની શેરહોલ્ડર છે, આ IPOમાં પોતાના શેર વેચી રહી નથી. NSEના શેર BSE પર લિસ્ટ થશે, બરાબર તે જ રીતે જેમ BSEના પોતાના શેર NSE પર લિસ્ટેડ છે. ડ્રાફ્ટ પેપર્સ અનુસાર SBI આ IPOમાં સૌથી મોટો વિક્રેતા છે, જે લગભગ 2.47 કરોડ શેર વેચવા જઈ રહ્યો છે. આ ઉપરાંત મોરેશિયસ સ્થિત કંપની MS સ્ટ્રેટેજિક લિમિટેડ 1.6 કરોડ શેર અને કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ 1.18 કરોડ શેર ઓફર કરી રહ્યું છે.

DRHP ફાઈલ કરતા પહેલા, NSEની IPO કમિટીની બુધવારે એક બેઠક યોજાઈ હતી જેમાં ફાઈલિંગની અંતિમ પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી હતી. આ પહેલા સોમવારે જ NSEના બોર્ડે ડ્રાફ્ટ પેપર્સને લીલી ઝંડી આપી દીધી હતી. NSEના બોર્ડે આ IPO પ્રસ્તાવને 6 ફેબ્રુઆરીએ મંજૂરી આપી હતી, જે જાન્યુઆરી 2026માં SEBI તરફથી મળેલા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) પછી શક્ય બન્યું હતું. રેગ્યુલેટરની આ મંજૂરી ઘણી મહત્વની હતી કારણ કે તેને કો-લોકેશન મામલા સાથે જોડાયેલા કેટલાક જૂના પેન્ડિંગ વિવાદોના નિરાકરણથી અલગ રાખવામાં આવી હતી.

આ DRHP ફાઈલિંગ સાથે જ દેશના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ માટે લાંબી રાહનો અંત આવવા જઈ રહ્યો છે. રેગ્યુલેટરી ચિંતાઓ અને ખાસ કરીને 'કો-લોકેશન વિવાદ'ને કારણે NSEનો લિસ્ટિંગ પ્લાન છેલ્લા લગભગ 10 વર્ષથી અટકેલો હતો. NSEએ સૌપ્રથમ વર્ષ 2016માં લગભગ 10,000 કરોડ રૂપિયાના ઓફર ફોર સેલ માટે ડ્રાફ્ટ પેપર્સ દાખલ કર્યા હતા. જોકે, ત્યારે SEBIએ કો-લોકેશન મામલે કોર્પોરેટ ગવર્નન્સની ચિંતાઓને ધ્યાનમાં રાખીને NSEને પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચવાની સલાહ આપી હતી. ત્યારથી અત્યાર સુધી એક્સચેન્જે પોતાના ગવર્નન્સ અને કમ્પ્લાયન્સમાં ઘણા સુધારા કર્યા છે અને મંજૂરી માટે રેગ્યુલેટર સમક્ષ ઘણી વખત પોતાની વાત રજૂ કરી હતી. આ વખતે તૈયારી માટે એક્સચેન્જે 20 મર્ચન્ટ બેન્કર્સ અને લીગલ એડવાઈઝર્સની નિમણૂક કરી છે. કો-લોકેશન કેસ (જેમાં કેટલાક પસંદગીના બ્રોકર્સને એક્સચેન્જના ટ્રેડિંગ સિસ્ટમ સુધી વહેલી પહોંચ આપવાનો આરોપ હતો) ઉકેલવા માટે NSE એ 20 જૂન 2025 ના રોજ સેટલમેન્ટ એપ્લિકેશન ફાઈલ કરી હતી. આ અંતર્ગત એક્સચેન્જે કેસનો નિકાલ કરવા માટે રૂપિયા 1,387.39 કરોડની ચુકવણીની ઓફર કરી હતી. જોકે, રિપોર્ટ્સ અનુસાર SEBI ની હાઈ-પાવર્ડ એડવાઈઝરી કમિટી (HPAC) એ આ કેસને આશરે રૂપિયા 1,880 કરોડમાં સેટલ કરવાની ભલામણ કરી છે. આ રકમમાં રૂપિયા 1,200 કરોડ ડિસજોર્જમેન્ટ, રૂપિયા 380 કરોડ વ્યાજ અને બાકીની રકમ સેટલમેન્ટ ચાર્જ તરીકે સામેલ છે. આ ભલામણ હાલમાં SEBI ના હોલ-ટાઈમ મેમ્બર્સની પેનલ પાસે વિચારણા હેઠળ છે.

# ટાટા મોટર્સની ગાડીઓ 1 જુલાઈથી મોંઘી થશે

## કોમર્શિયલ વાહનોના ભાવ 2.5% સુધી વધશે, આ વર્ષે કિંમતોમાં આ બીજી વખત વધારો

નવી દિલ્હી, તા.18

ટાટા મોટર્સે તેના કોમર્શિયલ વાહનોની કિંમતોમાં 2.5% સુધીનો વધારો જાહેર કર્યો છે. નવા દરો 1 જુલાઈથી લાગુ પડશે. ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં કંપની દ્વારા કિંમતોમાં કરવામાં આવેલો આ બીજો વધારો છે.

કંપનીએ જણાવ્યું કે કોમોડિટીની વધતી કિંમતો અને અન્ય ઈનપુટ કોસ્ટની અસરને ઓછી કરવા માટે આ પગલું ભરવું પડી રહ્યું છે. કિંમતોમાં આ વધારો અલગ-અલગ મોડેલ અને વેરિઅન્ટના આધારે અલગ-અલગ હશે.

ટાટા મોટર્સે 18 જૂને જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું કે નવી કિંમતો 1 જુલાઈથી તેના સમગ્ર કોમર્શિયલ વાહનોના પોર્ટફોલિયો પર લાગુ પડશે. કંપનીએ હાલમાં મોડેલ મુજબ કિંમતોમાં ફેરફારનો ખુલાસો કર્યો નથી.

ટાટા મોટર્સ ભારતમાં નાના કોમર્શિયલ વાહનો, પિક-અપ ટ્રકો, ઈન્ટરમીડિયેટ અને હેવી કોમર્શિયલ વાહનોની સાથે બસો પણ વેચે છે.



કોમર્શિયલ વાહનોના વ્યવસાય માટે ટાટા મોટર્સે આ નાણાકીય વર્ષમાં બીજી વખત ભાવ વધારો કર્યો છે. આ પહેલા એપ્રિલ મહિનામાં પણ કંપનીએ વધતી કોમોડિટી કિંમતો અને ઈનપુટ કોસ્ટનો હવાલો આપતા પોતાના કોમર્શિયલ વાહનોના ભાવ 1.5% સુધી વધાર્યા હતા.

તાજા ફેરફાર પાછળ પણ કંપનીએ મુખ્યત્વે વધેલા ખર્ચને જ મોટું કારણ જણાવ્યું છે. આ વખતે 2.5% સુધીનો વધારો, એપ્રિલમાં કરાયેલા 1.5%ના વધારા કરતાં વધુ છે.

આના થોડા દિવસો પહેલા જ ટાટા મોટર્સે પોતાના પેસેન્જર વાહનોના પોર્ટફોલિયોની કિંમતોમાં 1.5% સુધીના વધારાની જાહેરાત કરી હતી. પેસેન્જર વાહનોના નવા ભાવ પણ 1 જુલાઈથી જ લાગુ પડશે.

કંપનીએ આ વધારા માટે વધતી ઈનપુટ કોસ્ટ અને ફુગાવાના દબાણ (મોંઘવારીના દબાણ) ને જવાબદાર ઠેરવ્યા હતા. આ વધારો કંપની દ્વારા વેચવામાં આવતા ઈન્ટરનલ કમ્બશન એન્જિન (ICE) મોડલ અને ઈલેક્ટ્રિક વાહનો (EVs) બંને પર લાગુ પડશે.

કોઈપણ વાહન બનાવવા માટે ઉપયોગમાં લેવાતા કાચા માલ (જેમ કે સ્ટીલ, એલ્યુમિનિયમ, પ્લાસ્ટિક અને રબર) ની કિંમત, મજૂરી અને ફેક્ટરીના અન્ય ખર્ચાઓને ભેગા કરીને જે કુલ ખર્ચ આવે છે, તેને ઈનપુટ કોસ્ટ કહેવાય છે.

જ્યારે આંતરરાષ્ટ્રીય કે સ્થાનિક બજારમાં આ વસ્તુઓ મોંઘી થાય છે, ત્યારે કંપનીઓ તેનો અમુક બોજ ગ્રાહકો પર નાખે છે.

# 25 વર્ષના અમન ₹51.98 હજાર કરોડના માલિક બન્યા

## MIT છોડીને 4 વર્ષમાં AI પ્લેટફોર્મ 'કર્સર' બનાવ્યું, સ્પેસએક્સે ₹5.67 લાખ કરોડમાં ખરીદ્યું

નવી દિલ્હી, તા.18

મસ્કની કંપની સ્પેસએક્સે AI કોડિંગ પ્લેટફોર્મ 'કર્સર'ની પેરન્ટ કંપની એનિસફિયરને 60 અબજ ડોલર એટલે કે લગભગ 5.67 લાખ કરોડ રૂપિયામાં ખરીદવા માટે મર્જર એગ્રીમેન્ટ કર્યો છે.

આ ડીલ પછી કર્સરના 25 વર્ષીય ભારતીય મૂળના કો-ફાઉન્ડર અમન સંગરની અંદાજિત નેટવર્થ વધીને 5.5 અબજ ડોલર એટલે કે લગભગ 51.98 હજાર કરોડ રૂપિયા થઈ ગઈ છે.

ન્યૂયોર્કમાં જન્મેલા અમન સંગરે 14 વર્ષની ઉંમરે કોડિંગ શરૂ કરી દીધું હતું. ત્યારબાદ તેમણે મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (MIT)માંથી કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કર્યો.

2022માં 21 વર્ષની ઉંમરે અમન સંગરે પોતાના ત્રણ ક્લાસમેટ- માઈકલ ટ્રુએલ, સુઆલેહ આસિફ અને અરવિંદ લુન્નેમાર્ક સાથે મળીને કોલેજ છોડી દીધી. આ ચારેયે આ જ વર્ષે 'કર્સર'ની શરૂઆત કરી હતી.

શરૂઆતમાં આ ચારેય ફાઉન્ડર્સે મિકેનિકલ એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રી માટે એક AI કોપાયલટ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બાદમાં તેમણે પોતાનું ફોકસ બદલ્યું અને AI-આસિસ્ટેડ કોડિંગ પ્લેટફોર્મ બનાવવાનું કામ શરૂ કર્યું.

લિંક્ડઈન પર અમન સંગરે પોતાના મિશનને ખૂબ જ સરળ શબ્દોમાં સમજાવ્યું છે- 'સોફ્ટવેર બનાવવામાં આવતી તમામ અડચણોને દૂર કરવી.' એનિસફિયર કંપનીમાં અમન સંગર ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે. જ્યારે તેમના સાથી માઈકલ ટ્રુએલ CEOની ભૂમિકામાં છે અને સુઆલેહ આસિફ પ્રોડક્ટ હેડ તરીકે કામ સંભાળી રહ્યા છે. અમન સંગરે કર્સરની ઝડપી વૃદ્ધિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જ્યાં તેઓ પ્રોડક્ટ સ્ટ્રેટેજી, ડિસ્ટ્રિબ્યુશન અને કોમ્યુનિટી બિલ્ડિંગનું કામ સંભાળે છે. કર્સર એક AI આધારિત કોડિંગ ટૂલ છે. તેને એવી રીતે બનાવવામાં આવ્યું છે, જેથી સોફ્ટવેર ડેવલપર્સ ખૂબ જ સરળતાથી અને ઝડપથી પોતાનો કોડ લખી શકે, તેમાં સુધારો કરી શકે અને તેને સમજી શકે. જૂના કોડિંગ ટૂલ્સની જેમ તે ફક્ત આગળનો શબ્દ સૂચવવાનું (ઓટો-કમ્પ્લીટ) કામ કરતું નથી, પરંતુ એક સમજદાર ભાગીદારની જેમ મદદ કરે છે. તે તમારા આખા પ્રોજેક્ટના કોડને એકસાથે સમજી શકે છે અને મોટી કોડિંગ સમસ્યાઓને પળવારમાં હલ કરી દે છે. તેની આ જ વિશેષતાને કારણે તે ડેવલપર્સ અને મોટી કંપનીઓ વચ્ચે ખૂબ પસંદ કરવામાં આવી રહ્યું છે અને AIની દુનિયામાં ઝડપથી ઉભરી રહ્યું છે.



કર્સર પ્લેટફોર્મે નવેમ્બર 2025માં 1 અબજ ડોલર એટલે કે લગભગ 9.45 હજાર કરોડ રૂપિયાના વાર્ષિક રેવન્યુનો આંકડો પાર કર્યો હતો. આ પછી પણ કંપનીની વૃદ્ધિ અટકી નહીં અને ફોર્બ્સ અનુસાર, આ મહિનાની શરૂઆત સુધીમાં કર્સરનું વાર્ષિક રેવન્યુ 4 અબજ ડોલર એટલે કે 37.81 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું. વર્તમાન સમયમાં એનવીડિયા, એડોબી, ઉબર, શોપિફાય અને પેપાલ જેવી લગભગ 50,000 કંપનીઓના લાખો સોફ્ટવેર ડેવલપર્સ કોડ જનરેટ અને એડિટ કરવા માટે કર્સરનો ઉપયોગ કરી રહ્યા છે. સ્પેસએક્સે મંગળવારે ઓલ-સ્ટોક ટ્રાન્ઝેક્શન હેઠળ એનિસ્ફિયરના ટેકઓવર માટે મર્જર એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આ જાહેરાત સ્પેસએક્સના નાસ્ડેક પર રેકોર્ડ-બ્રેકિંગ IPO આવ્યાના બરાબર ચાર દિવસ પછી થઈ છે. સ્પેસએક્સે જણાવ્યું છે કે તેને 2026ના ત્રીજા ક્વાર્ટર સુધીમાં આ મર્જર પ્રક્રિયા પૂર્ણ થવાની અપેક્ષા છે. અમન સંગરે X પર પોસ્ટ કર્યું - 'કેટલાક ખૂબ જ મજબૂત મોડલ્સને તાલીમ આપવા માટે ઉત્સાહિત છું!'

કર્સરની શરૂઆત પહેલા અમન સંગરે બ્રિજવોટર એસોસિએટ્સ અને ગૂગલમાં ઈન્ટર્નશિપ કરી હતી, સાથે જ તેઓ પોતાની AI કન્સલ્ટન્સી પણ ચલાવતા હતા.

તેમના પિતા અરવિંદ સંગર IIT બોમ્બેના પૂર્વ વિદ્યાર્થી અને હેજ ફંડ પ્રોફેશનલ છે, જ્યારે તેમની માતા શિલ્પા સંગર એક ઓર્થોડોન્ટિસ્ટ અને એન્ટરપ્રેન્યોર છે. અમનની આ સફળતા વૈશ્વિક AI ને આકાર આપી રહેલા ભારતીય મૂળના એવા ફાઉન્ડર્સની વધતી લહેરનો એક ભાગ છે, જેઓ IIT કે બેંગલુરુથી નહીં, પરંતુ MIT અને સિલિકોન વેલીમાંથી ઉભરી રહ્યા છે. એનિસફિયર કંપનીમાં અમન સંગર ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે. જ્યારે તેમના સાથી માઈકલ ટ્રુએલ CEOની ભૂમિકામાં છે અને સુઆલેહ આસિફ પ્રોડક્ટ હેડ તરીકે કામ સંભાળી રહ્યા છે. અમન સંગરે કર્સરની ઝડપી વૃદ્ધિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જ્યાં તેઓ પ્રોડક્ટ સ્ટ્રેટેજી, ડિસ્ટ્રિબ્યુશન અને કોમ્યુનિટી બિલ્ડિંગનું કામ સંભાળે છે. કર્સર એક AI આધારિત કોડિંગ ટૂલ છે. તેને એવી રીતે બનાવવામાં આવ્યું છે, જેથી સોફ્ટવેર ડેવલપર્સ ખૂબ જ સરળતાથી અને ઝડપથી પોતાનો કોડ લખી શકે, તેમાં સુધારો કરી શકે અને તેને સમજી શકે.

# સોના અને ચાંદીના ભાવમાં મોટો કડાકો: ઓલ ટાઈમ હાઈથી કિંમતોમાં ભારે ઘટાડો, ખરીદી કરતા પહેલાં અસલી દાગીના પારખવાની ખાસ રીતો

નવી દિલ્હી, તા.18

આજે ૧૮ જૂનના રોજ કિંમતી ધાતુઓના બજારમાંથી ગ્રાહકો અને રોકાણકારો માટે રાહતના સમાચાર આવ્યા છે, કારણ કે સોના અને ચાંદી બંનેના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડાઓ અનુસાર, ઔદ્યોગિક માંગ ઘટવાને કારણે ચાંદીના ભાવમાં મોટો કડાકો બોલાઈ ગયો છે. એક કિલો ચાંદીની કિંમતમાં ત્રણ હજાર નવસો ક્યાસી રૂપિયાનો સીધો ઘટાડો થતાં હવે તેનો નવો ભાવ બે લાખ ચુંમાલીસ હજાર રૂપિયા પર આવી ગયો છે. આ ઘટાડા પહેલાં બજારમાં ચાંદી પ્રતિ કિલો બે લાખ અઠતાલીસ હજાર રૂપિયાના સ્તરે વેચાઈ રહી હતી. ચાંદીની જેમ જ શુદ્ધ સોનાના ભાવમાં પણ નોંધપાત્ર નરમાઈ જોવા મળી છે. દસ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ આઠસો સોળ રૂપિયા ઘટીને એક લાખ ઓગણપચાસ હજાર રૂપિયાના સ્તરે આવી પહોંચ્યો છે, જેનાથી લગ્નસરાની ખરીદી કરનારાઓને મોટી રાહત મળશે.

ચાલુ વર્ષ દરમિયાન સોના અને ચાંદીના બજારમાં સતત ભારે ઉતાર-ચઢાવનો માહોલ જોવા મળી રહ્યો છે અને કિંમતોએ અણધાર્યા રેકોર્ડ બનાવ્યા છે. જો પાછલા કેટલાક મહિનાની સ્થિતિ પર નજર કરીએ તો, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સોનાનો ભાવ એક લાખ તેત્રીસ હજાર રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતો, જે ત્યારબાદ ઝડપથી વધીને ૨૯ જાન્યુઆરીના રોજ એક લાખ છોતેર હજાર રૂપિયાની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, તે ઐતિહાસિક સ્તર પર પહોંચ્યા બાદ બજારમાં સતત નરમાઈ રહી છે અને અત્યાર સુધીમાં સોનું તેના ઓલ ટાઈમ હાઈ સ્તરથી સત્તાવીસ હજાર રૂપિયા જેટલું સસ્તું થઈ ચૂક્યું છે.



આવી જ કંઈક સ્થિતિ ચાંદીના ભાવમાં પણ જોવા મળી છે. ગત વર્ષના અંતે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૫ના રોજ ચાંદીનો ભાવ બે લાખ ત્રીસ હજાર રૂપિયા પ્રતિ કિલો હતો, જે ગણતરીના દિવસોમાં એટલે કે ૨૯ જાન્યુઆરીના રોજ ઉછળીને ત્રણ લાખ છ્યાસી હજાર રૂપિયાના ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયો હતો. આ સર્વોચ્ચ સપાટીથી અત્યાર સુધીના માત્ર એકસો ચાલીસ દિવસના ટૂંકા ગાળામાં જ ચાંદીના ભાવમાં એક લાખ બેતાલીસ હજાર રૂપિયાનો મસમોટો ઘટાડો નોંધાયો છે, જે બજારમાં આવેલી મોટી વોલેટિલિટી દર્શાવે છે.

ભાવમાં આવેલા આ ઘટાડા વચ્ચે જો તમે પણ જ્વેલર્સ પાસે સોનાના દાગીના ખરીદવા જઈ રહ્યા હોવ, તો કેટલીક અત્યંત મહત્વની બાબતોનું વિશેષ ધ્યાન રાખવું જરૂરી બને છે જેથી છેતરપિંડીથી બચી શકાય. સૌપ્રથમ તો હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ. સોના પર લગાવેલો આ હોલમાર્ક નંબર આલ્ફાન્યૂમેરિક હોય છે, જે અંગ્રેજી અક્ષરો અને અંકોના મિશ્રણથી બનેલો હોય છે, જેમ કે ઉદાહરણ તરીકે તે 'AZ4524' જેવો હોઈ શકે છે. આ વિશિષ્ટ હોલમાર્કિંગ કોડની મદદથી જ ગ્રાહકને સચોટ માહિતી મળે છે કે સોનું કેટલા કેરેટનું છે અને તેની શુદ્ધતા કેટલી છે. આ ઉપરાંત ખરીદી કરતી વખતે કિંમતની ક્રોસ ચેક કરવી પણ એટલી જ જરૂરી છે. સોનાનું સાચું વજન કરાવ્યા બાદ, તમે જે દિવસે ખરીદી કરી રહ્યા હોવ તે દિવસના સત્તાવાર ભાવોની સરખામણી ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્ત્રોતો સાથે ચોક્કસ કરવી જોઈએ, કારણ કે સોનાના ભાવ ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટની શુદ્ધતા મુજબ એકબીજાથી તદ્દન અલગ હોય છે.

સોનાની જેમ જ બજારમાં નકલી ચાંદીના દાગીના કે સિક્કા પધરાવી દેવાના કિસ્સા પણ બનતા હોય છે, જેને ઘેરબેઠા જ કેટલીક સરળ રીતોથી ખૂબ જ આસાનીથી ઓળખી શકાય છે. અસલી ચાંદીની પરખ કરવાની સૌથી પહેલી રીત મેગ્નેટ ટેસ્ટ એટલે કે ચુંબકનો પ્રયોગ છે, કારણ કે અસલી ચાંદી ક્યારેય ચુંબક તરફ આકર્ષાતી નથી કે તેની સાથે ચોંટતી નથી અને જો તમારી ચાંદી ચુંબક સાથે ચોંટી જાય તો સમજી લેવું કે તેમાં મોટી ભેળસેળ છે અથવા તે નકલી છે.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**સિગ્નલિંગ સાધનોની સપ્લાય, સ્થાપના, પરીક્ષણ, અને કમિશનિંગ**

ભારતના રાષ્ટ્રપતિના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (સિગ્નલ અને ટેલિકોમ), પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે દર્શાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં.:** DRMSnT-BVP-Sig11of26-27 **કામનું નામ:** ભાવનગર મંડળ: ભીમનાથ ખાતે વધારાની લૂપ લાઇનની જોગવાઈ સાથે સંબંધિત સિગ્નલિંગ સાધનોની સપ્લાય, સ્થાપના, પરીક્ષણ, કમિશનિંગ તથા મેધા નિર્મિત ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમમાં જરૂરી ફેરફારોનું કામ. **અંદાજિત કિંમત:** ₹25757797.79/- (રૂપિયા બે કરોડ સત્તાવન લાખ સત્તાવન હજાર સાતસો સત્તાણું અને ઓગણએંસી પૈસા માત્ર) બોલીદાતાઓએ માત્ર ઑનલાઈન અરજી **www.ireps.gov.in** પર ઉપલબ્ધ લિંક મારફતે કરવી રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને **www.ireps.gov.in** વેબસાઈટની મુલાકાત લો. ઑનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: 09/07/2026 ના રોજ 15:00 વાગ્યા સુધી.
**BVP 062**
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**ઈલેક્ટ્રિકલ કાર્ય**

**ઈ-ટેન્ડર સૂચના નં.: Sr. DEE/ADI/13(26-27) તા. 17.06.2026 ટેન્ડર નં.: EL-ADI-G-T-14-2026-27 કામનું નામ:** અમદાવાદ મંડળ – ઈલેક્ટ્રિકલ જનરલ સર્વિસિસ હેઠળ સર્વિસ બિલ્ડિંગ અને સ્ટેશન બિલ્ડિંગમાં રી-વાયરિંગ દ્વારા સલામતીમાં વધારો, RCCB ની જોગવાઈ, જૂના એર કન્ડિશનર ઈન્સ્ટોલેશનને બદલવું તેમજ ઈલેક્ટ્રિકલ એસેટ્સનું અપગ્રેડેશન/સુરક્ષા સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્ય. **અંદાજિત કિંમત:** ₹ 3,97,64,927.31 **અર્નેસ્ટ મની:** ₹ 7,95,300/- **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 14.07.2026 ના રોજ 15:00 કલાક સુધી **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 14.07.2026 ના રોજ 15:30 કલાકે **કાર્યાલયનું સરનામું:** વરિ. મંડળ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પશ્ચિમ રેલવે), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ – 382345 **વેબસાઈટ:** www.ireps.gov.in
**ADI 070**
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# રાજ્યમાં શરૂઆતના બે મહિના વરસાદમાં મોટી ઘટ પડી શકે

## 24થી 36 કલાકમાં ચોમાસું ફરી ગતિ પકડી શકે, ઓગસ્ટ, સપ્ટે. અને ઓક્ટોબરમાં કેવા રાઉન્ડ આવશે?

**અમદાવાદ, તા.18**

ગુજરાતમાં સત્તાવાર ચોમાસું બેસવાની 15 જૂન વિતી ચૂકી છે. ખેડૂતો વાવણીની તૈયારી કરીને બેઠા છે પણ વાવણી લાયક વરસાદની રાહ છે. ત્યારે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ આ વર્ષના ચોમાસાને લઈ મહત્વની આગાહી કરી છે. તેમના મતે આ વર્ષે સામાન્ય કરતા ઓછો વરસાદ પડશે અને ચોમાસું પણ મોડું બેસશે. પરંતુ, સાથે કહ્યું છે કે, લોકો અને ખેડૂતોએ ચિંતા કરવાની જરુર નથી. જૂન-જુલાઈમાં રાજ્ય દર વર્ષની માફક ઓછો વરસાદ થશે. પરંતુ, 15 ઓગસ્ટ બાદ વરસાદનો જે રાઉન્ડ આવશે તે આખા વર્ષનું ચિત્ર બદલી નાખશે. પરેશ ગોસ્વામીએ અલનીનોની ભારત અને ગુજરાત પર થનારી અસરને લઈ પણ મહત્વની વાત કરી હતી. ગુજરાતમાં સામાન્ય રીતે 15 જૂન આસપાસ ચોમાસાની વિધિવત શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ, આ વર્ષે મહારાષ્ટ્રના દક્ષિણ ભાગોથી ચોમાસું આગળ વધ્યું ન હોય હજી ગુજરાતમાં પ્રવેશ થયો નથી. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, દક્ષિણ મહારાષ્ટ્ર સુધી પહોંચેલું નૈઋત્ય ચોમાસું હાલમાં



નિષ્ક્રિય બન્યું છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં કોઈ મજબૂત હવામાન પ્રણાલી સક્રિય ન હોવા અને પવનની વધુ ઝડપને કારણે ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા અટકી ગઈ છે. તેમણે જણાવ્યું કે આગામી 24થી 36 કલાકમાં ચોમાસું ફરી ગતિ પકડી શકે છે અને ધીમે ધીમે ગુજરાત તરફ આગળ વધશે.

આ દરમિયાન રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે. સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારો તેમજ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદ નોંધાયા છે. જોકે આ વરસાદ ખેતી માટે વાવણીલાયક નહીં હોય અને તેની તીવ્રતા સામાન્ય રહેવાની શક્યતા છે. પરેશ ગોસ્વામીએ ગુજરાત માટે વરસાદના ત્રણ રાઉન્ડની આગાહી કરી છે. પ્રથમ હળવો રાઉન્ડ હાલમાં ચાલી રહ્યો છે. બીજો રાઉન્ડ 22થી 25 જૂન દરમિયાન સક્રિય બનશે, જે દરમિયાન રાજ્યમાં વિધિવત ચોમાસાની શરૂઆત થવાની સંભાવના છે. ત્યારબાદ 28 જૂનથી 3 જુલાઈ સુધીનો ત્રીજો રાઉન્ડ ખૂબ જ મજબૂત સાબિત થઈ શકે છે.

પરેશ ગોસ્વામીના અનુમાન મુજબ આ વર્ષે ગુજરાતમાં ચોમાસું નબળું નહીં રહે, પરંતુ છેલ્લા ત્રણ ચાર વર્ષની સરખામણીએ વરસાદમાં 15થી 20 ટકા જેટલો ઘટાડો થઈ શકે છે. રાજ્યમાં સરેરાશ 90થી 93 ટકા જેટલો વરસાદ નોંધાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અલનીનો અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે હાલમાં અલનીનોનો પ્રભાવ ભારતના ચોમાસા પર ગંભીર રીતે જોવા મળતો નથી, પરંતુ આગામી મહિનાઓમાં તે મજબૂત બનવાની સંભાવના છે. વૈશ્વિક સ્તરે 'સુપર અલનીનો'ની ચર્ચા ચાલી રહી છે, જે હવામાન પર વ્યાપક અસર કરી શકે છે. જોકે ગુજરાત માટે ચિંતા કરવાની જરૂર નથી. તેનું મુખ્ય કારણ ઈન્ડિયન ઓશન ડાયપોલ એટલે કે IOD છે. IOD પોઝિટિવ ફેઝમાં રહેવાની સંભાવનાને કારણે અરબી સમુદ્ર સક્રિય રહેશે અને વારંવાર હવામાન પ્રણાલીઓ સર્જાતી રહેશે, જે ગુજરાતને વરસાદનો લાભ અપાવશે. ગુજરાત, મહારાષ્ટ્ર, કોંકણ-ગોવા, કર્ણાટક અને કેરળ જેવા અરબી સમુદ્ર કિનારાના રાજ્યોને IODનો સીધો લાભ મળશે, જેના કારણે અલનીનોની નકારાત્મક અસર અહીં ઓછી રહેશે. તેમણે વધુમાં જણાવ્યું કે વરસાદમાં ઘટાડાની અસર મુખ્યત્વે 15 જૂનથી 15 ઓગસ્ટ દરમિયાન જોવા મળશે. જૂન અને જુલાઈમાં સામાન્ય વર્ષોની સરખામણીએ ઓછો વરસાદ પડી શકે છે. પરંતુ 15 ઓગસ્ટ બાદ વરસાદની ગતિવિધિમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. ઓગસ્ટના અંતિમ દિવસો, સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં સારા વરસાદી રાઉન્ડ આવવાની શક્યતા છે, જે સમગ્ર ચોમાસાની સ્થિતિને સંતુલિત કરી શકે છે.

# સરસપુર શારદાબેન હોસ્પિટલમાં ડિલિવરી માટે આવેલી મહિલાનું મોત

## ■ તબીબી બેદરકારીથી મોતનો આક્ષેપ, પરિવારજનોએ કહ્યું- ડોક્ટર ફોન પર સ્ટાફને નિર્દેશ આપતા હતા, PM કરાવવા માગ

**અમદાવાદ, તા.18**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સરસપુર શારદાબેન હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાનું ડોક્ટરોની બેદરકારીથી મૃત્યુ થયા હોવા મામલે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. બાપુનગર વિસ્તારમાં રહેતી મહિલાને ગઈકાલે ડિલિવરી માટે હોસ્પિટલમાં લાવ્યા હતા જ્યાં સારવાર ચાલી હતી ત્યારબાદ વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારજનોને જાણ થઈ હતી. પરિવારજનો દ્વારા હાલમાં પોલીસ ફરિયાદ નોંધાવવા માટેની કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ શહેરના બાપુનગર વિસ્તારમાં સંજયનગરના છાપરામાં પ્રિયાબેન પટણી નામની મહિલા તેના પરિવાર સાથે રહેતી હતી. પ્રિયાબેન ગર્ભવતી હતા અને તેમની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી . જોકે ગઈકાલે બપોરે પ્રસુતિની પીડા ઉપડી હતી અને મધ્યમ વર્ગના



પરિવાર હોવાથી સારવાર માટે તેઓ સરસપુર શારદાબેન હોસ્પિટલમાં દાખલ થયા હતા.

પ્રિયાબેનના પરિવારજનોના જણાવ્યા મુજબ ગઈકાલે બપોરના રોજ તેઓ હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેમની સારવાર શરૂ થઈ હતી અને અચાનક જ મોડી રાત્રે તબિયત ખરાબ થઈ ગઈ હતી. વહેલી સવારે તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ડોક્ટરોને આ બાબતે પૂછતા તેમણે જણાવ્યું હતું કે અચાનક જ તેમના ધબકારા વધી ગયા હતા અને બેભાન થઈ જવાના કારણે તેમનું મૃત્યુ થયું છે.

પરિવારજનોના જણાવ્યા મુજબ હોસ્પિટલ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી ડિલિવરી અને ડોક્ટર દ્વારા ફોન પર આપવામાં આવેલા નિર્દેશોના કારણે કથિત તબીબી બેદરકારીથી 35 વર્ષીય મહિલાનું મૃત્યુ થયું છે. આ મામલે પોલીસને જાણ કરવામાં આવી છે મહિલાનું પોસ્ટમોર્ટમ કરાવવા માટેની માગ કરવામાં આવી છે જેથી પોસ્ટમોર્ટમ કરાવવામાં આવશે.

# સાબરમતી નદી ખાલી કરાતા હજારો માછલીઓના મોત: સુભાષબ્રિજ પાસે દુર્ગંધથી સ્થાનિકો પરેશાન

**અમદાવાદ, તા.18**

અમદાવાદની શાન ગણાતી સાબરમતી નદી હાલમાં એક ગંભીર પર્યાવરણીય અને આરોગ્યલક્ષી કટોકટીનો સામનો કરી રહી છે. વાસણા બેરેજના દરવાજા બદલવાની અને જૂના સુભાષ બ્રિજને તોડવાની ચાલી રહેલી કામગીરીના કારણે નદીના પાણીને ખાલી કરવામાં આવ્યું છે. પરંતુ આ પ્રક્રિયા દરમિયાન યોગ્ય આયોજનના અભાવે સુભાષબ્રિજ અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ નજીક હજારો માછલીઓના સામૂહિક મોત નિપજ્યા છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે હોબાળો મચી ગયો છે. નદી સુકાઈ જતાં પાણીના નાના-નાના ખાબોચિયામાં ઓક્સિજનની અછતને કારણે માછલીઓ ટપોટપ મરી રહી છે. નદીના પટમાં મૃત માછલીઓના ઢગલાનો એક



વીડિયો સોશિયલ મીડિયા પર સ્થાનિક નાગરિક દ્વારા વાયરલ કરવામાં આવ્યો છે. વીડિયો બનાવનાર વ્યક્તિએ આક્ષેપ કર્યો છે કે, 'રિવરફ્રન્ટ પર આટલી મોટી સંખ્યામાં માછલીઓ મરી ગઈ હોવા છતાં મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)કે રિવરફ્રન્ટ પ્રોજેક્ટના સત્તાધીશો દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવ્યું નથી. જો તાત્કાલિક આ માછલીઓનો નિકાલ નહીં કરાય તો શહેરમાં મોટી રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી સંભાવના છે.' નદીમાં સતત સડી રહેલી માછલીઓના કારણે ડફનાળા રિવરફ્રન્ટથી લઈને સુભાષબ્રિજ તરફ જતા સમગ્ર માર્ગ પર અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે. રિવરફ્રન્ટ પર મોર્નિંગ વોક માટે આવતા લોકો અને આસપાસના રહીશોનું જીવવું મુશ્કેલ બન્યું છે. તંત્રની આ ઢીલી નીતિ અને ઉદાસીનતા સામે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ અને રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો દ્વારા એક ચોંકાવનારો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે કે, નદીમાં બિનવારસી પડેલી આ મરેલી માછલીઓને કેટલાક અસામાજિક તત્વો દ્વારા એકત્ર કરવામાં આવી રહી છે અને તેને સ્થાનિક બજારોમાં સસ્તા ભાવે વેચવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જો આ દૂષિત અને સડેલી માછલીઓ લોકોના ખોરાકમાં જશે, તો નાગરિકોના આરોગ્ય સામે ગંભીર સવાલો ઊભા થઈ શકે છે.

# NEETની પરીક્ષાના 3 દિવસ પહેલા વિદ્યાર્થીનો આપઘાત

## અમદાવાદમાં ફ્લેટના છઠ્ઠા માળેથી બેડરૂમની બાલ્કનીમાંથી નેટ તોડી છલાંગ લગાવી, નીચે પડતાં જ મોત, પરીક્ષાની તૈયારી કરતો હતો

**અમદાવાદ, તા.18**

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં ગઈકાલે(17 જૂન) મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ 17 વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. કહાન પટેલે એરિસ્ટો આનંદમ ફ્લેટના B બ્લોકમાં છઠ્ઠા માળેથી બેડરૂમની બાલ્કનીની જાળી કાપી મોતની છલાંગ લગાવી હતી. વિદ્યાર્થી નીચે પડતા સિક્યુરિટી ગાર્ડને જાણ થઈ અને તેને અન્ય લોકોને જાણ કરી હતી. બનાવમાં વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત થયું છે. હાલ મૃતદેહને પીએમ માટે સિવિલ મોકલવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં મૃતક વિદ્યાર્થી NEETની પરીક્ષાની તૈયારી કરતો હોવાનું સામે આવ્યું છે. મૃતકે NEETના વિકલ્પ તરીકે ફાર્મસીનું ફોર્મ પણ ભર્યું હતું. કયા કારણથી આત્મહત્યા કરી તે હજુ સુધી સામે આવ્યું નથી. બનાવની જાણ થતા સાબરમતી પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

14 માળના ફ્લેટ છે જેના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. વિદ્યાર્થી નીચે પડ્યો ત્યારે તેનો શ્વાસ ચાલતો હતો, પરંતુ એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી મોત થઈ ચૂક્યું હતું. મૃતદેહ પાસેથી વિદ્યાર્થીના ચશ્મા મળી આવ્યા હતા જે હજુ પણ ત્યાં જ છે. ફ્લેટમાં માતા અને બે બાળકો જ રહેતા હતા. મૃતકના પિતા સુરતમાં રહે છે.

ACP ડી.વી.રાણાએ જણાવ્યું કે મૃતક બાળક તેની માતા અને 13 વર્ષના ભાઈ સાથે ફ્લેટમાં રહેતો હતો. બાળકના માતા-પિતા 3 વર્ષથી અલગ રહે છે. બાળકના પિતા સુરતમાં ક્રિમીનલ વકીલ છે. બાળક ભૂયંગદેવ નેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. વર્ષ 2025માં



ધોરણ 12ની પરીક્ષામાં 85 ટકા આવ્યા હતા. આ વર્ષે NEETની પરીક્ષા આપી તેમાં સારું પરિણામ આવ્યું હતું. જોકે ફરીથી NEETની પરીક્ષા આપવા પણ મહેનત કરતો હતો. બાળક ખાનગી કોચિંગ ક્લાસમાં જતો હતો, જ્યાં સોશિયલ મીડિયાથી દૂર રહેવા મોબાઈલ ત્યાં જ રાખવામાં આવતો હતો. હાલ એક લેપટોપ મળી આવ્યું છે જે કબજે કરવામાં આવ્યું છે.

તમિલનાડુના કોઈમ્બતૂરમાં NEETની તૈયારી કરી રહેલી 19 વર્ષીય અનુકીર્તનાએ બુધવારે(17 જૂન) આત્મહત્યા કરી લીધી. આત્મહત્યા કરતા પહેલા તેણે પોતાના સંબંધીને વોટ્સએપ પર લખ્યું કે મને ફરીથી પરીક્ષા આપતા ડર લાગી રહ્યો છે. મારા પિતાએ મારા પર ઘણા પૈસા ખર્ચ કર્યા છે. હું તેમનો સામનો કેવી રીતે કરી શકીશ.

તેણે વધુમાં લખ્યું કે હું મેડિકલ કોલેજમાં પ્રવેશની રાહ જોઈ રહી હતી, પરંતુ પરીક્ષા રદ થઈ ગઈ. અનુકીર્તના કોવઈપુદુરના પાર્ક ટાઉનની રહેવાસી હતી. તેના પિતા ટ્રેડ યુનિયનના જિલ્લા સચિવ છે. પરિવારમાં તેમની બે દીકરીઓ છે અને અનુકીર્તના મોટી દીકરી હતી.

પરિવારજનોએ પોસ્ટમોર્ટમ બાદ અનુકીર્તનાનો મૃતદેહ લેવાનો ઈનકાર કર્યો અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી. બાદમાં અધિકારીઓ સાથે વાતચીત કર્યા પછી બુધવારે રાત્રે તેમણે મૃતદેહ સ્વીકારી લીધો હતો. છેલ્લા બે દિવસમાં NEETના વિદ્યાર્થીની આત્મહત્યા કરવાનો આ ત્રીજો કિસ્સો છે. આ પહેલા 16 જૂને દેહરાદૂન ખાતે રિયા થાપા નામની 23 વર્ષીય વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી હતી. 12 મેના રોજ NEET પરીક્ષા યોજાઈ ત્યારથી, દેશભરમાં અત્યાર સુધીમાં અંદાજે 14 વિદ્યાર્થીઓએ જીવ આપ્યા છે.

# AMCમાં કરોડોનું સ્ટોર્મ વોટર લાઇન કૌભાંડ: કૌભાંડી અધિકારીઓ પાસેથી ₹1.60 કરોડની રિકવરી

**અમદાવાદ, તા.18**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં વિકાસના કામોના નામે આચરવામાં આવેલા વધુ એક મોટા ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. શહેરમાં સ્ટોર્મ વોટર લાઇન (વરસાદી પાણીની લાઇન) નાખવાના પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ મામલે આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શાસક પક્ષ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે અને ભ્રષ્ટાચારી તત્વો સામે કાયદાકીય સિકંજો કસવાની સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે,પૂર્વ ઝોનમાં સ્ટોર્મ વોટરલાઈન નાખવાનું કૌભાંડ સામે આવતાં સમગ્ર મામલે ચારેય અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રૂ. 3.76 કરોડના કૌભાંડમાં રૂ.1.60 કરોડ રિકવરી કરવામાં આવી છે અને આજે અધિકારીઓની આવક કરતાં વધુ સંપત્તિ હોય તે મામલે તપાસ કરવા અને કૌભાંડ મામલે પોલીસ ફરિયાદ નોંધવા જણાવવામાં આવ્યું છે.

આજે યોજાયેલી AMC



સ્ટેન્ડિંગ કમિટીની મહત્વની બેઠકમાં ભાજપના ચેરમેન કમલેશ પટેલે આ કૌભાંડ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે વહીવટી તંત્રને આદેશ આપ્યો છે કે, સ્ટોર્મ વોટર લાઇન કૌભાંડમાં સંડોવાયેલા તમામ કૌભાંડી અધિકારીઓ સામે તાત્કાલિક ધોરણે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે. આ ઉપરાંત, ભ્રષ્ટ અધિકારીઓની 'આવક કરતાં વધુ સંપત્તિ' અંગે પણ ઝીણવટભરી તપાસ કરવાના આદેશો આપવામાં આવ્યા છે. કમિટી દ્વારા સમગ્ર તપાસ પ્રક્રિયા પૂર્ણ કરી આગામી ત્રણ મહિનામાં આ અંગેનો વિગતવાર રિપોર્ટ સબમિટ કરવા માટે જણાવવામાં આવ્યું છે.

આ કૌભાંડની ગંભીરતાને જોતાં પ્રાથમિક તપાસના આધારે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં દોષિત અધિકારીઓ પાસેથી રૂપિયા 1.60 કરોડ જેટલી મોટી રકમની રિકવરી કરી લેવામાં આવી છે. જોકે, માત્ર રિકવરીથી સંતોષ ન માનીને સત્તાધારી પક્ષે હવે કૌભાંડીઓને જેલના સળિયા પાછળ ધકેલવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેથી ભવિષ્યમાં કોઈ અધિકારી આવું સાહસ ન કરે. આ મામલે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, સ્ટેન્ડિંગ કમિટીની સૂચના મુજબ કૌભાંડી અધિકારીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા અંગેની કાયદાકીય કાર્યવાહી હાલ ચાલુ છે અને ગુનેગારો સામે કડક પગલાં લેવામાં આવશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




